ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષઃ ૮ જુલાઈ, ૨૦૧૪ અંકઃ ૨

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. સૌરાષ્ટ્રમાં સામાજિક સંવાદિતા-પરંપરા અને પ્રશ્નાર્થ | અચ્યુત યાજ્ઞિક | ૧ |
| ૨. સાંપ્રદાયિક સાહિત્ય અને સામાજિક પરિવર્તન : શિક્ષાપત્રીના ખાસ સંદર્ભમાં | ડૉ. ફાલ્ગુની પરીખ | ૮ |
| ૩. વૃદ્ધત્વના ઉદ્‌ભવની રૂપરેખા | ડૉ. ભાનુ એન. કાપડિયા | ૨૧ |
| ૪. Emerging Social and Cultural Issue of Development in Gujarat and India | N. Rajaram | ૨૬ |
| ૫. લગ્ન માટે વરકન્યાની ઉંમરની લાયકાત તથા અયોગ્ય લગ્નથી થતી હાનિ | અનુવાદક : ડૉ. વસંતરાય લક્ષ્મીશંકર ઓઝા | ૩૪ |
| ૬. પુસ્તક-પરિચય : સમકાલીન ગુજરાતી સમાજ | પુનિતા અરુણ હર્ણે | ૩૭ |


ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર

સમાજકારણ (અર્ધવાર્ષિક)
સંપાદનઃ
**નલિની કિશોર ત્રિવેદી**
**હેમન્તકુમાર શાહ**

પરામર્શનઃ
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**યોગેન્દ્ર માંકડ**
**પ્રશાંત દવે**
**અરુણ વાઘેલા**

**લેખ મોકલવા માટેનું સરનામું:**
**(૧) વિદ્યુત જોષી**, પ્રમુખ, સામાજિક સેવા મંડળ
૪૪, સાકેત-૩, નંદીશ્વર મહાદેવ સામે,
બકેરી સિટી, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૮૨૫૦૬૪૭૪૮

વાર્ષિક લવાજમઃ **રૂ. ૧૦૦-૦૦**
**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમરોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯

**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.
(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.
(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ કોટિના ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.
(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખક-પરિચય

૧. **અચ્યુતભાઈ યાજ્ઞિક** : માનદમંત્રી, 'સેતુ' સંસ્થા, સેન્ટર ફોર સોશ્યલ નોલેજ એન્ડ એક્શન, અમદાવાદ
૨. **ડૉ. ફાલ્ગુની પરીખ** : અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ
૩. **ડૉ. ભાનુબહેન કાપડિયા** : આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.
૪. **N. Rajaram :** Professor & Dean, School of Social Sciences, Central University, Gujarat
૫. **ડૉ. વસંતરાય લક્ષ્મીશંકર ઓઝા** : હોમીયોપેથ ડૉક્ટર, લે. વૈદ્યકલ્પતરુ, જુલાઈ-૧૯૩૦
૬. **પુનિતા અરુણ હર્ણે** : એસો. પ્રોફેસર, પત્રકારિત્વ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ

### લેખકોને...

- સામાજિક સેવામંડળના ઉદ્દેશને અનુરૂપ જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા અભ્યાસો-સંશોધન લેખો આવકાર્ય છે.
- લખાણ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.
- લેખકે પોતાના લેખની એક નકલ પોતાની પાસે જરૂર રાખવી.
- લેખ ઝેરોક્ષ, ટાઈપ કે સુવાચ્ય અક્ષરે લખીને મોકલી શકાશે. શક્ય હોય ત્યાં સુધી પાનાની એક બાજુ લખાણ હોય એ આવકારદાયક છે.
- સંશોધન-લેખમાં સૂચિત દરેક માહિતી માટે લેખકની જવાબદારી છે. લેખને અંતે લેખકનું પીનકોડ સાથેનું સરનામું અચૂક લખવું.

મુદ્રકઃ **અર્થ કોમ્પ્યુટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# સૌરાષ્ટ્રમાં સામાજિક સંવાદિતા-પરંપરા અને પ્રશ્નાર્થ *

- અચ્યુત યાજ્ઞિક

આજે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદે પ્રા. તારાબહેન પટેલ સ્મૃતિ-વ્યાખ્યાન માટે નિમંત્રણ આપી મને ઉપકૃત કર્યો છે એ માટે પરિષદના સૌ કાર્યવાહકોનો હૃદયપૂર્વક આભાર. આ વ્યાખ્યાન માટે સૌરાષ્ટ્રની સામાજિક તરેહ અને તાસીરનું પુનઃ નિરીક્ષણ કરવાનું તેમજ ઊંડાણથી સમજવાનું મને સૌભાગ્ય સાંપડ્યું એ વીસરી શકાય તેમ નથી.

આરંભમાં જ એ કહેવું ઘટે કે હું નથી સમાજશાસ્ત્રી કે નથી કોઈ શાસ્ત્રનો જ્ઞાતા. પરંતુ છેલ્લાં પચીસેક વર્ષોમાં સૌરાષ્ટ્રમાં અમારી સંસ્થા 'સેતુ' દ્વારા જે સામાજિક પ્રવૃત્તિઓ આદરી તેને પરિણામે જે જોયું, જાણ્યું, અનુભવ્યું અને ક્યારેક ક્યારેક પારખ્યું તેની પાર્શ્વભૂમિ ઉપર કટેલાંક નિરીક્ષણો આપ સૌની સમક્ષ પ્રસ્તુત કરી રહ્યો છું. સામાન્ય સંજોગોમાં આ બધાં નિરીક્ષણો પ્રસ્તુત કરવાની હામ મેં ના ભીડી હોત. પરંતુ સદ્‌ગત પ્રા. તારાબહેન પ્રત્યેના આદરને કારણે આ વ્યાખ્યાન આપવા પ્રેરિત થયો છું. આપની પરિષદનું આ સત્ર રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયના યજમાનપદે સંપન્ન થઈ રહ્યું છે એટલે મેં વિષય પણ સૌરાષ્ટ્રને કેન્દ્રમાં રાખીને યોજ્યો છે.

આશરે ત્રીસેક વર્ષ પૂર્વે સૌ પ્રથમ સદ્‌ગત તારાબહેનને ઘેર જવાનું અણધાર્યું બન્યું હતું. મુરબ્બી આઈ. પી. દેસાઈ સાહેબ ત્યારે અમદાવાદમાં આવ્યા હતા અને તેમનો ઉતારો હતો તારાબહેનને ઘરે. દેસાઈ સાહેબે બોલાવ્યો હતો એટલે ત્યાં પહોંચ્યો અને અલપઝલપ વાતો થઈ. એ વખતે દેસાઈ સાહેબે પૂછ્યું કે તને તેર તાંસળીની ખબર છે ? જરા શોધી કાઢ કે આ તેર જ્ઞાતિઓ કઈ કઈ છે. આ એ સમય હતો જ્યારે સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિઓ અંગે રાણે કમિશનની રચના થઈ હતી. મેં થોડી મથામણ કરીને ભગવદ્‌ગોમંડળમાં જે જ્ઞાતિઓની યાદી તેર તાંસળીના સંદર્ભે આપી છે તેની જાણ તેઓને કરી. આ પ્રશ્નોત્તરની પ્રક્રિયાએ પહેલીવાર મને સૌરાષ્ટ્રના સામાજિક વ્યવહાર અંગે, સામાજિક સંબંધો અંગે વિચારતો કરી દીધો.

ભગવદ્‌ગોમંડળની યાદી 'કણબી'થી શરૂ થાય છે અને પછી કારીગર તથા માલધારી સમુદાયોની ગણના 'તેર તાંસળી'માં કરેલી છે. કેટલાક સમાજશાસ્ત્રીઓના મત અનુસાર આવી યાદીમાં 'કણબી' નહિ પરંતુ રાજપૂત કે દરબારથી આરંભ થાય છે તથા તેમાં કારીગર જ્ઞાતિઓ નહિ પરંતુ રજપૂત સમાજ સાથે સંકળાયેલી લડાયક ગણાતી જ્ઞાતિઓનો જ સમાવેશ થાય કે થતો હતો. તાજેતરમાં મેં ફરી આ સવાલ સૌરાષ્ટ્રના મારાં પરિચિતોને કર્યો ત્યારે પણ વિરોધાભાસી કે અસ્પષ્ટ ઉત્તરો જ સાંપડ્યા. મારી દૃષ્ટિએ 'તેર તાંસળી' અંગે વધુ સંશોધન જરૂરી બની રહે છે પરંતુ અત્રે હું જેની ઉપર ભાર મૂકવા ધારું છું તે છે વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના આંતરસંબંધો. સૌરાષ્ટ્રમાં ધરાતલ પર 'તેર તાંસળી'ની જ્ઞાતિઓ વચ્ચે એક ભાણે જમવાની જે પરંપરા ખડી થઈ તે તત્ત્વતઃ સામાજિક સંવાદિતાનું એક સીમિત ગણો તો સીમિત પણ મહત્ત્વનું પાસું છે. આ પ્રકારની પરંપરા અસલ ગુજરાતીમાં નથી તે ઘણું સૂચક ગણાય.

ધાર્મિક દૃષ્ટિએ જોઈએ તો સૌરાષ્ટ્રની 'તેર તાંસળી'ની પરંપરામાં જે કોઈ જ્ઞાતિઓને સમાવિષ્ટ ગણીએ તે બધી 'હિંદુ સમાજ'ની ગણાય. બીજા શબ્દોમાં કહીએ તો એક ભાણે જમનારી તેરે તેર જ્ઞાતિઓ સહિયારા ધર્મને અનુસરનારી છે. પરંતુ જો અન્ય ધર્મના અનુયાયી સાથેના આંતરસંબંધોને લક્ષમાં લઈએ તો સૌરાષ્ટ્રમાં કેવી તાસીર નજરે પડે ? જો હિંદુ તથા મુસલમાન સમુદાયની જ્ઞાતિઓ કે જમાતો વચ્ચેના સામાજિક સંબંધોની સમીક્ષા કરીએ તો કેવી લાક્ષણિકતા

*ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના ૨૧મા અધિવેશનમાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે આપેલું પ્રા. ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિ-વ્યાખ્યાન. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪

**'તેર તાંસળીમાં સમાવિષ્ટ જ્ઞાતિઓ'**

| (ક) ભગવદ્‌ગોમંડળ અનુસાર | (ખ) સમાજશાસ્ત્રી અનુસાર |
|---|---|
| (૧) કણબી | (૧) દરબાર-ગરાસિયા |
| (૨) કોળી | (૨) કાઠી |
| (૩) કાઠી | (૩) આહીર |
| (૪) સગર | (૪) મેર |
| (૫) રબારી | (૫) રજપૂત |
| (૬) ભરવાડ | (૬) મહિયા |
| (૭) આહીર | (૭) હારી |
| (૮) વાળંદ | (૮) કોળી (ઘેડિયા કોળી) |
| (૯) સુથાર | (૯) ખવાસ |
| (૧૦) લુહાર | (૧૦) બારોટ ('વહિવંચા સોરઠીયા' બારોટ) |
| (૧૧) દરજી | (૧૧) ચારણ |
| (૧૨) ચારણ | (૧૨) રબારી |
| (૧૩) બારોટ | (૧૩) ભરવાડ |

કે વિશિષ્ટતા તરી આવે ? આ પ્રશ્નોનો ઉત્તર વિચારીએ તે પૂર્વે ભૂતકાળમાં મને જે અનુભવો થયા તેનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય કેમકે મેં સૌરાષ્ટ્રમાં સામાજિક કાર્ય કરતાં જે અનુભવો થયા તેને કેન્દ્રમાં રાખીને સામાજિક લાક્ષણિકતાઓની સમીક્ષા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

વીસમી સદીના છેલ્લા દાયકાથી અમારી સંસ્થાએ ગીરના માલધારીઓ સાથે તેઓના અધિકારોનું જતન કરવાનું કાર્ય ઉપાડ્યું હતું. આ કાર્યક્રમમાં ગીરના અભયારણ્યમાં આવેલા ચોપન જેટલા નેસની વારંવાર મુલાકાતો લીધી તથા માલધારીઓની સભાઓ ગોઠવી અને તેમના પ્રશ્નોને સમજી સરકાર સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો. લગભગ બધી સભાઓમાં માલધારીઓ વતી સાસણ નજીકના લક્કડવેરા નેસના ઈસ્માઈલ બાપુ તેમના પ્રવક્તા હતા તથા સૌ માલધારીઓ તેઓના નેતૃત્વનો સમાદર કરતા હતા. અમારી સંસ્થાના દલિત કાર્યકરો સાથે માલધારીઓએ લાંબો સમય અંતર રાખ્યું પરંતુ ઈસ્માઈલ બાપુને હરહંમેશ નેતા ગણીને તેમનો બોલ ઝીલી લીધો.

ગીરમાં રબારી માલધારીઓ કુલદેવીના પૂજન માટે પૂંજનો ઉત્સવ ઊજવે છે. આવા ઉત્સવમાં મકરાણી મુસલમાન માલધારીઓ પણ આવતા તથા ઈસ્માઈલ બાપુ પણ આવતા. જ્યારે માતાના મઠનું ઊઘડવું થાય ત્યારે રબારીઓ ગુલાલ ઉડાડે અને શું ઈસ્માઈલ બાપુ કે શું મકરાણી માલધારીઓ બંને ગુલાલથી રંગાવામાં ધન્યતા અનુભવે. આ પ્રકારના અનુભવોથી હિંદુ માલધારીઓના મુસલમાન માલધારીઓ સાથેના સામાજિક સંબંધો વિશે વિચારતો થયો અને જેમ જેમ સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં અમારી સંસ્થા દ્વારા હાથ ધરાયેલા કાર્યક્રમ નિમિત્તે ઘૂમવાનું તેમજ સમજવાનું વધતું ગયું તેમ તેમ હિંદુ સમુદાયો તથા મુસલમાન સમુદાયો વચ્ચેના વિશિષ્ટ સંબંધોની પ્રતીતિ ગાઢ બનતી ગઈ.

સન ૨૦૦૧ના ભયાનક ધરતીકંપ પછી અમે સૌરાષ્ટ્રના જોડિયા તથા આમરણ વચ્ચેના વિસ્તારમાં રાહતકાર્ય તેમજ પુનઃસ્થાપનનું કાર્ય મોટે પાયે કર્યું. આ વખતે જોડિયા પાસેના ગામમાં અમારું કાર્યાલય હતું. તે ઘર સુખી જાડેજા રાજપૂતનું હતું. જ્યારે જ્યારે આ

કાર્યાલયમાં જવાનું થયું ત્યારે ત્યારે ઘરધણી પ્રેમથી ભોજન કરાવતા અને એક વખતે મેં જોયું કે ઘરધણીના રસોડામાં રાજપૂત ગૃહિણી તેમજ અમારાં મુસલમાન મહિલા કાર્યકર સાથે રહીને રસોઈ કરતા હતા અને અમને સૌને એક પંગતે બેસાડી જમાડતા હતા. આ અનુભવ પછી જાડેજા રાજપૂત તથા મુસલમાન પરિવારો વચ્ચેના સંબંધસૂત્ર વિશે વધુ ગંભીરતાથી વાંચવા-વિચારવાનું બન્યું તથા સૌરાષ્ટ્રની સામાજિક સંવાદિતાના વિવિધ પાસાં સ્ફુટ થતાં ગયાં.

સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં સામાજિક પ્રવૃત્તિને કારણે જે જીવંત સંપર્ક સધાયો તેની સાથે સાથે સ્વાધ્યાય પણ શરૂ થયો. સૌરાષ્ટ્રમાં સમાજશાસ્ત્રીઓ તેમજ ઇતિહાસકારોએ સમાજજીવન અંગે જે અભ્યાસો કર્યા છે, જે નિરીક્ષણો કર્યાં છે તેને લક્ષમાં લીધા પછી એ પ્રતીતિ દૃઢ બને છે કે સૌરાષ્ટ્રમાં સામાજિક સંવાદિતાની પરંપરા તળ ગુજરાતની તુલનાએ આગવી લાક્ષણિકતા ધરાવે છે. ભાવનગરના રાજવી પરિવારના સમાજશાસ્ત્રના અભ્યાસી શ્રી વીરભદ્રસિંહજી તેમના 'ધી રાજપૂત્સ ઓફ સૌરાષ્ટ્ર'માં જાડેજા રાજપૂત તથા મુસલમાન સમુદાય વચ્ચેના ગાઢ સંબંધો ઉપર ઘણો પ્રકાશ પાડે છે. તેઓ લખે છે કે 'સૌરાષ્ટ્રના ઉત્તર ભાગમાં રાજપૂતોનો મુસલમાનો સાથે નજીકનો સંબંધ પ્રવર્તે છે. રાજપૂતોના ઘરોમાં સંધી-મુસલમાન મહિલાઓ ઘરકામ કરી શકે છે તથા તેમના રસોડામાં રાંધી પણ શકે છે.' (પૃ. ૨૦૬) આ જ પુસ્તકમાં અન્યત્ર તેઓ કર્નલ ટોડને ટાંકીને એમ પણ નોંધે છે કે જે જાડેજા રાજપૂત મુસલમાન કન્યા સાથે લગ્નસંબંધથી જોડાતા હતા તેમના પરિવારને અન્ય રાજપૂતો કન્યા આપતા નહોતા. (પૃષ્ઠ-૨૧૨) બીજા શબ્દોમાં કહીએ તો ભૂતકાળમાં કેટલાક જાડેજા રાજપૂત મુસલમાન કન્યા સાથે લગ્નસંબંધથી જોડાવામાં છોછ રાખતા નહોતા. ઉત્તર સૌરાષ્ટ્રના રાજપૂતો અંગે અલગ ઉલ્લેખ કરીને શ્રી વીરભદ્રસિંહજી દક્ષિણ સૌરાષ્ટ્ર તથા ઉત્તર સૌરાષ્ટ્રના રાજપૂત સમુદાયો વચ્ચેનો ભેદ દર્શાવે છે પરંતુ તેમના સંશોધન ગ્રંથમાં રાજપૂત પુરુષોમાં પ્રવર્તતા 'રખાત'ના રિવાજ અંગેના પ્રકરણમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે અતિ સમૃદ્ધ રાજપૂતોમાં મુસલમાન સમુદાયની રખાત હોય એ સામાન્ય પરિસ્થિતિ હતી. જે ઉદાહરણ પ્રકરણના પરિશિષ્ટમાં અપાયું છે તે ભાવનગરના ઓગણીસમી સદીના અંતના મહારાજાનું જ આપવામાં આવ્યું છે. આ ઉદાહરણ દર્શાવે છે કે દક્ષિણ સૌરાષ્ટ્રમાં પણ ઉત્તર સૌરાષ્ટ્રની તુલનામાં સીમિત ગણાય તેવો આંતરસંબંધ સમૃદ્ધ રાજપૂતો તથા મુસલમાન સમુદાય વચ્ચે પ્રવર્તતો હતો.

જો આપણે લગ્નસંબંધ કે રખાતના રિવાજની સમાજશાસ્ત્રીય ચર્ચાને બાજુ પર રાખીએ અને હિંદુધર્મ તથા ઈસ્લામને અનુસરતી કોમો વચ્ચેના રોજબરોજના જીવનમાં વણાયેલા સામાજિક સંબંધો પર નજર નાખીએ તો દક્ષિણ સૌરાષ્ટ્રમાં, વિશેષ કરીને જૂનાગઢના નવાબી રાજ્યમાં, સંવાદિતાનું વાતાવરણ હતું તેમ ઇતિહાસના અભ્યાસી જણાવે છે. શ્રી શંભુપ્રસાદ દેસાઈ તેમના 'જૂનાગઢ અને ગિરનાર' નામના પુસ્તકમાં સૂચવે છે કે ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળે સન ૧૮૮૨ અને ૧૯૧૦ની વચ્ચેના સમયમાં 'હિંદુઓ, મુસ્લિમો સાથે છૂટથી હળતા ભળતા અને મુસ્લિમો પણ હિંદુઓ સાથે ઘાટા સંબંધો ધરાવતા. ધાર્મિક સહિષ્ણુતા એટલી હદ સુધી હતી કે બંને કોમના માણસો એકબીજાના ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર ભાગ લેતા.' (પૃ. ૨૯૯)

શ્રી શંભુપ્રસાદ દેસાઈ તેમના 'પ્રભાસ અને સોમનાથ' નામના પુસ્તકમાં એમ પણ જણાવે છે કે ઓગણીસમી સદીના અંતિમ દશકાઓમાં પ્રભાસમાં વૈદ્ય ગુલાબરાય તથા દાદુભાઈ લંઘા નામના બે સંગીતસ્વામીઓ થયા. જ્યારે તત્કાલીન મહારાજા સિંધિયા પ્રભાસ આવ્યા ત્યારે પ્રસન્ન થઈ દાદુભાઈને ગ્વાલિયર આવવા આમંત્રણ આપ્યું. તેઓએ ઉત્તર આપ્યો કે 'હું મુસ્લિમ છું છતાં સોમનાથનાં ચોઘડિયાં વગાડું છું. સોમનાથને મૂકી મારાથી ત્યાં અવાય નહિ અને સોમનાથ ત્યાં આવે નહિ.' (પૃષ્ઠ-૫૬૦) આજની પેઢીને કદાચ આશ્ચર્ય થાય પરંતુ એવી પરંપરા રહી હતી કે સોમનાથ

મંદિરનાં ચોઘડિયાં મુસલમાન સંગીતકારો પ્રતિદિન વગાડે. એ નોંધપાત્ર છે કે લંઘા કે મીર કોમ જે સંગીતને વરેલી છે તેનું હિંદુ ઉત્સવો અને શુભ પ્રસંગો સાથે અનન્ય સમીકરણ બંધાયેલું હતું અને આજે પણ સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં આ પરંપરાનો પડઘો ક્યાંક ક્યાંક સંભળાય છે.

વીસમી સદીના વિધવિધ આરોહ-અવરોહ પછી પણ હિંદુ સમુદાય તથા મુસલમાન સમુદાય વચ્ચેના વિશિષ્ટ સંબંધો કેટલેક અંશે સૌરાષ્ટ્રમાં સાંપ્રત સમયમાં અભિવ્યક્તિ પામે છે. જો આપણે સન ૧૯૮૫થી શરૂ થયેલી કોમી હુલ્લડો અને હિંસાચારની ગુજરાત રાજ્યની કારમી ઘટનાઓ પર નજર નાંખીએ તો જણાય છે કે તળ ગુજરાતની તુલનામાં સૌરાષ્ટ્રમાં કોમી હિંસાચારની ઘટનાઓનું પ્રમાણ તદ્દન ઓછું છે. સન ૨૦૦૨નો જગબત્રીસીએ ચઢેલો કારમો કોમી હિંસાચાર મુખ્યત્વે મધ્ય તથા ઉત્તર ગુજરાતમાં સીમિત હતો અને સૌરાષ્ટ્રભરમાં બધું થઈને એક આંગળીને વેઢે ગણાય એટલી જ રડીખડી હિંસક ઘટનાઓ નોંધાઈ હતી.

સૌરાષ્ટ્રની આગવી સામાજિક સંવાદિતાની પરંપરા જેને આજે હિંદુ સમાજની જ્ઞાતિઓ ગણવામાં આવે છે તેની વચ્ચે તથા હિંદુ સમુદાય અને મુસલમાન સમુદાય વચ્ચેના આંતરસંબંધોની પછીતે આ પ્રદેશનો વિશિષ્ટ સામાજિક સાંસ્કૃતિક વારસો રહેલો છે. શ્રી ઝવેરચંદ મેઘાણી તેઓના 'સોરઠી સંતવાણી' પુસ્તકની પ્રસ્તાવનામાં માર્મિક રીતે નોંધે છે કે 'સોરઠી મધ્યયુગના ઘણાખરા તમામ જીવનપ્રવાહો ઉત્તર તરફથી જ વહ્યા છે. સોરઠની અનેક જાતિઓનું પ્રયાણ (માઈગ્રેશન) પંજાબ, સિંધ અને કચ્છને માર્ગે જ થતું આવેલ છે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં પ્રજાજનો ઉપર બ્રાહ્મણ-સંસ્કૃતિનું પરિબળ પ્રથમથી જ અલ્પ હોવાને કારણે ધર્મ તેમજ પંથોના ભેદાભેદે લોકમાનસમાં દુર્ગમ રૂઢિની દીવાલો ન ચણી હોવાને કારણે, જ્ઞાતિબંધન આદિની કડકાઈ નજીવી હોવાને કારણે કબીરના ઉદાર વિચારોથી ભરપૂર સમન્વયલક્ષી કવનનો પ્રભાવ ઝટ ઝટ પડી ગયો હોવો જોઈએ.'(પૃ. ૨૯)

આ નાનકડા ફકરામાં શ્રી મેઘાણીએ સૌરાષ્ટ્રની સામાજિક-સાંસ્કૃતિક લાક્ષણિકતાઓનાં વિવિધ પરિમાણો સચોટ રીતે રેખાંકિત કર્યાં છે. તેઓ દર્શાવે છે કે : (૧) સૌરાષ્ટ્રની અનેક જાતિઓનું સ્થાનાંતરણ પંજાબ, સિંધ, કચ્છના માર્ગે થયું. (૨) સૌરાષ્ટ્રના પ્રજાજનો ઉપર બ્રાહ્મણ-સંસ્કૃતિનું પરિબળ આરંભથી અલ્પ અને પરિણામે (૩) ધર્મ અને પંથોના ભેદ લોકમાનસમાં રૂઢિબદ્ધ ઓછા થયા. (૪) જ્ઞાતિબંધનની કડકાઈ નજીવી અને પરિણામે (૫) સમન્વયલક્ષી કવનનો પ્રભાવ વધુ.

સૌરાષ્ટ્રના લોકજીવનને ઘડનારાં જે જે ઐતિહાસિક પરિબળો શ્રી મેઘાણીએ દર્શાવ્યાં છે તે મધ્યકાળમાં પરિપુષ્ટ થયાં ભક્તિ-પરંપરાથી. પંદરમી સદીમાં નરસિંહ મહેતાથી આરંભીએ તો સંતો તથા ભક્ત-કવિઓ સતત વૈશ્વિક પ્રેમ, કરુણા, સંવાદિતા તથા સમભાવનો સંદેશો ફેલાવી પંથો તથા ધર્મોના ભેદભાવને મિટાવતા રહ્યા છે. અને લોકજીવનના તાણાવાણાને ગૂંથતા રહ્યા છે. નરસિંહ મહેતા એમના વિખ્યાત ભજન 'વૈષ્ણવજન'માં પીડ પરાઈને જાણવાની તથા સમદષ્ટિ કેળવવાની પ્રેરણા આપે છે એટલું જ નહિ દલિતવાસને આંગણે કીર્તન કરી વર્ણભેદને પડકારે છે તથા પુનરોચ્ચાર કરે છે કે 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદષ્ટિને સર્વસમાન.' બીજા પ્રસિદ્ધ ભજનમાં તેઓ બ્રાહ્મણ-પરંપરા કેટલી ઠગારી છે તે દર્શાવે છે.

શું થયું વેદ-વ્યાકરણ-વાણી વદ્યે ?
શું થયું રાગ ને રંગ માણ્યે ?
શું થયું ખટદર્શન-ભેદ સેવ્યા થકી ?
શું થયું વરણના ભેદ આણ્યે ?
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા
જ્યાં લગી ના પરિબ્રહ્મ જોયો.

નરસિંહ પછી ભક્તિપ્રવાહ અખંડ વહેતો રહ્યો છે. સોળમી સદીની અંતિમ પચ્ચીસીમાં સિંધમાં જન્મેલા દેવચંદ્રજી કચ્છને માર્ગે જામનગર આવે છે અને નિજાનંદ સંપ્રદાય જે પ્રણામી સંપ્રદાય તરીકે વિખ્યાત છે તેની સ્થાપના કરે છે. તેઓના શિષ્ય પ્રાણનાથજી આ સંપ્રદાયને સત્તરમી સદીમાં નવી ઊંચાઈ બક્ષીને વ્યાપક બનાવે છે. આ સંપ્રદાયની વિલક્ષણતા એ છે કે તે ગીતા તથા કુરાનનો સમન્વય સાધી જ્ઞાતિપ્રથાને તેમજ

મૂર્તિપૂજાને નકારે છે અને અહિંસાના સિદ્ધાંતને કેન્દ્રસ્થાને રાખી હિંદુ તથા મુસ્લિમ સમુદાયની એકતા ચીંધે છે. ઔરંગઝેબના સમકાલીન પ્રાણનાથજી તેઓના મહાગ્રંથ 'કુલજમ સ્વરૂપ' કે 'તારતમ સાગર'માં વેધક શબ્દોમાં નિર્દેશે છે :

'જો કુછ કહ્યા વેદને,
સોહી કહ્યા કતાબ,
દોનો બંદે એક સાહબકે.
પર લડત પાયે બીન ભેદ.'

વેદ અને કતાબ એટલે કે કુરાને શરીફના અંતઃતત્ત્વને, હાર્દને જે જાણતા નથી તેઓ એક જ પરમતત્ત્વના બંદા હોવા છતાં લડતા-ઝઘડતા રહે છે.

પ્રાણનાથજીએ સમન્વયનો સંદેશો દૂરસુદૂર ફેલાવ્યો અને પ્રણામી સંપ્રદાય ગુજરાતની સીમાઓને વટાવી રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ તથા ઠેઠ નેપાલ સુધી પહોંચ્યો. સૌરાષ્ટ્રમાં આ સંપ્રદાયનો પ્રભાવ પેઢી દર પેઢી ઝીલાતો રહ્યો. એ સુવિદિત છે કે ગાંધીજીના માતુશ્રી પણ આ સંપ્રદાયના પરિવારમાં જન્મ્યા હતા અને તેમના થકી અહિંસા તેમજ હિંદુ-મુસ્લિમ એકતાના પાઠ ગાંધીજી નાનપણથી જ ભણ્યા હતા. ભક્તિ-આંદોલનની એ વિશિષ્ટતા રહી છે કે તેની પ્રેરણા પેઢી દર પેઢી ઝિલાય છે તેમજ અવનવા સ્વરૂપે પ્રગટ થાય છે અને આ કારણે જ ભક્તિ-આંદોલન લોક-આંદોલન ગણાયું છે.

સત્તરમી સદીના અંતિમ દાયકામાં પ્રાણનાથજીની ચિરવિદાય પછી થોડાંક વર્ષોમાં ભાણસાહેબના જન્મ સાથે કબીરપંથી પરંપરા સૌરાષ્ટ્રમાં આગવો ઇતિહાસ સર્જે છે. શ્રી ઝવેરચંદ મેઘાણી જણાવે છે તેમ તેઓ (ભાણસાહેબ) કબીરનો અવતાર ગણાય છે. તેઓ ચાલીસ શિષ્યોની ફોજ સાથે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઘૂમતા રહ્યા અને નિરાકાર પરમતત્ત્વની ઉપાસનાની પ્રેરણા આપતા રહ્યા. તેઓના પુત્ર ખીમ સાહેબની વાણીમાં મૂર્તિપૂજા, તીર્થયાત્રા અને બાહ્ય આચાર આદિની સામે બંડ જાણે કે શબ્દબદ્ધ બને છે. એક વિખ્યાત પદમાં તેઓ ગગનભેદી સ્વરે તત્ત્વબોધ કરે છે કે : 'તપ તીરથ ઔર દેવી દેવતા, વેદ કુરાન વિસ્તારા, પીર પેગમ્બર સિદ્ધ ઓર સાધક, ઈ ઉરલા વહેવારા-કોઈ સરજનહાર ન્યારા.' ભાણસાહેબના પ્રતાપી શિષ્ય રવિસાહેબ જન્મે તો વણિક હતા પરંતુ અંતર્મુખ બન્યા પછી એમની વાણીનો મહિમા એવો ગણાયો કે ભાણસાહેબની જોડાજોડ તેમનું નામસ્મરણ થવા માંડ્યું. આ રવિસાહેબે વૃંદાવન રાસલીલા જોવાનું નક્કી કર્યું ત્યારે લીંબડીના મુસલમાન સંત-કવિ મીઠા ઢાઢીએ તેઓના ઉતારા પાસે જઈને ભજન લલકાર્યું કે સાચી કૃષ્ણબંસી તો અંતરના વૃંદાવનમાં વાગી રહી છે ! આ ભજન પછી રવિસાહેબ વૃંદાવન જવાને બદલે પાછા ફર્યા એવી માન્યતા છે.

સમગ્ર અઢારમી સદીમાં ભાણસાહેબની કબીરપંથી પરંપરા સૌરાષ્ટ્ર તથા કચ્છમાં ગુંજતી રહી. રવિસાહેબ પછીની પેઢીમાં દલિત સમાજમાંથી આવતા ત્રિકમ સાહેબ તેમજ મુસ્લિમ સમાજના સંત હોથીનાં ભજન વિખ્યાત છે. સંત હોથી તેમના ગુરુ મોરાર સાહેબની સાથે દલિતવાસમાં ભજન લલકારતા અને હિંદુ-મુસલમાન ધર્મોના ભેદને વીંધી નિરાકાર નિરંજનની નિશ્રામાં જવાનો ઉપદેશ આપતા. આ કબીરપંથી પરંપરાનો સૌરાષ્ટ્રમાં અંતિમ સીમાસ્તંભ એટલે દાસી જીવણ. સોરઠી સંતવાણીમાં શ્રી મેઘાણી ભાણસાહેબથી શરૂ કરી દાસીભાવે ઈશ્વરની ઉપાસનામાં વિરહગીતો લલકારતા જીવણદાસ સુધીની પરંપરા સુપેરે આંકી બતાવે છે. દલિત સમાજના ભક્ત કવિ જીવણનાં ભજન છેલ્લી બે સદીથી સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં તથા નેસોમાં ગુંજારવ કરતાં રહ્યાં છે. સકલ પંથોની એકતાને ચીંધતા એક ભજનમાં તેઓ કાપડીના વેશ તથા અતીતના વેશની સાથોસાથ એમ પણ ઉમેરે છે કે 'લીલુડાં વસ્તર મારે અંગડે વિરાજે, મારે ફરવું ફકીરોના વેશમાં. દાસીને તેડી રે જાજો તમારા દેશમાં.'

સૌરાષ્ટ્રના લોકજીવનમાં પંથો અને ધર્મની સીમાઓને પાર કરી નરસિંહ મહેતાથી માંડી દાસી જીવણ સુધીની સંતવાણીએ સંવાદિતાના સંસ્કારનું સતત સિંચન કર્યું છે અને સામાજિક સંબંધોને મધુર બનાવ્યા છે. પરંતુ જ્યારે નરસિંહથી માંડી દાસી જીવણના જીવનમાં જે ઘટનાઓ બની તેની પર નજર નાંખીએ તો જણાય છે

કે અસ્પૃશ્યતાની દુર્ગમ દીવાલો તેમના સમકાલીનો પાર કરી શક્યા નથી. જ્યારે જૂનાગઢના દલિતવાસમાં ભક્ત નરસિંહે કીર્તન કર્યું ત્યારે નાગરીનાતે ફિટકાર વરસાવ્યો. ત્રણસો-સાડા ત્રણસો વર્ષ પછી પણ સંત જીવણદાસની મૃત્યુ પછીની પાલખી નીકળી ત્યારે ઘોઘાવદરના બજારમાં ઉપલી નાતોએ ઉત્પાત મચાવ્યો. એ પછી વીસમી સદીના આરંભે ગાંધીજીએ કોચરબ આશ્રમમાં અમદાવાદમધ્યે પણ નિકટના અને મૂળ સૌરાષ્ટ્રના કુટુંબીજનો દ્વારા અસ્પૃશ્યતાના મુદ્દે વિરોધનો સામનો કરવો પડ્યો. જ્યારે ગાંધીજીએ સન ૧૯૨૫માં સૌરાષ્ટ્રની ત્રણ વખત યાત્રા કરી ત્યારે શું બોટાદમાં, કે શું માંગરોળમાં તેઓને દલિતો સાથેના ભેદભાવનો ફરી સામનો કરવો પડ્યો. આ પ્રવાસની સમીક્ષા કરતી નોંધમાં ગાંધીજીએ લખ્યું 'કાઠિયાવાડના આ પ્રવાસમાં મને અંત્યજોના દુઃખોનું વિશેષ દર્શન થયું. તેઓને ગામડાંના કૂવામાંથી પાણી નથી મળતું. જેમાંથી જાનવરો પાણી પીએ છે તેમાંથી પાણી લેવાની તેમને રજા આપવામાં આવે છે. આ દુઃખની ફરિયાદ તેઓએ મને ઘણી જગ્યાએ કરી.' (સૌરાષ્ટ્રમાં ગાંધીજી-આશા અને પૂર્તિ.-કાંતિલાલ શાહ. રાજકોટ, ૧૯૭૨)

ગાંધીજીની પ્રેરણા તથા ગાંધીજનોની મથામણથી સૌરાષ્ટ્રમાં અસ્પૃશ્યતાની વિસંવાદિતા અમુક અંશે ઘટી એ સ્વીકાર્યા પછી પણ પ્રશ્નાર્થ તો રહે છે જ કે છેક છેવાડાના લોકો સાથે સામાજિક સુસંવાદિતા કેમ ના સિદ્ધ થઈ શકી. આજે એકવીસમી સદીના આરંભે જ્યારે સામાજિક સંબંધોના તાણાવાણાને ઝીણી નજરે અવલોકીએ ત્યારે માત્ર દલિત સમાજ સાથેનો ભેદભાવ જ નહિ પરંતુ પ્રભાવક જ્ઞાતિઓ વચ્ચેના સંબંધસૂત્રોમાં પણ વિસંવાદ નજરે પડ્યા વિના રહેતો નથી. વિશેષ કરીને આઝાદી પૂર્વેની પ્રભાવક જ્ઞાતિ એટલે કે રાજ્યકર્તા સાથે જોડાયેલી રાજપૂત જ્ઞાતિ અને આઝાદી પછીની પ્રભાવક જ્ઞાતિ એટલે કે ખેતી અને ઉદ્યોગોને માર્ગે આર્થિક સંપન્નતા સાથે જોડાયેલી પાટીદાર જ્ઞાતિ વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે. આ બે પ્રભાવક જ્ઞાતિઓ-એક ભૂતકાળની અને બીજી વર્તમાનની-વચ્ચેની તંગદીલીની સમીક્ષા કરીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે સામાજિક ઇતિહાસ, રાજકીય તેમજ આર્થિક ભૂમિકાના વિશ્લેષણ વિના અધૂરો રહે છે.

આઝાદી પછીના પ્રથમ દાયકામાં, કોંગ્રેસના શાસનમાં, જે ભૂમિસુધારનો કે લેન્ડ રીફોર્મનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો તેનાં દૂરગામી પરિણામો આવ્યાં. એ બહુ જાણીતું છે કે આ ભૂમિસુધારનો કાર્યક્રમ દેશભરમાં આ પ્રકારના જે જે કાર્યક્રમો રાજ્ય સરકારો દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા તેની તુલનાએ પરિણામલક્ષી તથા સફળતાપૂર્ણ રહ્યો. આ કાર્યક્રમને પરિણામે મોટી સંખ્યામાં પાટીદાર ગણોતિયા ભૂમિના માલિકો બન્યા અને સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજપૂતોનું ભૂમિવર્ચસ્વ સદીઓ પછી નોંધપાત્ર રીતે ઘટી ગયું. આ ભૂમિના હસ્તાંતરણના સમયમાં જ રોકડિયા પાકનો વિસ્તાર વધતો જતો હતો અને તેને લીધે નવા ભૂમિમાલિકોની સંપન્નતાએ નવી દિશાઓ ઉઘાડી. રાજપૂત ભૂમિમાલિકોની તુલનામાં પાટીદાર ભૂમિમાલિકોએ મોટે પાયે કૃષિની વધારાની આવક ઉદ્યોગધંધામાં રોકી અને જે સંપન્નતા સાંપડી તેની આધારભૂમિ ઉપર તેમનું રાજકીય પ્રભુત્વ પણ ઉત્તરોત્તર વધતું ગયું. અહીં બહુ સંક્ષિપ્તરૂપે થયેલી છેલ્લાં સાઠ વર્ષોની સમીક્ષા સૂચવે છે કે સામાજિક ઇતિહાસનું આકલન સમાંતરે વહેતા રાજકીય તથા આર્થિક પ્રવાહોના આકલન વિના અધૂરું રહે છે. આ ત્રણેય પ્રવાહો પરસ્પર પ્રભાવ પાડે છે અને પરિણામે સામાજિક સંબંધોના તાણાવાણા સમયાંતરે આગવી રીતે ગૂંથાતા રહે છે.

સમાપન પૂર્વે પુનરાવલોકન કરીએ તો આ સાથેના મુદ્દાઓ ઊપસી આવે છે :

(ક) જ્યારે સૌરાષ્ટ્ર અને તળ ગુજરાતના સામાજિક સંબધોની પરંપરાની સમીક્ષા કરીએ ત્યારે સૌરાષ્ટ્રના સમાજની વિલક્ષણતા તરી આવે છે. આ વિલક્ષણતા એટલે વિશિષ્ટ સામાજિક સંવાદિતા. આમ છતાં પ્રશ્નાર્થો છે.

(ખ) આ સામાજિક સંવાદિતા 'તેર તાંસળી'ની પરંપરામાં વ્યક્ત થાય છે. પરંતુ 'તેર તાંસળી'માં કઈ કઈ જ્ઞાતિઓની ગણના થાય તે અંગે મતાંતર પ્રવર્તે છે.

(ગ) સૌરાષ્ટ્રના હિંદુ-મુસલમાન સમુદાયો વચ્ચે વિશિષ્ટ સંબંધો જે વિશેષ કરીને રાજપૂત-મુસલમાન કોમો વચ્ચેના સંબંધોમાં જણાય છે.

(ઘ) આ બંને પ્રકારની સામાજિક સંવાદિતા-હિંદુ જ્ઞાતિઓના આંતરસંબંધોની તેમજ કેટલીક હિંદુ-મુસલમાન કોમો વચ્ચેના સંબંધોની-ઐતિહાસિક પરિબળોને કારણે છે.

(ચ) ઐતિહાસિક પરિબળોમાં મધ્યકાલીન ભક્તિ-પરંપરાએ આગવી ભૂમિકા ભજવી છે.

(છ) ઐતિહાસિક પરિબળો તથા ભક્તિ-આંદોલનની આવી ભૂમિકા હોવા છતાં દલિત સમુદાયની પરિસ્થિતિ પ્રશ્નાર્થ બની રહે છે.

(જ) આઝાદી પછી ભૂતકાળની અને વર્તમાનની બે પ્રભાવક જ્ઞાતિઓ વચ્ચે વિસંવાદિતા વધી જેની પાછળ રાજકીય-આર્થિક પરિબળો કારણભૂત રહ્યાં.

(ઝ) આ પ્રકારની વિસંવાદિતા સૂચવે છે કે સામાજિક ઇતિહાસ રાજકીય-આર્થિક પ્રવાહો તથા પરિબળોના આકલન વિના અધૂરો રહે અને તેને પરિણામે ત્રણેય પ્રવાહો-પરિબળોના પરસ્પર સંબંધોનું આકલન અનિવાર્ય બની રહે છે.

❑

## સહયોગનું શિક્ષણ

જીવનનો આધાર સ્પર્ધા નહિ પણ સહયોગ છે. સ્પર્ધાને આધાર બનાવીને આજની સમગ્ર વ્યવસ્થા સર્જાઈ હોવા છતાં પણ તત્ત્વદૃષ્ટિએ અને જીવનના સત્યરૂપે આ સાચું છે. સ્પર્ધાયુક્ત જીવન આયોજનનાં જોખમો જગત હવે અનુભવી રહ્યું છે અને હજુ વધુ તીવ્રતાથી અને ભીષણતાથી અનુભવશે. નાસાનો અહેવાલ કહે છે કે પૃથ્વીનું વાતાવરણ ચાર ડિગ્રી વધુ ગરમ થશે, રહેશે. આ ગ્લોબલ વોર્મિંગ આકસ્મિક નથી, સ્પર્ધાયુક્ત ખોટી જીવનદૃષ્ટિનું પરિણામ છે. આથી સહજીવન, સહયોગ અને જીવનની સંવાદિતાને મહત્ત્વ આપવું જરૂરી છે. શાળા એ કેવળ વિષય-માહિતી આપનાર, ભાવહીન સ્થાનમાત્ર નથી, પરંતુ આત્મીયતાભર્યું વાતાવરણ સર્જીને વિદ્યાર્થીઓ પોતાના ઉત્તમને પ્રગટાવે તેવી અનુકૂળતા ઊભી કરનાર આયોજિત સમૂહજીવન છે. વિનોબાજીએ યોગ, ઉદ્યોગ અને સહયોગરૂપે આ તત્ત્વોને ઓળખાવ્યાં છે. એને નામ ભલે જુદાં-જુદાં અપાય, પરંતુ જીવન-સમગ્રતાનો ખ્યાલ એના પાયામાં છે.

- મનસુખ સલ્લાના એક લેખના આધારે

# સાંપ્રદાયિક સાહિત્ય અને સામાજિક પરિવર્તન : શિક્ષાપત્રીના ખાસ સંદર્ભમાં

-ડૉ. ફાલ્ગુની પરીખ

વિશ્વભરના ધર્મોનો અભ્યાસ કરતાં જણાય છે કે વિશ્વના નાના-મોટા દરેક ધર્મ અને સંપ્રદાયે પોતાના ધર્મના સિદ્ધાંતોનો ફેલાવો કરવાના આશયથી અનેક ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોને અહીં સાંપ્રદાયિક સાહિત્ય તરીકે ઓળખવામાં આવ્યું છે. સાંપ્રદાયિક સાહિત્યમાંથી જે ગ્રંથ કે ગ્રંથોની રચના જે તે ધર્મના સ્થાપકે ખુદ કરી હોય કે તેમના માર્ગદર્શન હેઠળ થઈ હોય તેવા ગ્રંથો જે-તે સંપ્રદાયમાં વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વિષયવસ્તુની દૃષ્ટિએ જોઈએ તો સાંપ્રદાયિક સાહિત્યને મુખ્ય બે ભાગમાં વહેંચી શકાય (૧) જેમાં પારલૌકિક વિષયો જેવા કે આત્મા, પરમાત્મા, મોક્ષ કે મૃત્યુ પછીના જીવન વિશે ચિંતન જોવા મળે છે, (૨) જેમાં સંપ્રદાયના અનુયાયીઓ માટે ઐહિક જીવન અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. આ ગ્રંથોમાં વ્યક્ત થયેલા વિચારો તત્કાલીન સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પરિસ્થિતિથી પ્રભાવિત થયેલા જોવા મળે છે.

પ્રસ્તુત લેખમાં સ્વામીનારાયણ સંપ્રદાયના સાંપ્રદાયિક સાહિત્યમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતા ગ્રંથ શિક્ષાપત્રીની આજ્ઞાઓને ગુજરાતમાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના સંદર્ભમાં તપાસવામાં આવી છે. શ્રી સહજાનંદ સ્વામી (૧૭૮૧-૧૮૩૦) દ્વારા સ્થાપવામાં આવેલ સ્વામીનારાયણ સંપ્રદાય સાંપ્રદાયિક સાહિત્યની દૃષ્ટિએ અતિ સમૃદ્ધ પરંપરા ધરાવે છે. શ્રી સત્સંગી જીવન, સત્સંગીભૂષણ, હરિલીલામૃત, હરિલીલાકલ્પતરુ, ભક્તચિંતામણિ, વચનામૃત, શિક્ષાપત્રી વગેરે આ સંપ્રદાયના જાણીતા ગ્રંથો છે. જેમાંથી વચનામૃત અને શિક્ષાપત્રી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વચનામૃત એ સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના પ્રચાર અર્થે કરેલા પ્રવાસો દરમિયાન ભાવનાશીલ સમુદાય સમક્ષ જે વાર્તાલાપો કર્યા હતા તે વાર્તાલાપોને આધારે નિત્યાનંદ, મુક્તાનંદ, શુકાનંદ જેવા સંપ્રદાયના સમર્પિત સાધુઓ દ્વારા તૈયાર થયેલું લખાણ છે. જ્યારે શિક્ષાપત્રીમાં સંપ્રદાયના અનુયાયીઓએ વ્યવહારિક જીવનમાં પાળવાના આચારોનો સમાવેશ થાય છે. સંપ્રદાયના સત્સંગી અને જાણીતા ગાંધીયન કેળવણીકાર કિશોરલાલ મશરૂવાલાના શબ્દોમાં 'વચનામૃત એ સંપ્રદાયનું સાર્વજનિક અધ્યાત્મશાસ્ત્ર છે જ્યારે શિક્ષાપત્રી એ સંપ્રદાયનું સાર્વજનિક ધર્મશાસ્ત્ર છે.'

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે આ લેખમાં જે સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની વાત છે તેમાં નિર્દેશિત સમાજ એટલે એ લોકો કે જેમણે પોતાનો પિતૃક ધર્મ કે ધાર્મિક માન્યતાઓનો ત્યાગ કરી સ્વામીનારાયણ સંપ્રદાયને સાધુ તરીકે કે ગૃહસ્થ સત્સંગી તરીકે સ્વીકાર્યો હોય અને તેની અનિવાર્ય શરતરૂપે જેઓ શિક્ષાપત્રીની આજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરતા હોય. ટૂંકમાં આ લેખ સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વીકારને કારણે તેના અનુયાયીઓના જીવનમાં આવેલા ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોના પરિવર્તનમાં શિક્ષાપત્રીના પ્રભાવને તપાસવાનો નમ્ર પ્રયાસ છે.

શિક્ષાપત્રીની આજ્ઞાઓની ચર્ચા કરતાં પૂર્વે આ સંપ્રદાયના સ્થાપક અને સંપ્રદાયની શ્રદ્ધા અનુસાર જેઓ આ ગ્રંથના રચયિતા છે તે સહજાનંદ સ્વામીના જીવન વિશેની વિગતો જાણવી જરૂરી છે. જે ટૂંકમાં નીચે મુજબ છે.

**સહજાનંદ સ્વામી :**

શ્રી સહજાનંદ સ્વામીનો જન્મ અયોધ્યાથી સાતેક ગાઉ દૂર આવેલા છપૈયા ગામમાં સરવરિયા બ્રાહ્મણ દંપતીને ત્યાં થયો હતો. તેમના પિતાનું નામ હરિપ્રસાદ પાંડે અને માતાનું નામ પ્રેમવતી હતું, જેમને સાંપ્રદાયિક ગ્રંથોમાં અનુક્રમે ધર્મદેવ અને ભક્તિદેવી તરીકે ઓળખવામાં આવ્યાં છે. શ્રી સહજાનંદ સ્વામીનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. માતા-પિતાના અવસાન બાદ અગિયાર વર્ષની ઉંમરે તેમણે ગૃહત્યાગ કર્યો. અને સાત વર્ષ સુધી નીલકંઠવર્ણીના નામે ભારતના જુદા જુદા

ભાગોમાં વિચરણ કર્યું. આ સમય દરમિયાન તેઓ ગોપાળ યોગી નામના નિષ્ણાત સાધુના સંપર્કમાં આવ્યા જેમની પાસેથી તેઓએ યોગની તાલીમ લીધી. જે પાછળથી તેમને સંપ્રદાયનો પ્રભાવ વિસ્તારવામાં ખૂબ ઉપયોગી નીવડી હતી. ઉત્તરે હિમાલયથી માંડી બંગાળ, ઓરિસ્સા અને દક્ષિણ ભારતના અનેક ભાગોમાં વિચરણ કરી તેઓ ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં આવેલા માંગરોળથી બે-ત્રણ ગાઉ દૂર આવેલા લોજ ગામે પહોંચ્યા. (ઈ.સ. ૧૮૦૦) લોજ તે સમયે કૃષ્ણભક્તિમાં માનનારા સ્વામી રામાનંદ નામના સંતનું મુખ્ય મથક હતું. ૧૯ વર્ષના યુવાન નીલકંઠ સ્વામી રામાનંદના શિષ્ય મુક્તાનંદજીના સંપર્કમાં આવ્યા અને લોજમાં જ વસી ગયા. એક વર્ષ બાદ ગિરનાર પાસે આવેલા પીપલાણા ગામે સ્વામી રામાનંદે યુવા નીલકંઠને ભાગવતી દીક્ષા આપી સ્વામી સહજાનંદ અને નારાયણમુનિ એમ બે નામો આપ્યાં. દીક્ષા લીધાના એક વર્ષ બાદ સ્વામી રામાનંદે મુક્તાનંદ જેવા વડીલ અને જૂના શિષ્યોને બદલે સહજાનંદ સ્વામીને પોતાના વારસદાર બનાવ્યા. સહજાનંદ સ્વામીએ પોતાના વ્યક્તિત્વના પ્રભાવ અને સંગઠક તરીકેના ઉત્તમ ગુણોનો ઉપયોગ કરીને ટૂંક સમયમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો વિસ્તાર કર્યો. ઈ.સ. ૧૮૩૦માં ગઢડા ખાતે ૪૯ વર્ષની વયે તેમનું અવસાન થયું. ગુજરાતમાં તેમના આગમનથી લઈ મૃત્યુ સુધીના માત્ર ત્રીસ જ વર્ષના ટૂંકા ગાળામાં તેમણે ગુજરાતમાં અનેકવિધ સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ કરી છે.

**શિક્ષાપત્રીના રચયિતા :**

શિક્ષાપત્રી એ ૨૧૨ શ્લોકોની સંસ્કૃત ભાષામાં લખાયેલી નાનકડી કૃતિ છે. જેના ૨૧૧ શ્લોકો અનુષ્ટુપ અને ૨૧૨મો શ્લોક ઉપજાતિવૃત્તમાં રચાયેલ છે. શિક્ષાપત્રીના રચયિતા વિશે વિદ્વાનોમાં ઘણા મત પ્રવર્તે છે. પણ સંપ્રદાયના અનુયાયીઓ દઢપણે તે સ્વયં સહજાનંદ સ્વામી દ્વારા રચાઈ હોવાનું માને છે. શિક્ષાપત્રીના શ્લોક ૨માં સ્પષ્ટ લખ્યું છે કે સહજાનંદ સ્વામીએ વડતાલમાં (વૃતાલય) બેસી શિક્ષાપત્રી લખી હતી. સંપ્રદાયમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતા સત્સંગી-જીવન ગ્રંથમાં પણ સહજાનંદ સ્વામીને શિક્ષાપત્રીના કર્તા તરીકે વર્ણવતાં લખ્યું છે કે 'હું અહીંથી અંતર્ધાન થતાં ભૂમિ પર રહેલા મારા સમસ્ત આશ્રિતજનો મારો જેવો અભિપ્રાય છે તેવો સ્પષ્ટ જાણીને સંશયરહિત થઈ એ પ્રમાણે જ વર્તશે એટલે મારી વાણીરૂપ આ પત્રિકા જ આ લોકમાં સર્વે મારા આશ્રિતોને અવલંબનરૂપ થશે આવો સંકલ્પ કરીને ધર્માત્મા શ્રીહરિએ પોતાના સેવક શુકાનંદ સ્વામી પાસે કાગળ, ખડિયો ને સુંદર એવી કલમ મંગાવી દીધી અને સદ્ધર્મને પૃથ્વીને વિશે સ્થાપિત કરવા સકળ સચ્છાસ્ત્રના સારાંશને સન્મતિથી સમૃદ્ધ રીતે લખવાનો પ્રારંભ કર્યો.'

શિક્ષાપત્રીનો સમાવેશ સત્સંગીજીવન નામના સંપ્રદાયના પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪મા અધ્યાય તરીકે કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં શિક્ષાપત્રીની રચના વિશે લખવામાં આવ્યું છે કે 'શ્રીહરિ એટલે કે સહજાનંદ સ્વામીએ ભાગવત પુરાણનો દશમો અને પાંચમો સ્કંધ સાંભળીને સત્સંગીઓના શ્રેય અર્થે આ શિક્ષાપત્રીની રચના કરેલ છે અને શિક્ષાપત્રીની આઠ નકલો કરાવીને તેમણે જુદા જુદા ભક્તોને મોકલી આપી હતી.' સત્સંગીજીવન ગ્રંથ સંવત ૧૮૮૫-૮૬માં લખાયો હતો જ્યારે શિક્ષાપત્રીની રચના સંવત ૧૮૮૨માં થઈ હતી. (જુઓ શ્લોક ૨૧૧) એક અનુમાન અનુસાર સહજાનંદ સ્વામીએ અસલમાં ગુજરાતીમાં શિક્ષાપત્રી લખી હતી. પાછળથી સત્સંગીજીવનના કર્તાએ તેનો સંસ્કૃતમાં અનુવાદ કરીને પોતાના ગ્રંથમાં યોગ્ય સ્થાને ગોઠવી હશે. સત્સંગીજીવનના કર્તા તરીકે શતાનંદ મુનિનું નામ લખાયેલ છે. પણ વાસ્તવમાં શિક્ષાપત્રીના લેખક ભરૂચ જિલ્લાના આમોદ ગામના દીનાનાથ ભટ્ટ નામના વિદ્વાન બ્રાહ્મણ હતા. સુરતના સુધારક દુર્ગારામ મહેતાજીના લખાણમાં પણ આ બાબતનો ઉલ્લેખ જોવા મળે છે. બ્રિટીશ પ્રવાસી એચ. જી. બ્રીગ્સે પણ શિક્ષાપત્રીનું સંકલન દીનાનાથ ભટ્ટે કર્યું હોવાનું જણાવ્યું છે. એચ. જી. બ્રીગ્સે પોતાના પુસ્તક 'Cities of

Gujarashta : Topography and history illustrated'માં જણાવે છે કે 'At Ahmode still lives Dinanath Bhat, a learned Brahmin employed by Sahajanand, and to whom the compilation of the shikshapatri is mainly attributed though attached to sahajanand, he did not estrange himself from his paternal faith with all its obliquities.' કિશોરલાલ મશરૂવાળા રચિત સહજાનંદ સ્વામીના જીવનચરિત્રમાં પણ શતાનંદ નામના કોઈ મુનિ નહિ હોવાનું તથા સત્સંગીજીવનના કર્તા દીનાનાથ ભટ્ટને ગણાવ્યા છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે એટલું કહી શકાય કે શિક્ષાપત્રીને સંસ્કૃત ભાષાદેહ આપનાર વિદ્વાન દીનાનાથ ભટ્ટ હતા, જેમણે સહજાનંદ સ્વામીના વિચારોને જ શબ્દ આપ્યો હતો. શિક્ષાપત્રી જેવા સાંપ્રદાયિક ગ્રંથનું મૂલ્યાંકન કરતી વખતે એ ન ભૂલવું જોઈએ કે શિક્ષાપત્રી સામાજિક વિજ્ઞાનનો કે ભૌતિકવિજ્ઞાનનો ગ્રંથ નથી. આ એક ધાર્મિક સંપ્રદાયનું canon એટલે કે આજ્ઞા-પુસ્તક છે, જેના અનુયાયીઓ આ ગ્રંથના એક-એક શબ્દની સાથે પરમ શ્રદ્ધાથી જોડાયેલ છે. અને તેના અક્ષરશઃ પાલનને પોતાનો પવિત્ર ધર્મ માને છે. આથી સંપ્રદાયના અનુયાયીઓ આ ગ્રંથને સહજાનંદ સ્વામી દ્વારા જ રચાયેલ માને છે.

**સંપ્રદાયમાં શિક્ષાપત્રીનું મહત્ત્વ :**

ગુજરાતના સામાજિક પરિવર્તનમાં શિક્ષાપત્રીના પ્રદાનને સમજતાં પહેલાં સંપ્રદાયમાં તેના મહત્ત્વ અંગેની ચર્ચા કરવી જરૂરી છે. શિક્ષાપત્રીમાં સ્પષ્ટપણે લખ્યું છે કે **'મેં (સહજાનંદ સ્વામી) સર્વે સચ્છાસ્ત્રોનો સાર કાઢી આ શિક્ષાપત્રી લખી છે અને તે મનવાંછિત ફળ આપનારી છે માટે અમારા આશ્રિત સર્વે સત્સંગીઓએ આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું જોઈએ. જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. જે બાઈ-ભાઈ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે અમારા સંપ્રદાય થકી બહાર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષે જાણી લેવું.'**

શિક્ષાપત્રીમાં સર્વે સ્વામીનારાયણ-પંથીઓને આ ગ્રંથનો નિત્ય પાઠ કરવાનું અને જેને વાંચતાં ન આવડતું હોય તેમણે આદર થકી શ્રવણ કરવાનું લખ્યું છે. જો કોઈ વાંચી સંભળાવે તેમ ન હોય ત્યારે શિક્ષાપત્રીની નિત્ય પૂજા કરવી જોઈએ અને તેને અમારી વાણી જે અમારું સ્વરૂપ છે તેમ સમજી પરમ આદર થકી માનવી. શ્રી સહજાનંદ સ્વામીએ સ્વયં આ શ્લોકો દ્વારા શિક્ષાપત્રીના મહત્ત્વને સ્પષ્ટ કર્યું છે. આ ઉપરાંત એક અન્ય ઘટના પણ સ્વામીનારાયણ સંપ્રદાયમાં આ ગ્રંથના માહાત્મ્યને સૂચિત કરે છે. સહજાનંદ સ્વામી તેમના મૃત્યુના થોડાક સમય પહેલાં અંગ્રેજ ગવર્નર માલ્કમને મળ્યા હતા ત્યારે તે સમયની પરંપરા અનુસાર પાઘ-શાલની સાથે તેમણે ગવર્નરને શિક્ષાપત્રીની ભેટ આપી તેનું અભિવાદન કર્યું હતું. આ ઘટના પણ સહજાનંદ સ્વામી આ ગ્રંથને ખૂબ મહત્ત્વનો ગણતા હતા તેનો ખ્યાલ આપે છે.

શિક્ષાપત્રીના આ મહત્ત્વને કારણે જ આજે પણ તેમણે સંપ્રદાયના તમામ પેટા ફાંટાઓમાં અન્ય બાબતોમાં સૈદ્ધાંતિક મતભેદ હોવા છતાં આ કૃતિના માહાત્મ્યને સર્વાનુમતે સ્વીકાર્યું છે અને દરેક વિભાગે મોટી સંખ્યામાં તેના સરળ અનુવાદો બહાર પાડ્યા છે. વડતાલમાં જે જગ્યાએ બેસીને સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી લખી હોવાનું માનવામાં આવે છે તે જગ્યાને અનુયાયીઓ દ્વારા શ્રદ્ધાપૂર્વક વંદન કરવામાં આવે છે. સ્વામીનારાયણ અક્ષરપીઠ સંસ્થાના વર્તમાન વડા શ્રી પ્રમુખસ્વામી મહારાજે પણ આ ગ્રંથને 'સ્વામીનારાયણ ભગવાને ભક્તોની રક્ષા માટે આપલું સુદર્શન ચક્ર ગણાવ્યું છે અને આ આજ્ઞાઓનું જે પાલન કરે તે આ લોક અને પરલોક બંનેમાં સુખી થાય છે અને કોઈપણ પરિસ્થિતિમાં આપણને શાંતિ આપે છે.' તેમ જણાવ્યું છે.

ઉપરની તમામ ચર્ચાને આધારે કહી શકાય કે જેમ શીખ ધર્મમાં ગુરુ ગ્રંથસાહેબનું, ઈસ્લામ ધર્મના કુરાને-શરીફનું અને ખ્રિસ્તી ધર્મમાં બાઈબલનું જે સ્થાન છે તેવું જ મહત્ત્વનું સ્થાન સ્વામીનારાયણ સંપ્રદાયમાં

શિક્ષાપત્રીનું છે. આધુનિક સમયના સંદર્ભમાં કહી શકાય કે એક રાષ્ટ્રપ્રેમી નાગરિક માટે તેના રાષ્ટ્રનું બંધારણ જેટલું આદરપાત્ર છે તેટલું જ આદરપાત્ર સ્થાન સંપ્રદાયના અનુયાયીઓને માટે શિક્ષાપત્રીનું છે.

શિક્ષાપત્રીના આ મહત્ત્વને કારણે તેમાં લખાયેલી એક-એક આજ્ઞાને ભગવાનની આજ્ઞા ગણી પાળવામાં આવે છે અને તેથી જ આ ગ્રંથ સંપ્રદાયના અનુયાયીઓના ઘડતર માટેનું સશક્ત માધ્યમ બન્યો છે.

**૧૯મી સદીના ગુજરાતી સમાજના સામાજિક પરિવર્તનમાં શિક્ષાપત્રીનું પ્રદાન :**

૧૯મી સદીના ગુજરાતના સમાજમાં શિક્ષાપત્રીના મહત્ત્વને સમજવા માટે તે સમયના ગુજરાતી સમાજનો પરિચય મેળવવો જરૂરી છે. ભારતના અન્ય ભાગોની જેમ ગુજરાતમાં પણ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે અનેક કુરિવાજો પ્રચલિત હતા. ધર્મના ક્ષેત્રમાં હિંસાયુક્ત યજ્ઞો થતા હતા. વર્ણવ્યવસ્થાના કોટિક્રમ પ્રમાણે નીચલા વર્ગના લોકો ભૂત, પ્રેત જેવી અંધશ્રદ્ધાઓમાં ડૂબેલા હતા. સૌરાષ્ટ્રમાં કાઠી, કોળી, ગરાસિયા જેવી કોમોમાં ચોરી, લૂંટફાટ સામાન્ય હતાં. રાજકીય દૃષ્ટિએ અરાજકતાનું વાતાવરણ પ્રવર્તતું હતું. તે સમયના ગુજરાતના મોટા ભાગના પ્રદેશો મરાઠાઓના આધિપત્ય હેઠળ હતા, જેમને પ્રજા પાસેથી તેમની ચોથ ઉઘરાવવા સિવાય કશામાં રસ ન હતો. રાજ્યના બેજવાબદાર તંત્રને કારણે ધોળે દિવસે ચોરીઓ થતી હતી. મુસાફરી સલામત ન હતી. શિક્ષાપત્રીની વિવિધ આજ્ઞાઓ આ સમકાલીન રાજકીય અને સામાજિક સ્થિતિથી પ્રભાવિત થયેલી જોવા મળે છે. આ આજ્ઞાઓની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાંથી પ્રાપ્ત થતો બોધ સહજાનંદ સ્વામીએ પોતાના જીવનકાળ દરમિયાન વ્યવહારમાં ઉતારવાની કોશિશ કરી હતી. અને વિપરીત સંજોગોમાં પણ આ આજ્ઞા પાછળ રહેલા મૂળ તત્ત્વને વળગી રહ્યા હતા. આથી જ શિક્ષાપત્રીની આજ્ઞાઓ એ માત્ર પુસ્તકિયો આદર્શ નથી પરંતુ વાસ્તવિક જીવનમાં તેનો અમલ શક્ય છે તેવી પ્રતીતિ તેમણે અનુયાયીઓમાં કરાવી હતી.

**અહિંસાનો પ્રચાર :**

શ્રી સહજાનંદ સ્વામી અહિંસાના સિદ્ધાંતના મજબૂત સમર્થક હતા. તેમણે જીવનભર આ સિદ્ધાંતને હિંદુ શાસ્ત્રોનો આધાર આપી પ્રચાર કર્યો હતો. શ્રી રામાનંદ સ્વામીના વારસદાર બન્યા પછી ત્રણ જ વર્ષના ટૂંકા ગાળામાં તેઓ ભૂજના પ્રવાસે ગયા હતા. તે સમયે ભૂજના કારભારી જગજીવન મહેતાએ વિશાળ યજ્ઞ આરંભ્યો હતો, જેમાં પશુઓને હોમવામાં આવતાં હતાં. સહજાનંદ સ્વામીએ આ પ્રકારની હિંસાનો વિરોધ કરી જગજીવન મહેતાને આવા યજ્ઞો નહિ કરવા સમજાવ્યા તથા આ મુદ્દે તેમણે પંડિતોની સભામાં વાદવિવાદ કરી જીત મેળવી, જેથી જગજીવન મહેતાને યજ્ઞ મોકૂફ રાખવો પડ્યો હતો. આ ઘટના બાદ સહજાનંદ સ્વામીએ સ્વયં અહિંસામય યજ્ઞો કરવાનું બીડું ઝડપ્યું અને જેતલપુરમાં વિશાળ પાયા ઉપર પહેલો અહિંસક યજ્ઞ કરી નક્કર ઉદાહરણ પૂરું પાડ્યું. તે સમયે અમદાવાદમાં હિંસાયુક્ત યજ્ઞોમાં માનનારા વામમાર્ગીઓનું પ્રભુત્વ હતું. તેમણે તથા અમદાવાદના મરાઠા સૂબાએ આવા યજ્ઞોનો વિરોધ કર્યો અને સૂબાએ સહજાનંદ સ્વામીને મારી નાખવાનું કાવતરું કર્યું. આટઆટલાં વિઘ્નો છતાં જરાય ડગ્યા વગર બીજા વર્ષે નડિયાદ પાસેના ડભાણ ખાતે તેમણે અહિંસામય યજ્ઞ કર્યો. આ જ સિદ્ધાંતને ચિરસ્થાયી કરવા જ્યારે ઈ.સ. ૧૮૨૬માં શિક્ષાપત્રી લખી ત્યારે તેમાં સહજાનંદ સ્વામીએ અહિંસાનું મજબૂત સમર્થન કરનારી વિવિધ આજ્ઞાઓ અનુયાયીઓ માટે કરી, જે નીચે મુજબ છે.

- **સર્વ શાસ્ત્રો અનુસાર અહિંસા એ જ મોટો ધર્મ છે માટે દેવતા કે પિતૃના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા કરવી નહિ. (શ્લોક ૧૨)**
- **ધનાઢ્ય એવા ગૃહસ્થ સત્સંગીઓએ હિંસારહિત વિષ્ણુસંબંધી યજ્ઞો કરવા. (શ્લોક ૧૫૫)**
- **કોઈ સત્સંગીએ જીવ પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ**

**આદિ જીવ કેમની પણ હિંસા ક્યારેય ન કરવી. (શ્લોક ૧૧)**

આ સમયે મજબૂત રાજકીય સત્તાના અભાવને કારણે સત્તા મેળવવા માટે સતત લડાઈઓ ચાલ્યા કરતી હતી. સહજાનંદ સ્વામીના અનુયાયીઓનો એક મોટો વર્ગ કાઠી, કોળી, ગરાસિયા કોમમાંથી આવતો હતો, જે ચોરી-લૂંટફાટ જેવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલ હતો. આ સ્થિતિને ધ્યાનમાં રાખી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે 'સ્ત્રી, ધન અને રાજ્યની પ્રાપ્તિ માટે પણ કોઈ મનુષ્યની હિંસા કોઈ પ્રકારે ક્યારેય કરવી નહિ.' (શ્લોક ૧૩) ભોજનમાં થતી હિંસાનો વિરોધ કરી તેમણે લખ્યું કે 'જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું.' (શ્લોક-૧૫)

ઉપરોક્ત આજ્ઞાઓના પ્રભાવે ધાર્મિક ક્રિયાકાંડના ભાગરૂપે યજ્ઞોમાં થતી પશુહિંસાનું માહાત્મ્ય ઘટાડ્યું તથા સંપ્રદાયમાં જોડાયેલા સમાજના નીચલા થરના લોકો કે જેમના ખોરાકમાં માંસાહાર સામાન્ય હતો તે હવે અદૃશ્ય થયો. આ ઉપરાંત ધન અને રાજ્યપ્રાપ્તિ માટે થતી હિંસાનો વિરોધ કરી કાયદાનું શાસન સ્થાપવા મથી રહેલા અંગ્રેજ અમલદારો સાથે હકારાત્મક સંબંધોની ભૂમિકા તૈયાર થઈ.

**નારીવિષયક આજ્ઞાઓ :**

શ્રી સહજાનંદ સ્વામીએ સ્ત્રીઓના સંદર્ભમાં ત્યાગી સાધુઓ માટે શિક્ષાપત્રીમાં નીચે મુજબ આજ્ઞાઓ કરી છે :

- **સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીસંગાથે બોલવું નહિ તથા જાણીને સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. (શ્લોક ૧૭૫)**
- **સ્ત્રીઓની વાત સાંભળવી પણ નહિ અને ક્યારેય કરવી પણ નહિ તથા જે સ્થાનમાં સ્ત્રીઓનો પગફેર (અવરજવર) હોય તે સ્થાને સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. (શ્લોક ૧૭૬)**
- **દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા ચિત્રની હોય કે કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. (શ્લોક ૧૭૭)**
- **સ્ત્રીની પ્રતિમા ન કરવી તથા સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારણ કરીને ઉતારેલા વસ્ત્રને અડવું નહિ. (શ્લોક ૧૭૮)**
- **સ્ત્રીવેશધારી પુરુષને અડવું નહિ અને તેની સામે જોવું નહિ અને તેની સાથે બોલવું નહિ. (શ્લોક ૧૭૯)**
- **સ્ત્રીને ઉદ્દેશ કરીને ભગવાનની કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં. (શ્લોક ૧૭૯)**
- **બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને તુરત જ વારવી અને સમીપ પણ આવવા દેવી નહિ. (શ્લોક ૧૮૧)**
- **જે ઘેર સ્ત્રી પીરસનારી હોય ત્યાં ભિક્ષા લેવા ન જવું જે ગૃહસ્થને ઘેર પુરુષ પીરસનાર તરીકે હોય તથા સ્ત્રીદર્શનનો પ્રસંગ જ ન પડે તેમ હોય ત્યાં જ જમવું. (શ્લોક ૧૯૪)**
- **પોતાના ઉતારાની જગ્યાએ ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા ન દેવો. (શ્લોક ૧૯૦)**
- **પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય તેવું વચન તો પોતાના ગુરુનું પણ ન માનવું. (શ્લોક ૧૮૦)**

શ્રી સહજાનંદ સ્વામીની ઉપરોક્ત સ્ત્રીવિષયક આજ્ઞાઓ સમાજવિજ્ઞાનીઓમાં ખાસો ચર્ચાનો વિષય રહી છે અને અનેક સમાજવિજ્ઞાનીઓએ તેની કડક ટીકા કરી છે. પણ આ વિચારોની ચર્ચા કરતી વખતે આપણે શિક્ષાપત્રીના રચનાકાળના સંજોગોને બરોબર ધ્યાનમાં લેવા જોઈએ.

તે સમયના ગુજરાતના ધાર્મિક જીવનમાં વલ્લભાચાર્ય-સ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ધર્મનું વર્ચસ્વ હતું. ઈ.સ. ૧૮૭૨ની વસ્તીગણતરીના આંકડાઓ પ્રમાણે ગુજરાતમાં રામ અને કૃષ્ણમાં માનનારા જુદા જુદા વૈષ્ણવ સંપ્રદાયોની કુલ વસ્તી ૨૮,૦૭,૪૨૪ હતી. જેમાંથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ

૬,૪૭,૨૫૬ જેટલા હતા જ્યારે સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ૨,૮૭,૬૮૭ હતા.

આ ધર્મના આચાર્યો પોતાને કૃષ્ણનો અવતાર સમજતા હતા અને તેમના શિષ્યોના કુટુંબની સ્ત્રીઓ સાથે અનીતિમય આચરણ કરતા હતા. આ સ્થિતિનું વર્ણન કરતા બે મજબૂત પુરાવા આપણી પાસે ઉપલબ્ધ છે.

અંજારના બ્રિટિશ રેસિડેન્ટ કેપ્ટન જેમ્સ મેકમર્ડોએ (ઈ.સ. ૧૮૧૮) કચ્છના વૈષ્ણવ ધર્મના અનુયાયીઓ એવા ભાટિયાઓ વિશેના વર્ણનમાં લખ્યું છે કે 'તે સમયના વૈષ્ણવો પોતાના કુટુંબની સ્ત્રીઓને મહારાજાને સોંપવામાં ગૌરવ સમજતા હતા, ગોપીનાથજી નામના વૈષ્ણવ આચાર્ય અફીણ અને ગાંજાનો નશો કરીને પડ્યા રહેતા હતા. અને ચારિત્ર્યહીન જીવન જીવતા હતા.'

શિક્ષાપત્રીના લખાયાના ચોત્રીસ વર્ષ બાદ જાણીતા સુધારક કરસનદાસ મૂળજીએ (ઈ.સ. ૧૮૩૨-૧૮૭૧) તેમના 'સત્યપ્રકાશ' પત્રમાં વૈષ્ણવ મહારાજોના અનીતિમય જીવન ઉપર આકરા પ્રહાર કરતા લેખો લખ્યા હતા, જેના વિરોધમાં વૈષ્ણવ મહારાજ જદુનાથજીએ કરસનદાસ ઉપર મુંબઈની સુપ્રીમ કોર્ટમાં કેસ કર્યો અને ૪૦ દિવસ પછી કોર્ટના ન્યાયાધીશ સર જોસેફ આર્નોલ્ડે પણ પોતાના ચુકાદામાં વલ્લભ સંપ્રદાયમાં ચાલતી આ અનીતિની કડક આલોચના કરી. ધી બોમ્બે ટાઈમ્સ નામના પત્રે પણ તેના ૨૩-૮-૧૮૫૯ના અંકમાં વૈષ્ણવ મહારાજોની અનૈતિકતાનો વિરોધ કરતો લેખ લખ્યો હતો. કરસનદાસ મૂળજીની જેમ નર્મદ (ઈ.સ. ૧૮૩૩-૧૮૮૬) જેવા સુધારકે પણ વલ્લભ કુળના ધર્મગુરુઓના અનીતિમય જીવનનો વિરોધ કરતા 'ગુરુ અને સ્ત્રી', 'વિષયી ગુરુ' જેવા લેખો લખ્યા હતા. શ્રી સહજાનંદ સ્વામીના સમકાલીન બ્રિટિશ અમલદાર કેપ્ટન મેકમર્ડોથી માંડી તેમના મૃત્યુ પછી થઈ ગયેલા કરસનદાસ કે નર્મદ જેવા સુધારકોનાં લખાણ સ્વયં સ્પષ્ટ કરે છે કે તે સમયના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં અનેક નૈતિક શિથિલતા પ્રવર્તતી હતી તથા તેના ધર્મગુરુઓનું સ્ત્રીઓ સાથેના અનૈતિક સંબંધોનું પ્રમાણ વ્યાપક હતું. અહીં નોંધપાત્ર બાબત એ છે કે સ્વામીનારાયણ સંપ્રદાયના મોટાભાગનાં વિધિવિધાનો અને આચારોમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનું અનુકરણ કરવામાં આવ્યું હતું. શિક્ષાપત્રીમાં આ બાબતે લખવામાં આવ્યું છે કે **'સર્વ વૈષ્ણવના રાજા એવા જે વલ્લભાચાર્ય તેમના પુત્ર જે વિઠ્ઠલનાથજી તે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા તેને જ અનુસરીને સર્વે વ્રત અને ઉત્સવ કરવા અને વિઠ્ઠલનાથજીએ કહી છે તે મુજબની શ્રીકૃષ્ણની સેવારીતિનું ગ્રહણ કરવું.'** (શ્લોક ૮૧, ૮૨). આમ પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનું અનુકરણ કરતી વખતે તે સંપ્રદાયમાં પ્રવર્તમાન એવી અનીતિઓથી પોતાના સંપ્રદાયને બચાવવા તેમણે આવા કડક નીતિ-નિયમો બનાવ્યા હશે. બીજી રીતે કહીએ તો સહજાનંદ સ્વામીનું આ બહુ વિવાદિત વલણ એ સમકાલીન પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રવર્તતા અનિષ્ટોની પ્રતિક્રિયા ગણી શકાય. આમ શિક્ષાપત્રીમાં પોતાના સાધુઓ માટેની કડક આજ્ઞાઓ કરીને શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના સંપ્રદાયને આ અનિષ્ટોથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યો. સાથે સાથે હજારો અબુધ સ્ત્રીઓને ધર્મના નામે થતા શોષણથી બચાવી લીધી.

શિક્ષાપત્રીની સ્ત્રીવિષયક આજ્ઞાઓના સંદર્ભમાં શ્લોક ૧૮૨માં કરાયેલી આજ્ઞા ધ્યાનાર્થે લેવા યોગ્ય છે. આ આજ્ઞા મુજબ 'જો ક્યારેય સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તે સ્ત્રીને અડીને અથવા તેની સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી તથા પોતાની પણ રક્ષા કરવી.' આ આજ્ઞા સ્પષ્ટ રીતે સૂચિત કરે છે કે તેઓ માત્ર પોતાના સંપ્રદાયને પ્રવર્તમાન અનિષ્ટોથી બચાવવા માગતા હતા પણ તેમના વ્યવહારમાં જડતા કે સ્ત્રીવિરોધ ન હતાં. આથી જ આપદ્ધર્મ તરીકે તેમણે સ્ત્રીઓને અડવાની કે બોલવાની છૂટ આપી છે. વળી આ છૂટ માત્ર સાધુઓની પોતાની પ્રાણરક્ષા અર્થે નથી પણ સ્ત્રીઓની પ્રાણરક્ષા કરવાના સંજોગોમાં પણ અપાઈ છે તે નોંધવું જોઈએ.

શિક્ષાપત્રીમાં સુવાસિની એટલે કે પરિણીત સધવા સ્ત્રીઓ માટેની આજ્ઞાઓ આ પ્રમાણે છે :

**• જે સુવાસિની બાઈઓનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તોપણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને પતિ પ્રત્યે કટુ વચન પણ ન કરવો. (શ્લોક ૧૫૯)**

**• રૂપ અને યૌવનયુક્ત તથા ગુણવાન અન્ય પુરુષનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. (શ્લોક ૧૬૦)**

**• પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે તેમ ન વર્તવું અને ઓઢ્યાનાં વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું, ભાંડભવાઈ ન જોવાં અને નિર્લજ્જ એવી સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી સ્ત્રીઓનો સંગ ન કરવો. (શ્લોક ૧૬૧)**

**• જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય ત્યારે તેણે આભૂષણો ન ધરવાં રૂડાં વસ્ત્રો ન પહેરવાં અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. પારકે ઘેર બેસવા ન જવું. (શ્લોક ૧૬૨)**

ઉપરોક્ત આજ્ઞાઓને આધારે કહી શકાય સ્વામીનારાયણ સંપ્રદાય પતિવ્રતા સ્ત્રીને આદર્શ માને છે. અને **પતિવ્રતા સ્ત્રીને સાધુ, તીર્થ અને બ્રાહ્મણ જેટલી જ પવિત્ર ગણી તેની નિંદા ન કરવાની આજ્ઞા કરે છે. (શ્લોક ૨૧)**

આધુનિક સમયના નારીવાદીઓને ઉપરની આજ્ઞાઓમાંથી શ્લોક ૧૫૯ની આજ્ઞા સ્ત્રીસમાનતાની દૃષ્ટિએ ઉચિત ન લાગે. પણ અહીં નોંધવું જોઈએ કે શિક્ષાપત્રીની આ આજ્ઞા મુજબ સ્ત્રીઓને પતિ અંધ, દરિદ્ર, રોગી અને નપુંસક હોય એ ચાર મર્યાદાઓના જ સ્વીકારની આજ્ઞા કરી છે. પણ કામી, વ્યસની, પાખંડી, હિંસક, ચોર, વ્યભિચારી જેવા દુર્ગુણો ધરાવતો હોય તો તેના સ્વીકારની આજ્ઞા આપી નથી. એક અન્ય શ્લોકમાં શિક્ષાપત્રીમાં આવા મનુષ્યનો સંગ ન કરવાની આજ્ઞા છે. (શ્લોક ૨૭, ૨૮) અંધત્વ, દરિદ્રતા, રોગી હોવું કે નપુંસક હોવું એ દુર્ગુણ નથી પણ કુદરતી, નિવારી ન શકાય તેવી મર્યાદા છે, માટે માનવતાવાદી અભિગમ દાખવી સ્ત્રીઓને મર્યાદાઓનો સ્વીકાર કરવા જણાવાયું છે. અલબત્ત આવી જ સ્પષ્ટતા સાથેની આજ્ઞા પતિ માટે કરવામાં આવી નથી તે નોંધવું જોઈએ.

વર્તમાન સમયના સંદર્ભમાં આ વલણ રૂઢિચુસ્તતાનું આગ્રહી લાગે પણ શિક્ષાપત્રી લખાઈ તે સમયના સામાજિક સંજોગોને ધ્યાનમાં રાખીને કહી શકાય કે આ આજ્ઞાઓ સ્ત્રીવિરોધી ન હતી. પણ પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના માળખામાં રહીને સ્ત્રીઓનું ગૌરવ કરવાની કોશિશ હતી.

શ્રી સહજાનંદ સ્વામીએ કરેલી સ્ત્રીવિષયક આજ્ઞાઓની સૌથી મહત્ત્વની બાબત એ છે કે શિક્ષાપત્રીમાં જે મર્યાદાઓ સત્સંગી સ્ત્રીઓ માટે નક્કી કરાઈ છે તેનાથીય વધારે કડક મર્યાદાઓ પુરુષો માટે નક્કી કરાઈ છે જેમ કે :

**• સ્ત્રીઓને પુરુષોનો સંગ નહિ કરવાની આજ્ઞા છે. (શ્લોક ૧૬૦) તો સત્સંગી પુરુષોને તો યુવા-અવસ્થા-યુક્ત પોતાની મા, બહેન અને દીકરી સંગાથે પણ આપત્કાળ સિવાય એકાંતમાં ન રહેવાની આજ્ઞા છે. (શ્લોક ૧૬૧)**

**• સ્ત્રીઓને મર્યાદા ઢંકાય તેવાં કપડાં પહેરવાની આજ્ઞા છે તો સાથે પુરુષોને પણ અંગ દેખાય તેવાં ભૂંડાં વસ્ત્ર નહિ પહેરવાની આજ્ઞા છે. (શ્લોક ૩૮)**

**• સ્ત્રીઓને મનફાવે તેમ વર્તન કરવાવાળી સ્વૈરિણી, કામથી વ્યાકુળ થયેલી કે વ્યભિચારી સ્ત્રીનો સંગ નહિ કરવાની આજ્ઞા છે. (શ્લોક ૧૬૧) તો સત્સંગી પુરુષોને પણ 'રાજાનો પ્રસંગ' હોય તેવી એટલે કે રાજાના અંતઃપુરમાં જેની અવરજવર હોય તેવા પ્રકારની સ્ત્રી સાથે સંબંધ નહિ રાખવા જણાવ્યું છે. (શ્લોક ૧૩૭) શિક્ષાપત્રી રહસ્યાર્થમાં તો આ શ્લોકનો વિસ્તારપૂર્વક અર્થ કરતાં ત્યાં સુધી જણાવ્યું છે કે ગૃહસ્થ સત્સંગીઓએ આપત્કાળમાં પણ આ પ્રકારની સ્ત્રીઓ જોડે સંબંધ નહિ રાખવો જોઈએ.**

**• કામી અને વ્યભિચારી સ્ત્રીની જેમ આવા પુરુષોનો પણ સંગ નહિ કરવો (શ્લોક ૨૭). જેને સ્ત્રીની લોલુપતા હોય તેવા મનુષ્યનો પણ સમાગમ નહિ કરવો. (શ્લોક ૨૮)**

આમ શિક્ષાપત્રી એ સ્ત્રી અને પુરુષ બંનેમાં કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર સમાન રીતે ઇંદ્રિયજન્ય ભોગોના અમર્યાદિત ઉપભોગને બદલે સંયમી અને સાદા જીવનનો આદર્શ આપ્યો છે. સ્ત્રી-પુરુષસંબંધમાં અનૈતિકતાને રોકવા માટે જ્યારે અંકુશો મૂકવાની વાત આવે છે ત્યારે આજે એકવીસમી સદીમાં પણ માત્ર સ્ત્રીઓ ઉપર જ અંકુશ મૂકવાની વાત થાય છે જ્યારે સહજાનંદ સ્વામીએ ૧૯મી સદીમાં સ્ત્રી અને પુરુષ બંનેની ઉપર સમાન રીતે નિયમનો મૂકી નૈતિકતાને આચરણમાં મૂકવાની વાત કરી છે.

**વિધવા સ્ત્રીઓ માટેની આજ્ઞાઓ :**

- **સત્સંગી વિધવા સ્ત્રીઓએ કૃષ્ણ ભગવાનને પતિની જેમ ભજવા તથા પોતાના પિતા, પુત્ર કે સંબંધીની આજ્ઞામાં રહી સ્વતંત્રપણે ન વર્તવું. (શ્લોક ૧૬૩)**
- **વિધવા સ્ત્રીએ નજીકના સંબંધ સિવાયના પુરુષોનો સ્પર્શ ક્યારેય ન કરવો અને તેમની સાથે ક્યારેય બોલવું નહિ. ધાવણા બાળક કે વૃદ્ધ પુરુષોનો દોષ ગણાતો નથી. (શ્લોક ૧૬૪,૧૬૫)**
- **યુવાન વિધવાઓએ યુવા અવસ્થાવાળા પોતાના સંબંધી પુરુષો સંગાથે એકાંતમાં આપત્કાળ વગર રહેવું નહિ. (શ્લોક ૧૭૧)**
- **હોળીની રમત રમવી નહિ. આભૂષણો ધારણ ન કરવાં, સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત ઝીણાં વસ્ત્ર ન પહેરવાં. (શ્લોક ૧૭૨)**
- **સુવાસિની સ્ત્રીના જેવો વેષ ધારણ ન કરવો. (શ્લોક ૧૬૯)**
- **વિધવા સ્ત્રીએ એકવાર આહાર કરવો અને પૃથ્વી વિશે સૂવું. મૈથુનાસક્ત પશુ, પંખી આદિ જીવનમાત્રને જોવાં નહિ.**
- **સુવાસિની અને વિધવા બંને સ્ત્રીઓએ કપડાં પહેર્યા વગર નાહવું નહિ પોતાનું રજસ્વલાપણું કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. (શ્લોક ૧૭૩)**
- **રજસ્વલા એવી સુવાસિની કે વિધવા સ્ત્રીઓએ ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને કે વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (શ્લોક ૧૭૪)**
- **સુવાસિની સ્ત્રીઓએ કપાળમાં કુમકુમનો ચાંદલો કરવો જ્યારે વિધવા સ્ત્રીઓએ તિલક પણ ન કરવું અને ચાંદલો પણ ન કરવો. (શ્લોક ૫૨, ૫૩)**

વિધવાઓ માટેની ઉપરોક્ત કઠોર અને રૂઢિચુસ્ત આજ્ઞાઓનું મૂલ્યાંકન કરતી વખતે તે સમયના ગુજરાતમાં વિધવાઓની સ્થિતિ તથા વિધવા પુનઃલગ્ન ચળવળના ઇતિહાસ ઉપર એક નજર નાખવી જરૂરી છે.

ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ વિધવાઓની હાલત દયનીય હતી. બાળલગ્નના કુરિવાજને કારણે વિધવાઓની સમસ્યાએ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ગુજરાતમાં વિધવા-પુનઃલગ્નની જાહેરમાં હિમાયત કરનારા સૌ પ્રથમ સુધારક સુરતના દુર્ગારામ મંછારામ મહેતા (૧૮૦૯-૧૮૭૬) હતા, જેમણે શાસ્ત્રોનો આધાર લઈ વિધવા-પુનઃલગ્નનો પ્રચાર કર્યો હતો. પણ સાત વર્ષના લગ્નજીવન બાદ તેઓ વિધુર બન્યા ત્યારે તેમની જ નાગર જ્ઞાતિની માધુરી નામની વિધવા સ્ત્રી તેમની સાથે લગ્ન કરવા તૈયાર હોવા છતાં તેઓએ ૯ વર્ષની કુંવારી કન્યા સાથે ઈ.સ. ૧૮૪૦માં એકત્રીસ વર્ષની વયે લગ્ન કર્યાં. એટલું જ નહિ સાસુ-સસરાના દબાણને વશ થઈને વિધવા-પુનઃલગ્નનો પ્રચાર પણ બંધ કરી દીધો. આ ઘટના સહજાનંદ સ્વામીના મૃત્યુના ૧૦ વર્ષ બાદ અને શિક્ષાપત્રીની રચનાના ૧૪ વર્ષ બાદ બનેલી છે તે ખાસ નોંધપાત્ર છે. એવી જ બીજી ઘટના ગુજરાતના પાડોશીપ્રાન્ત મહારાષ્ટ્રની છે જેમાં મહારાષ્ટ્રના વિધવા-પુનઃલગ્નના પ્રખર હિમાયતી સુધારક એમ. જી. રાનડેએ પણ ઈ.સ. ૧૮૭૩માં (શિક્ષાપત્રીની રચનાના ૪૭ વર્ષ બાદ) રમાબાઈ નામની ૯ વર્ષની કન્યા સાથે લગ્ન કર્યાં હતાં. પ્રગતિશીલ વિચારો ધરાવતી બ્રિટિશ સરકારે પણ શિક્ષાપત્રીની રચનાના ૨૮ વર્ષ બાદ ઈ.સ. ૧૮૫૪માં વિધવા-પુનઃલગ્નનો કાયદો પસાર કર્યો હતો અને તે પણ સંપૂર્ણપણે વિધવાતરફી ન હતો. આ કાયદાની મુખ્ય બે જોગવાઈઓ વિધવાઓને પુનઃલગ્ન કરી નવું જીવન શરૂ કરવાના માર્ગમાં મુખ્ય અંતરાયરૂપ હતી. જો વિધવા સ્ત્રી પુનઃલગ્ન કરે તો પ્રથમ પતિની મિલકત તેને વારસામાં ન મળી શકે.

તથા બીજી જોગવાઈ મુજબ તેને પ્રથમ પતિથી થયેલા પોતાનાં જ બાળકોનો કબજો ન મળે. અને બાળકોની જવાબદારી મૃત પતિનાં સગાંવહાલાંઓને સોંપાતી. આમ ઓગણીસમી સદીના અંત ભાગ સુધીમાં વિધવા સ્ત્રી પુનઃલગ્ન કરી પોતાનું નવું સાંસારિક જીવન શરૂ કરી શકે તેવી શક્યતાઓ લગભગ નહિવત્ હતી.

એક તરફ વિધવાઓના પુનઃલગ્નના માર્ગમાં અવરોધો હતા તો બીજી તરફ વિધવાઓ તરફ તેનાં સગાંવહાલાં તરફથી અમાનવીય ઘૃણાજનક વર્તન કરવામાં આવતું. બ્રિટિશ સરકારના એક સર્વે પ્રમાણે ૮૫ ટકા વિધવાઓ ઉપર તેનાં સાસરિયાં દ્વારા જ બળાત્કાર કરાતો. લગ્નસંબંધ વગર ગર્ભવતી બનવાને કારણે કાં તો વિધવાને આપઘાત કરવો પડતો અથવા તો પોતાના જ બાળકની હત્યા કરવી પડતી. ૧૮૮૦માં મુંબઈ પ્રાંતમાં જ ૩૮૧ કેસ ગેરકાયદેસર રીતે બાળકોને મારી નાખવાના નોંધાયા હતા. અને તે બદલ કેટલીક વિધવા સ્ત્રીઓને આજીવન કેદ કે ફાંસીની સજા પણ થઈ હતી. ઈ.સ. ૧૭૭૨માં ડભોઈમાં જમીન મહેસૂલ અધિકારી તરીકે નીમાયેલા જેમ્સ ફોર્બસે પણ પોતાના પુસ્તક 'Oriental Memories'માં વિધવાઓની દારુણ સ્થિતિનો ચિતાર આપી ગર્ભવતી બનેલી વિધવાઓના અપમૃત્યુનો ઉલ્લેખ કર્યો છે.

આમ ઓગણીસમી સદીના અંત સુધીમાં વિધવા માટે એક તરફ ખાઈ હતી તો બીજી તરફ કૂવો. એ ન તો ફરી લગ્ન કરી સ્વાભાવિક સાંસારિક જીવન જીવી શકતી હતી કે ન વિધવા તરીકે માનભેર જીવી શકતી હતી. આ સંજોગોમાં સહજાનંદ સ્વામીએ વિધવાઓ માટે શ્રીકૃષ્ણમાં જ પતિનાં દર્શન કરવાની આજ્ઞા કરીને વિધવાઓના શારીરિક અને માનસિક કુદરતી આવેગોને મનોવૈજ્ઞાનિક રીતે ભક્તિમાં વાળવાનું કામ કર્યું હતું. એ જ રીતે યુવાન વિધવાઓને યુવાવસ્થાવાળા સંબંધી પુરુષો સાથે એકાંતમાં નહિ રહેવાની આજ્ઞા(શ્લોક ૧૭૧)ને તે સમયે સામાન્ય એવા વિધવાઓ ઉપરના સંબંધી પુરુષોના જાતીય શોષણની ઘટનાઓની પ્રતિક્રિયા ગણી શકાય. અલબત્ત સહજાનંદ સ્વામીએ ઉપરોક્ત વિચારને ધ્યાનમાં રાખીને જ આ આજ્ઞાઓ કરી છે કે એક સંપ્રદાયના વડા તરીકે રૂઢિચુસ્ત પરિબળોને આધીન થયા છે તે ચોક્કસપણે કહી શકાય નહિ.

આમ શિક્ષાપત્રીની વિધવાઓ માટેની આજ્ઞાઓ એ એક સાંપ્રદાયિક વડાનો વ્યવહારુ અભિગમ સૂચવે છે, ક્રાંતિકારી પરિવર્તનનો નહિ. જે સમયે સમાજ, ધર્મ અને રાજ્યે સ્ત્રીના કુદરતી સહજ શારીરિક આવેગોને ભોગવવાનો મૂળભૂત અધિકાર છીનવી લીધો હતો તેવા સમયમાં શિક્ષાપત્રીની આજ્ઞાઓએ ધર્મના માળખા દ્વારા શારીરિક આવેગોને ઉત્તિજિત થવાની સંભાવનાવાળા સંજોગોથી વિધવાઓને દૂર રાખવાની કોશિશ કરી છે. અને સ્વાભાવિક જાતીય આવેગોને વશ થતી કે જાતીય શોષણનો ભોગ બનતી અનેક વિધવાઓને રાજ્ય, ધર્મ અને સમાજ-પ્રમાણિત જીવન જીવવાનો આદર્શ આપ્યો છે.

અહીં વિધવાસંબંધી અન્ય એક આજ્ઞા ખાસ નોંધપાત્ર છે. જે મુજબ 'જે વિધવા પાસે જીવનપર્યંત પોતાનો જીવનનિર્વાહ થઈ શકે તેટલું જ ધન હોય તો તે પોતાને માટે જ રાખી મૂકવું અને ધર્મકાર્ય માટે પણ વાપરવા ન આપવું. જો તેનાથી વધુ મિલકત હોય તો જ તેણીએ તે મિલકત ધર્મકાર્યમાં આપવી. (શ્લોક ૧૬૭) આ લેખમાં આગળ ઉપર વિધવાઓની દયનીય દશાનો ચિતાર આપવામાં આવ્યો છે. જે મુજબ કેટલીયે વિધવાઓને જીવનનિર્વાહ ચલાવવા પુરુષોના અત્યાચારનો ભોગ બનવું પડતું હતું. વિધવાઓ માટેની આ આજ્ઞાઓ ઘડતી વખતે આ સંજોગોને બરાબર લક્ષમાં લેવામાં આવ્યા છે તેવું કહી શકાય.

રજસ્વલા ધર્મ અંગેની આજ્ઞાઓના સંરક્ષણમાં એટલું જ કહી શકાય કે મનુષ્ય શરીર અંગેની વૈજ્ઞાનિક માહિતીના અભાવના એ જમાનામાં માત્ર ગુજરાત કે ભારતમાં જ નહિ સમગ્ર વિશ્વના જુદા જુદા પ્રદેશોમાં રજસ્વલા સ્ત્રીઓ માટે જુદી જુદી અવૈજ્ઞાનિક માન્યતાઓ પ્રવર્તતી હતી. સહજાનંદ સ્વામી પણ તેમાં અપવાદ ન હતા.

**ધાર્મિક સહિષ્ણુતા :**

સ્વામીનારાયણ સંપ્રદાયમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના મોટા ભાગના આચારોને અપનાવવામાં આવ્યા છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો શૈવમત ધરાવનાર સાથે કટ્ટર વિરોધનો ભાવ ધરાવે છે. અને ઘણીવાર શિવ શબ્દનું ઉચ્ચારણ પણ કરતા નથી. આ સમયે શિક્ષાપત્રીમાં ધાર્મિક ઉદારતાનું વલણ દાખવતાં જણાવ્યું છે કે **'નારાયણ અને શિવજી એ બંનેનું એકાત્મપણું જાણવું કેમ કે વેદમાં એ બંનેનું બ્રહ્મરૂપે પ્રતિપાદન કર્યું છે.'** (શ્લોક ૪૭) સૈદ્ધાંતિક રીતે જ નહિ વ્યાવહારિક આચારની રીતે પણ ઉદાર વલણ દાખવતાં શિક્ષાપત્રીમાં લખ્યું છે કે **'જે બ્રાહ્મણોની કુટુંબની પરંપરા રુદ્રાક્ષની માળા અને ત્રિપુંડ્ર ધારણ કરવાની હોય તેણે સ્વામીનારાયણ ધર્મનો સ્વીકાર કર્યા પછી પણ ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ત્યાગ ન કરવો.'** (શ્લોક ૪૬) શિક્ષાપત્રીમાં સંપ્રદાયના આશ્રિતોને **'વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચદેવને પૂજ્ય ગણવાનું જણાવવામાં આવ્યું છે.'** (શ્લોક ૮૪) આ તમામ આજ્ઞાઓ ધાર્મિક સહિષ્ણુતાનું સૂચન કરે છે. આજે એકવીસમી સદીમાં પણ જે ધાર્મિક ઉદારતાનો અભાવ જોવા મળે છે તે આદર્શ સહજાનંદ સ્વામીએ ૧૯મી સદીમાં શિક્ષાપત્રી દ્વારા ચરિતાર્થ કરવાની કોશિશ કરી હતી.

**સદાચાર ધર્મનો પ્રચાર :**

શિક્ષાપત્રીના સંપ્રદાયના અનુયાયીઓ માટે પ્રાર્થના ઉપવાસ, તિલક, ચાંદલો કે અન્ય વિધિવિધાનો જેટલાં મહત્ત્વનાં ગણાવાયાં છે તેટલું જ મહત્ત્વ સદાચારી વર્તનને પણ આપવામાં આવ્યું છે, જેમ કે ચોરી ન કરવી (શ્લોક ૧૭), જુગાર ન રમવો (શ્લોક-૧૮), લાંચ ન લેવી (શ્લોક-૨૬), કોઈનો વિશ્વાસઘાત ન કરવો (શ્લોક-૩૭), ગરીબો પ્રત્યે દયાવાન થવું (શ્લોક ૮૩), રોગી મનુષ્યોની સેવા કરવી (શ્લોક ૧૩૯), પોતાના સેવકની, સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે, સંભાળ રાખવી (શ્લોક ૬૭), પોતાનાં કામકાજ કરવા જે મજૂર રાખ્યા હોય તેમને જેટલું ધન કે ધાન્ય આપવાનું નક્કી કર્યું હોય તેનાથી ઓછું ન આપવું. (શ્લોક ૧૫૨)

આમ શિક્ષાપત્રી અનુસાર ધર્મ એ પારલૌકિક બાબતો અંગેનું પાંડિત્યભર્યું ચિંતન માત્ર નથી. પણ રોજિંદા વ્યવહારમાં દયા, પ્રામાણિકતા, નિર્લોભીપણું, જેવા ગુણો પણ એટલા જ મહત્ત્વના છે. કિશોરલાલ મશરૂવાળા પણ જણાવે છે કે સહજાનંદ સ્વામી માટે વિદ્વત્તા કરતાં નૈતિક ચારિત્ર્ય વધારે મહત્ત્વનું હતું, જેને માટે સંપ્રદાયમાં વૃત્તાંત શબ્દ વાપરવામાં આવે છે.

**નીચલા વર્ગની ઉન્નતિ :**

સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓનો એક મોટો વર્ગ આર્થિક અને સામાજિક દૃષ્ટિએ સમાજના નીચલા થરમાંથી આવતો હતો. આ વર્ગમાં આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક એવી અનેક ટેવો પ્રચલિત હતી. તેઓ ભૂત, પ્રેત, ડાકણ-સાકણમાં માનતા હતા તથા વ્યસની હતા. શિક્ષાપત્રીની રચના કરતી વખતે સહજાનંદ સ્વામીએ આ વર્ગમાં પ્રવર્તમાન દૂષણોને ધ્યાનમાં રાખી કેટલીક આજ્ઞાઓ કરી છે. જેમ કે **'ગાળ્યા વગરનું જળ કે દૂધ નહિ પીવાં જે પાણી ગંદું અને જીવજંતુવાળું હોય ત્યાં સ્નાન ન કરવું. જીર્ણ દેવાલય, નદી-તળાવના સારા વૃક્ષની છાયા કે બગીચાઓ વિગેરે જગ્યાઓમાં ક્યારેય મળ-મૂત્ર ન કરવું, થૂંકવું નહિ. (શ્લોક ૩૦, ૩૨) એ જ રીતે જુગટું એટલે કે જુગાર ન રમવો તથા ભાંગ, મફર, માજમ ગાંજો જેવા કેફી પદાર્થો ખાવા નહિ કે પીવા પણ નહિ, કોઈને ગાળ ન દેવી'** (શ્લોક ૨૦). એ જ રીતે ભૂત-પ્રેત અંગેની માન્યતાઓ અંગે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે **'જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો પણ બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જાપ કરવો નહિ.'** અહીં એક સ્પષ્ટતા કરવી જોઈએ કે શિક્ષાપત્રીમાં ભૂત, પ્રેત કે તેના જેવી અવૈજ્ઞાનિક માન્યતાઓનું ખંડન કરવામાં આવ્યું નથી. માત્ર આવા સંજોગોમાં નીચલા વર્ગના લોકોમાં પ્રચલિત દેવદેવીઓને બદલે ઉચ્ચવર્ણના સમુદાયના દેવને શરણે જવાની વાત કરવામાં આવે છે. (શ્લોક ૮૫) એ જ રીતે સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓનો એક વર્ગ

કાઠિયાવાડના કાઠી, કોળી, ગરાસિયા જેવી કોમોમાંથી આવતો હતો. આ કોમો ચોરી-લૂટફાટ જેવા ગુનાની પ્રવૃત્તિઓમાં સક્રિય હતી. શિક્ષાપત્રીએ ચોરી નહિ કરવાની આજ્ઞા કરીને આ શિષ્યોને સન્માર્ગે દોર્યા હતા.

આમ સહજાનંદ સ્વામીએ સમાજના આ છેવાડાના વર્ગનો હાથ ઝીલી તેમને પોતાના સંપ્રદાયમાં સ્થાન આપ્યું એટલું જ નહિ, શિક્ષાપત્રીની તેમની આજ્ઞાઓના માધ્યમથી તેમને ઉચ્ચવર્ગની રીત-ભાતો શીખવાડીને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયત્ન કર્યો.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને ૨૦મી સદીમાં આવેલા પાશ્ચાત્ય શિક્ષણ લીધેલા અને તે સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા અનેક સુધારકોએ સમાજના બધા વર્ણો વચ્ચે સમાનતાની હિમાયત કરી છે પણ જ્યાં સુધી સમાજનો નીચલો વર્ગ આર્થિક રીતે પછાત હોય, ખાનપાન અને અન્ય સાંસ્કૃતિક દૃષ્ટિએ વિભિન્નતાઓ ધરાવતો હોય, શારીરિક રીતે અસ્વચ્છ હોય ત્યાં સુધી સમાજનો ઉપલો વર્ગ તેનો વાસ્તવિક રીતે સ્વીકાર કરે નહિ અને સામાજિક સમાનતાની વાત પોથીમાંનાં રીંગણાં જેવી જ રહી જાય છે. સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી દ્વારા ઉચ્ચવર્ગનાં ધાર્મિક, સાંસ્કૃતિક મૂલ્યો અને રીતભાતોનો નીચલા વર્ગને પરિચય કરાવ્યો જેથી ત્રણ-ચાર પેઢી બાદ આ રીતભાતો અને મૂલ્યો આત્મસાત્ થઈ તેમના જીવનમાં વણાઈ જાય અને ઉપલા અને નીચલા વર્ગો વચ્ચેનો ભેદ આપોઆપ નાબૂદ થાય અને સામાજિક સમાનતાના સિદ્ધાંતને ખરા અર્થમાં આપણે અમલમાં મૂકી શકીએ.

**વર્ણાશ્રમવ્યવસ્થા અંગેની આજ્ઞાઓ :**

શિક્ષાપત્રી વર્ણાશ્રમધર્મનું સમર્થન કરે છે. કિશોરલાલ મશરૂવાળા જણાવે છે કે 'સહજાનંદ સ્વામીના મતે વર્ણાશ્રમધર્મનું પાલન આવશ્યક છે અને લોકકલ્યાણ અર્થે મનુ આદિક ઋષિઓએ એનું સ્થાપન કર્યું છે માટે મોક્ષની ઈચ્છાવાળાએ તેનો ત્યાગ ન કર્યો.' શિક્ષાપત્રીમાં પણ વર્ણાશ્રમ ધર્મ અંગે લખ્યું છે કે **જેના હાથનું રાંધેલ અન્ન અને જળ ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તે પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી હોય તો પણ ગ્રહણ કરવું નહિ** (શ્લોક ૧૯) શિક્ષાપત્રીમાં અન્યત્ર વર્ણભેદ અંગે જણાવ્યું છે કે **'બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેય વર્ણના સત્સંગી તથા શૂદ્રોમાં જેમને સત્શૂદ્ર ગણાવ્યા છે તે ગળામાં તુલસીની માળા ધારણ કરે અને કપાળમાં તિલક અને ચાંદલો કરી શકે પણ સત્શૂદ્ર કરતાં ઊતરતા અસત્શૂદ્રો માત્ર કંઠી અને ચાંદલો કરી શકે પણ તિલક કરી શકે નહિ.'** (શ્લોક ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫) (શિક્ષાપત્રી રહસ્યાર્થ ગ્રંથ અનુસાર તિલકનું મહત્ત્વ એ છે કે તિલક કર્યા વગર કોઈપણ ધર્મક્રિયા કરવાનો અધિકાર રહેતો નથી.)

સ્વામીનારાયણ સંપ્રદાયમાં શૂદ્ર બે પ્રકારના ગણાવ્યા છે સત્શૂદ્ર અને અસત્શૂદ્ર. ગોપ, ગોવાળ, વાળંદ, દરજી, કુંભાર વગેરે સત્શૂદ્ર ગણાય છે, જ્યારે ભીલ, હૂણો, પ્રલિંદ, ચંડાલ, ભરવાડ, કાઠી, યવન, ખોજા વગેરેને અસત્શૂદ્ર ગણવામાં આવ્યા છે. આમ શિક્ષાપત્રીએ ચઢતા-ઊતરતા કોટિક્રમ મુજબની ભારતની ચતુઃવર્ણવ્યવસ્થાનો સ્વીકાર કર્યો છે. છતાં પણ તિલક અને ચાંદલા જેવી સાંપ્રદાયિક દૃષ્ટિએ મહત્ત્વની બાબતોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જેટલા જ અધિકારો કેટલાક શૂદ્ર ગણાતા સમુદાયના લોકોને આપીને સંપ્રદાયમાં સમાનતા આણવાની કોશિશ કરી છે અને વાળંદ, દરજી, ગોપ જેવી નીચી ગણાતી કોમોને બ્રાહ્મણોની સમકક્ષ તિલક ચાંદલાનો અધિકાર આપ્યો છે.

**વ્યવહારુ જીવનમાં ઉપયોગી આજ્ઞાઓ :**

જેમ એક પરિવારના વડીલ પોતાના પરિવારના સભ્યોને આદર્શ વાતોની સાથે વ્યવહારુતાના પાઠ પણ શીખવે છે તેમ શ્રી સહજાનંદ સ્વામી પણ એક કાબેલ યોજક (organiser) હતા. તેમણે તે સમયની પરિસ્થિતિને લક્ષમાં રાખી દરેક સમય અને કાળમાં ઉપયોગી થાય તેવાં ઉપયોગી સૂચનો કર્યાં છે. સામાન્ય રીતે ધર્મ અને સંપ્રદાયને લગતા ગ્રંથોમાં વ્યવહારુ જીવન પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે જ્યારે શિક્ષાપત્રીએ સામાન્ય લોકોને વ્યવહારુ થઈ પડે તે માટે નીચે મુજબની આજ્ઞાઓ કરી છે :

૧. રાજાના માણસ કે રાજા સાથે વિવાદ કરવો નહિ.

૨. પોતાની ઊપજ મુજબ જ ખર્ચ કરવો ઊપજ કરતાં વધુ ખર્ચ કરતાં દુઃખી થવાય છે. (શ્લોક ૧૫૪)

૩. ઊપજ અને ખર્ચનું નિત્ય જાતે નામું લખવું. (શ્લોક ૧૪૬)

૪. જમીન અને ધનની લેવડદેવડ પુત્ર અને મિત્રની સાથેની હોય તોપણ સાક્ષી રાખી લખાણ કર્યા વગર કરવી નહિ. (શ્લોક ૧૪૩)

૫. કરજ કર્યું હોય તો છાનું ન રાખવું. (શ્લોક ૧૫૨)

૬. ગૃહસ્થ સત્સંગીઓએ જરૂરિયાત જેટલા અન્ન-ધનનો સંગ્રહ કરવો. (શ્લોક ૧૪૧)

૭. શત્રુ કે રાજાના ઉપદ્રવથી ધન કે પ્રાણનો નાશ થતો હોય તો પોતાના મૂળ ગરાસનું ગામ તથા વતન હોય તોપણ તત્કાળ ત્યાગ કરી દેવો.

ઉપરોક્ત આજ્ઞાઓ આર્થિક વ્યવહારોમાં સાવચેતી રાખવાની તથા વિવાદ અને સંઘર્ષને ટાળીને શાંતિમય જીવનની સલાહ આપે છે.

**સમાપન :**

શ્રી સહજાનંદ સ્વામીએ ઓગણીસમી સદીના પ્રારંભમાં સ્વામીનારાયણ સંપ્રદાયની ધુરા સંભાળી અને માત્ર ત્રણ જ દાયકાના ટૂંકા ગાળામાં ગુજરાતમાં એક મજબૂત ધાર્મિક સંપ્રદાયનો પાયો નાખ્યો. શિક્ષાપત્રી ગ્રંથ દ્વારા તેમણે સંપ્રદાયના આશ્રિતોને તત્કાલીન રાજકીય, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિને લક્ષમાં લઈ તેની પ્રતિક્રિયારૂપે રૂઢિમાન્ય વ્યવહારુ માર્ગદર્શન આપ્યું છે. આ આજ્ઞાઓ પાછળના હેતુની ચર્ચા કરતી વખતે નોંધવું જોઈએ કે કેટલીક આજ્ઞાઓ જે-તે આદર્શને પ્રસ્થાપિત કરવાના હેતુથી રચાઈ હતી. તેવા સંપ્રદાયના અર્થઘટનની સાથે આ આજ્ઞાઓએ નવાસવા ઊભા થયેલા સંપ્રદાયને મજબૂત કરવાની જરૂરિયાત પણ હતી તે ન ભૂલવું જોઈએ. દા.ત., ધાર્મિક સહિષ્ણુતાનો સંદેશ આપતી આજ્ઞાઓ દ્વારા વૈષ્ણવ આચારો ધરાવતા સંપ્રદાયમાં ઉદારતાથી શૈવપંથી બ્રાહ્મણોનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. આ આજ્ઞા પાછળ ધાર્મિક ઉદારતાના મૂલ્યની સાથે જ્ઞાનપરંપરાનો વારસો ધરાવતા અને વર્ણવ્યવસ્થાના કોટિક્રમ પ્રમાણે સૌથી ઊંચું સ્થાન ધરાવતા બ્રાહ્મણોને સંપ્રદાયમાં સમાવવાની જરૂરિયાત પણ રહેલી હતી તે નોંધવું જોઈએ.

આ લેખનો મુખ્ય હેતુ શિક્ષાપત્રીના પ્રભાવને કારણે આવેલા સામાજિક પરિવર્તનને સમજવાનો હોવાથી શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાછળના હેતુ કરતાં આજ્ઞાપાલનના પ્રભાવને કારણે સંપ્રદાયના આશ્રિતોમાં આવેલું પરિવર્તનનું સ્વરૂપ વધારે મહત્ત્વનું છે. અન્ય સાંપ્રદાયિક સાહિત્યની જેમ શિક્ષાપત્રીની આજ્ઞાઓ એ સંપ્રદાયના આશ્રિતો માટે 'ઈશ્વરીય આજ્ઞાઓ' હોવાથી કોઈપણ પ્રકારનો સંશય લાવ્યા વગર પરમ શ્રદ્ધાથી તેઓ તેનો સ્વીકાર કરે છે. શ્રી મણિલાલ ભાલજા નામના સત્સંગી તેમના સાંપ્રદાયિક ગ્રંથમાં લખે છે કે 'શિક્ષાપત્રીની દરેક આજ્ઞા શ્રી સ્વામીનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે પાળવાની હોય તો જ ભાગવત ધર્મ છે. દા.ત. દૂધ કે પાણી ગાળીને પીવાની આજ્ઞાનું પાલન એ આરોગ્યની દૃષ્ટિએ કરવામાં આવે તો ભાગવત ધર્મ ના કહેવાય. પણ તેમાં પ્રભુના સ્વરૂપને ઓળખી તેમની આજ્ઞાની તથા એમની પ્રસન્નતા માટે આ ક્રિયા કરવામાં આવે તો જ એ ભાગવત ધર્મનું પાલન ગણી શકાય.' આ દૃષ્ટિકોણનું જમાપાસું એ છે કે જે બાબતોનું પાલન કરવામાં દૃઢ મનોબળની જરૂર પડે છે તે બાબતોનો ધર્મના માધ્યમ દ્વારા સરળતાથી સ્વીકાર થઈ શકે છે. દા.ત. લોભામણા વાતાવરણની વચ્ચે વ્યસનોથી દૂર રહેવામાં 'ઈશ્વરની આજ્ઞા' મનુષ્યે શોધેલા વૈજ્ઞાનિક તર્ક કરતાં સામાન્ય માણસને માટે વધુ મદદરૂપ થાય છે પણ આ અભિગમની સૌથી મોટી મર્યાદા એ છે કે સાંપ્રદાયિક સાહિત્ય 'ઈશ્વરનો શબ્દ' મનાતો હોવાથી તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન શક્ય બનતું નથી.

શિક્ષાપત્રીની ઘણી આજ્ઞાઓ આગળ લેખમાં જણાવ્યું તે પ્રમાણે તત્કાલીન સામાજિક, રાજકીય અને ધાર્મિક સ્થિતિની પ્રતિક્રિયારૂપે કે તત્કાલીન સમયની

જરૂરિયાતોના સંદર્ભમાં લખાઈ હતી. તે પરિસ્થિતિ આજે બદલાઈ જતાં આ આજ્ઞાઓ પ્રસ્તુત રહેતી નથી અને વર્તમાન સંદર્ભમાં તેનું અર્થઘટન જરૂરી બને છે. જેમકે 'દૂધ અને પાણી ગાળીને પીવાની આજ્ઞા સામાજિક રીતે પછાત વર્ગના સંપ્રદાયના આશ્રિતોના માર્ગદર્શન માટે આજથી લગભગ બસો વર્ષ પહેલાં કરવામાં આવેલી. આજે સૂક્ષ્મ અશુદ્ધિઓને ગાળી શકતા વોટર પ્યોરિફાયરના જમાનામાં પરંપરાગત ગળણાની જરૂર નથી. ઊલટું આ પરંપરાગત પદ્ધતિ તો ક્યારેક અશુદ્ધિ ઉમેરવાનું કામ કરે છે. છતાં પણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ આ આજ્ઞાનું જડતાથી પાલન કરે છે. શિક્ષાપત્રીની પ્રસ્તુતતા ગુમાવી ચૂકેલ સૌથી મહત્ત્વની આજ્ઞાઓ એ સ્ત્રીઓ વિશેની છે. આગળ જણાવ્યા પ્રમાણે આ આજ્ઞાઓ પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના મહારાજો અને સ્ત્રીઓ વચ્ચેના અનૈતિક સંબંધોની પ્રતિક્રિયારૂપે કરાઈ હતી. આજે આ સંદર્ભ રહ્યો નથી. સ્ત્રીઓની સ્થિતિ છેલ્લાં બસો વર્ષમાં ખૂબ સુધરી છે. સમાજના સ્ત્રીઓ પ્રત્યેના અભિગમમાં પણ ખાસું પરિવર્તન આવ્યું છે. આ સંજોગોમાં શિક્ષાપત્રીની આ આજ્ઞાઓ પુનઃ અર્થઘટન માગી લે છે.'


**સંદર્ભ ગ્રંથો**

(૧) કિશોરલાલ મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામીનારાયણ સંપ્રદાય'

(૨) શતાનંદ મુનિ, 'સત્સંગી જીવન'

(૩) શિક્ષાપત્રી, સ્વામીનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ દ્વારા પ્રકાશિત

(૪) મણિલાલ ભાલજા, 'સહજાનંદ સ્વામી'

(૫) મુનિ સ્વામીશ્રી કેશવપ્રિયદાસજી, 'શિક્ષાપત્રી રહસ્યાર્થ'

(૬) ડૉ. શિરીન મહેતા, 'ગુજરાતમાં નારી ચેતના'


## વ્યક્તિસ્વાતંત્ર્ય

વ્યક્તિસ્વાતંત્ર્યની મને કિંમત છે પણ માણસ મૂળે સામાજિક પ્રાણી છે તે ન ભૂલવું જોઈએ. સામાજિક પ્રગતિની જરૂરિયાતોને વ્યક્તિરૂપે બંધબેસતા થવાનું શીખતાં-શીખતાં જ તે આજની સ્થિતિએ પહોંચ્યો છે. નિરંકુશ વ્યક્તિસ્વાતંત્ર્ય એ તો જંગલના પશુનો જીવન-નિયમ છે. આપણે વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સામાજિક અંકુશ વચ્ચે મધ્યમ માર્ગ કાઢતાં શીખ્યા છીએ. સામાજિક અંકુશોનો આખા સમાજના કલ્યાણના હિતની દૃષ્ટિએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં જ વ્યક્તિનો તેમ જ સમાજનો અભ્યુદય રહેલો છે.

- ગાંધીજી

# વૃદ્ધત્વના ઉદ્‌ભવની રૂપરેખા

-ડૉ. ભાનુ એન. કાપડિયા

**પ્રસ્તાવના :**

વૃદ્ધોની વસ્તીમાં થઈ રહેલો વધારો એ વૈશ્વિક ઘટના છે. વિકસતા દેશોમાં વૃદ્ધોની સંખ્યા સતત વધી રહી છે. 'વિશ્વમાં ૬૫ વર્ષ કે તેથી વધુ વયના ૩૩% વૃદ્ધો ભારત અને ચીનમાં રહે છે. અને આગામી દાયકાઓમાં બંને દેશોમાં વૃદ્ધોની સંખ્યામાં ધરખમ વધારો થશે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજિંગના છેલ્લામાં છેલ્લા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ભારત અને ચીનમાં ૨૦૦૮માં ૬૫ વર્ષથી વધુ વયના વૃદ્ધોની સંખ્યા ૧૬.૬ કરોડ હતી. અમેરિકાની એન.આઈ.એ. (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજિંગ) સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વમાં સૌથી વધુ વસ્તીવાળા ભારત અને ચીનમાં ૨૦૪૦માં વૃદ્ધોની સંખ્યા વધીને ૫૫.૧ કરોડ થઈ જશે. ભારતમાં ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધોની સંખ્યા ૨૨.૨ કરોડ હશે. એન.આઈ.એ.ના વર્તણૂક અને સામાજિક સંશોધન વિભાગના ડિરેક્ટર રિચર્ડ સૂઝમને જણાવ્યું છે કે માનવીના ઇતિહાસમાં પ્રથમવાર ૧૦ વર્ષમાં ૬૫ વર્ષ અને તેનાથી વધુ વયના લોકોની સંખ્યા વધુ હશે.' (દિવ્ય ભાસ્કર, ૨૩ જુલાઈ-૨૦૦૯)

એક બાજુ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજિંગના વર્તણૂક અને સામાજિક સંશોધન વિભાગના ડિરેક્ટર રિચર્ડ સૂઝમન એવું જણાવે છે કે માનવીના ઇતિહાસમાં પ્રથમવાર ૧૦ વર્ષમાં ૬૫ વર્ષ અને તેનાથી વધુ વયના લોકોની સંખ્યા વધુ હશે. બીજી બાજુ આપણા ઉપનિષદોમાં માણસને ૧૦૦ વર્ષ જીવવાનું કહ્યું છે. 'શતં જીવ શરદ !' બાઈબલમાં માનવની અવધિ ૭૦ વર્ષની ગણવામાં આવી છે. (રાવલ, ચંદ્રિકા : ૨૦૦૩-૧૨૯), ડૉ. પટેલ હિતેશે પોતાના પુસ્તક 'વૃદ્ધત્વની સમસ્યા'માં જણાવ્યું છે કે માનવસમાજના ઉગમકાળથી વૃદ્ધો તો હતા જ. (ડૉ. હિતેશ પટેલ : ૧૯૯૯ : ૨)

ઉપર દર્શાવેલી અલગ-અલગ રજૂઆતોથી આપણે સ્પષ્ટ થઈ શકતા નથી કે વૃદ્ધત્વનો ઇતિહાસ વાસ્તવમાં શું છે. અહીં કેટલાક વિદ્વાનોએ કરેલાં સંશોધનોના આધારે વૃદ્ધત્વના ઇતિહાસનો ખ્યાલ મેળવીએ.

**વૃદ્ધત્વ એટલે શું ?**

વૃદ્ધ એટલે વૃદ્ધિ પામેલો અને વળી સતત વૃદ્ધિ પામનાર.

વયવૃદ્ધિ એ જૈવિક-શારીરિક અને માનસિક અર્થાત્ ચેતાતંત્રની ક્ષીણતાની પ્રક્રિયા છે. જન્મથી મૃત્યુ સુધીનું માનવજીવન અખંડ સાતત્યપૂર્ણ હોવા છતાં વયવૃદ્ધિની પ્રક્રિયાને અનુકૂળતા ખાતર વિભિન્ન તબક્કાઓમાં વહેંચવામાં આવે છે. બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. વૃદ્ધાવસ્થા જૈવકીય દૃષ્ટિએ જીવનના અંતિમ તબક્કામાં દેખા દે છે. વૃદ્ધત્વ માટે સામાન્ય વ્યવહારમાં આપણે જુદા જુદા શબ્દોનો ઉલ્લેખ કરીએ છીએ. જેવા કે – વાર્ધક્ય, વૃદ્ધાવસ્થા, જીવનનો ઉત્તરાર્ધ, ઢળતી ઉંમર, જરાવસ્થા, ઘડપણ, બુઢાપો, વાનપ્રસ્થાવસ્થા, જીવનસંધ્યા, પાનખર વગેરે શબ્દો વાપરીએ છીએ. (ચંદ્રિકા રાવલ : ૨૦૦૩ : ૧૨૩)

ભગવદ્‌ગોમંડલમાં વૃદ્ધત્વની સમજૂતી નીચે મુજબ આપવામાં આવી છે.

પુ.-અનુભવી પ્રૌઢ માણસ.

(સં.) પુ.-ઘરડો માણસ, પ્રવયા, સ્થવિર, જીન, જીર્ણ, જરઠ-આ છ પુલ્લિંગ નામ વૃદ્ધનાં છે. વર્ષીયસ્, દશમિન્, જયાયસ્,-આ ત્રણ પુલ્લિંગ નામ અતિવૃદ્ધનાં છે.

પુ.-વડીલ, વડવા, બાપદાદા, વડેરા

પુ.-વૃદ્ધાવસ્થામાં તાપસની પ્રવ્રજ્યા લેનાર માણસ, વાનપ્રસ્થ

વિ.-ઘરડું, બુઢ્ઢું, પાકી ઉંમરે પહોંચેલું, જૈફ.

વિ.-મોટેરું (ભગવદ્‌ગોમંડલ ભા-૮ : ૮૧૬૧)

વૃદ્ધાવસ્થા એટલે સં. વૃદ્ધ+અવસ્થા (સ્થિતિ)

સ્ત્રી, ઘડપણ, મોટી અવસ્થા, જૈફી, જરી, ઘડપણની સ્થિતિ, બુઢાપો, વાર્ધક્ય, જરાવસ્થા

● સ્થવિર, વૃદ્ધત્વ, વાર્ધક્ય-આ ત્રણ પુંલિંગ નામ વૃદ્ધાવસ્થાનાં છે.

● વિસ્રસા, જરા-આ બે સ્ત્રીલિંગ નામ પણ વૃદ્ધાવસ્થાનાં છે. (ભગવદ્‌ગોમંડલ ભાગ-૮ : ૮૧૬૩)

વૃદ્ધ કોને કહેવો એ પ્રશ્ન છે. પશ્ચિમના દેશોમાં અને ભારતમાં આ અંગે શારીરિક વયને ધ્યાનમાં લેવામાં આવે છે. ભારતની વસ્તી-ગણતરીમાં ૬૦થી વધુ વયના લોકોને વૃદ્ધ અને ૬૫ વર્ષની વ્યક્તિને સીનિયર સિટિઝન તરીકે ઓળખવામાં આવે છે. (ચંદ્રિકા રાવલ : ૨૦૦૩ઃ ૧૨૪) ગુજરાત સરકાર વૃદ્ધ પેન્શન યોજના માટે ૬૦ વર્ષ કે તેથી મોટી ઉંમરની વ્યક્તિને વૃદ્ધ તરીકે સ્વીકારે છે. (વૃદ્ધ પેન્શન યોજના : ૧૯૮૬ : ૧)

એચ. એસ. ભાટિયાના મતે વૃદ્ધત્વને ત્રણ રીતે જોઈ શકાય છે.

(૧) જૈવિક વૃદ્ધત્વ (Biological Aging)

(૨) માનસિક વૃદ્ધત્વ (Psychological Aging)

(૩) સામાજિક વૃદ્ધત્વ (Social Aging)

**(૧) જૈવિક વૃદ્ધત્વ :**

જીવનની પ્રક્રિયા શારીરિક અને માનસિક પરિવર્તનની બનેલી છે. એમાં વિકાસ અને ક્ષીણતાની અસર હોય છે. જીવનના પ્રારંભમાં વિકાસ પ્રભુત્વ ધરાવે છે. જ્યારે પાછલાં વર્ષોમાં ક્ષીણતા પ્રભુત્વ ધરાવે છે. વૃદ્ધત્વમાં આવતાં શારીરિક પરિવર્તનો જૈવકીય છે.

**(૨) માનસિક વૃદ્ધત્વ :**

માનસિક વૃદ્ધત્વ વ્યક્તિની માનસિક ક્ષમતા સાથે સંબંધિત છે. શારીરિક વિકાસની સાથે કેટલીક વાર માનસિક વિકાસ તે જ પ્રમાણે જોવા મળતો નથી. વૃદ્ધત્વની ઉંમરના ગાળામાં વ્યક્તિનો 'સ્વ' વિશેનો ખ્યાલ બદલાતો જોવા મળે છે. વ્યક્તિનાં જૂથવર્તન, જિંદગી અને સમાજ વિશેના વિચારો અને મનોવલણો બદલાતાં જોવા મળે છે. માનસિક ઉંમર વ્યક્તિગત રીતે જુદી અને વર્તનમાં વિકાસની પ્રક્રિયારૂપે જોવા મળે છે.

**(૩) સામાજિક વૃદ્ધત્વ :**

સામાજિક ઉંમર એ વ્યક્તિની ભૂમિકા અને ટેવ સાથે સંકળાયેલ જોવા મળે છે. જે તે જૂથ અને સમાજ સાથે તે સંબંધ ધરાવે છે. દરેક સમાજ પોતાના બાળકનું સામાજિકીકરણ પોતાના જૂથ અને સમાજનાં-સંસ્કૃતિનાં જે મૂલ્યો સંસ્થીકૃત થયાં હોય તે મુજબ કરે છે. તેના દ્વારા એ પઢી દર પેઢી ઉતારવા માટે પ્રયત્ન કરે છે. જેમાં એ મૂલ્યો, ધોરણો, આવડત વગેરે શીખવે છે. તથા એ મુજબ ભૂમિકા ભજવતાં શીખવે છે. આ રીતે આ તબક્કામાં એમણે વૃદ્ધત્વની ભૂમિકા નિભાવવાની હોય છે. (એચ. એસ. ભાટિયા : ૧૯૮૩ : ૩, ૪)

આ રીતે વૃદ્ધત્વના જુદા જુદા વિદ્વાનોએ આપેલા ખ્યાલ બાદ આપણે વૃદ્ધત્વના ઉદ્‌ભવની રૂપરેખા વિશે જાણીએ.

**વૃદ્ધત્વનો આંતરરાષ્ટ્રીય ઇતિહાસ :**

રિચાર્ડ સી. ક્રેન્ડલ (Gerontology-A Behavioral Scicence Approach-1979 : 24)માં વૃદ્ધત્વના ઉદ્‌ભવ અંગેની જાણકારી આપી છે. તેઓ આ પુસ્તકમાં લખે છે કે વર્તમાન સમયમાં વૃદ્ધાવસ્થા અને વૃદ્ધત્વના મુદ્દાઓ સાથે સંબંધિત અભ્યાસોમાં રસ વધ્યો છે, કારણકે મનુષ્યના આયુષ્યની ધારણામાં વૃદ્ધિ થયેલી છે. ભૂતકાળમાં વૃદ્ધત્વ નહોતું તેથી વૃદ્ધત્વ કે વૃદ્ધાવસ્થા સંબંધિત અભ્યાસો થયા નહોતા. આયુષ્યનો ગાળો વધવાનો ખૂબ જ ટૂંકો ભૂતકાળ છે. વૃદ્ધત્વનું કારણ વિચાર માગી લે છે.

અમેરિકાના પુરાતત્ત્વ ખાતાના ખોદકામથી પુરાવા મળ્યા છે કે (દોઢ લાખથી એક લાખ વર્ષ અગાઉ) નેન્ડરથલ મેન (પથ્થર યુગ પહેલાનો માનવી) વધુમાં વધુ ૨૦ વર્ષનું આયુષ્ય ભોગવતો હતો. એકપણ ખોપરી ૫૦ વર્ષ સુધીનું આયુષ્ય ધરાવતા માનવીની મળેલ નથી. આમ પથ્થર યુગ પહેલાનો માનવી માત્ર ૨૦ વર્ષનું આયુષ્ય ભોગવતો હતો.

પથ્થર યુગમાં માનવી (એક લાખ વર્ષ અગાઉ) પણ માત્ર ૨૦ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવતો હતો. માત્ર ૧ ટકા માનવીના આયુષ્યનો સમયગાળો ૫૦ વર્ષ સુધીનો હતો.

પ્રાગૈતિહાસિક યુગમાં પણ (ઈ.સ. ૩૫૦૦૦ થી ઈ.સ. પૂર્વ ૮૦૦૦) માત્ર એક ટકા માનવીના ખોપરીના

પુરાવા ૫૦ વર્ષનું આયુષ્ય ભોગવતા હોવા અંગેના મળ્યા છે. ૬૫ વર્ષનું આયુષ્ય ધરાવતા માનવીનો એકપણ પુરાવો મળેલ નથી.

ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. ૫૦૦ના સમયગાળામાં (Kentucky) રાજ્યમાં રહેતા ૧૧૦૦ આદિવાસીઓની (રેડ ઇન્ડિયન્સ) ખોપરીના પુરાવા પરથી શોધી કાઢ્યું કે માત્ર ૧ ટકા માનવી ૫૦ વર્ષનું આયુષ્ય ભોગવતા હતા. ૬૫ વર્ષનું આયુષ્ય ધરાવતા માનવીનો એકપણ પુરાવો મળેલ નથી.

ઈ.સ. પૂર્વે ૧૦૦૦ના લગભગ ૧૮ વર્ષ બાદ નગરીકરણનો ઉદ્ભવ થતાં કેટલાંક પરિબળોને કારણે આયુષ્ય ઝડપથી વધવા માંડ્યું.

પ્રાચીન ગ્રીસમાં મનુષ્ય ૨૦ થી ૩૦ વર્ષનું આયુષ્ય ભોગવતો હતો. માત્ર ૩ ટકા લોકો ૫૦ વર્ષનું આયુષ્ય ભોગવતા હતા. જ્યારે ૧ ટકા માનવી ૬૫ વર્ષનું આયુષ્ય ભોગવતા હતા.

મધ્યકાલીન યુગમાં ઇંગ્લેન્ડમાં મનુષ્યના ૩૩ વર્ષના આયુષ્ય અંગેના પુરાવા મળેલ છે. Massachusetts Bay Colonyમાં ૩૫ વર્ષનું અને અમેરિકામાં ૧૯૦૦માં ૪૮ વર્ષનું આયુષ્ય નોંધાયું છે.

પશ્ચિમના સમાજોમાં રોમની પડતી પછી આયુષ્ય વધવાની સંભાવનાઓ વધી છે. નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર આધુનિક યુરોપમાં પણ માત્ર ૧ ટકા માનવી ૬૫ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવતા હતા. અને ૩ ટકા માનવી ૫૦ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવતા હતા. જ્યારે ૧૯મી સદીમાં ૮ ટકા યુરોપિયનો ૫૦ વર્ષ સુધીનું અને ૪ ટકા માનવી ૬૫ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવવા લાગ્યા.

'ભૂતકાળમાં મનુષ્ય જુદી જુદી વિકટ પરિસ્થિતિઓ જેવી કે ભૂકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, જીવલેણ રોગો, ભૂખમરો, યુદ્ધો અને કામની પરિસ્થિતિથી વૃદ્ધત્વ પહેલાં જ માનવી મૃત્યુ પામતો સામાન્ય રીતે નબળા લોકો ટકી શકતા નહિ તેથી બહુ જ ઓછાં ઉદાહરણો વૃદ્ધાવસ્થા સુધી પહોંચવાનાં મળી આવેલાં છે.' (ક્રેન્ડલ રિચાર્ડ સી. ૧૯૭૯ : ૨૫).

**કોષ્ટક**

| સમયગાળો | ૫૦ વર્ષથી વધુ આયુષ્ય ટકામાં | ૬૫ વર્ષથી વધુ આયુષ્ય ટકામાં |
|---|---|---|
| નેન્ડરથલ મેન | – | – |
| પથ્થર યુગનો માનવી | ૧ | – |
| પ્રિ. કોલંબિયન ઇન્ડિયન | ૧ | – |
| પ્રાચીન ગ્રીક | ૩ | ૧ |
| ગ્રીક અને રોમન | ૪ | ૧ |
| આધુનિક યુરોપનો માનવી | ૩ | ૧ |
| ૧૭મી સદીનો યુરોપનો માનવી | ૪ | ૧ |
| ૧૯મી સદીમાં યુરોપિયનો | ૮ | ૪ |

(Source : Cowgirl Donald O 1970 'The demography of Aging' in A.M. Hoffman)

'ઔદ્યોગિકીકરણની વૃદ્ધો પર નકારાત્મક અસર થઈ જેથી સામાજિક માળખામાં વિક્ષેપ પેદા થયો છે. સામંતશાહી માળખું તૂટી ગયું. યુવાવયના કામદારોનું સમૂહ-સ્થળાંતર થતાં વૃદ્ધોની સંભાળ લેનાર કોઈ ન રહ્યું. ગીલ્ડ સીસ્ટમ ભાંગી પડતાં જરૂરિયાતમંદ અને વૃદ્ધ લોકોને સહાય મળતી બંધ થઈ.' (રિચાર્ડ સી. ક્રેન્ડલ, ૧૯૭૯ : ૨૮)

બીજી અસર એ થઈ કે કારખાનામાં યંત્રો યુવાનો જ ઓપરેટ કરી શકે. વૃદ્ધોને તે અંગેનું જ્ઞાન અને કૌશલ્ય ન હોય. તેથી ઉત્પાદન ઘટે તો આર્થિક નુકસાની વેઠવી પડે. તેવી માન્યતાથી વૃદ્ધોને છૂટા કરવામાં આવતા અને વૃદ્ધો પોતાની આવક ગુમાવતા.

ત્રીજી અસર એ થઈ કે ઔદ્યોગિક કામદારોને વસ્તુ સમજવામાં આવતા. કાર્લમાર્કસે જણાવ્યું છે કે તેઓ અસલામત અને અસુવિધાવાળી જગ્યાએ કામ કરતા. તેમના માટે કોઈ આરોગ્યવિષયક સુવિધા, વીમા યોજના કે પેન્શન યોજના નહોતી.

ચોથી અસર હકારાત્મક હતી અને તે એ હતી કે કામદારો માટે ટ્રેડ યુનિયનો સ્થપાયાં. આવાં યુનિયનો સ્થપાતાં પેન્શન યોજના, વીમા યોજના, આરોગ્યની

સુવિધાઓ વગેરે દ્વારા સલામતી મળવા લાગી. આવી સલામતીને કારણે મનુષ્યના આયુષ્યમાં વધારો થવા લાગ્યો. આયુષ્યના વધારાને પરિણામે વૃદ્ધોની વસ્તીમાં વધારો થયો.

યુરોપમાં વૃદ્ધજનોની સમસ્યાઓનો ઉદ્‌ભવ, વિકાસ અને સ્વીકાર ૧૯મી સદીના ઉતરાર્ધમાં થયો. અમેરિકામાં ૨૦મી સદીના પૂર્વાર્ધમાં આનો સ્વીકાર થવા લાગ્યો. ભારતમાં પણ ૧૯૨૧ પછી જે રીતે વૃદ્ધજનોની સંખ્યા વધતી જાય છે તેનાથી સમાજનું ધ્યાન ખેંચાયું છે.

વૃદ્ધજનોના વૈજ્ઞાનિક અભ્યાસનો પ્રારંભ પશ્ચિમના તબીબી ક્ષેત્રમાં થયો છે. ૧૯૨૯માં રિબ્નીકોવે વૃદ્ધોના વર્તનનો અભ્યાસ કરતી નવી વિદ્યાશાખા તરીકે 'જરાવિજ્ઞાન' (Gerontology) પરિભાષા પ્રયોજેલ છે.

અમેરિકામાં ૧૯૨૦-૩૦ના અરસામાં વૃદ્ધોની સંખ્યામાં થતી જતી વૃદ્ધિ અને વૃદ્ધોની ચિંતાજનક સામાજિક-આર્થિક પરિસ્થિતિમાંથી વયવૃદ્ધિ (Aging) અભ્યાસનો વિષય બન્યો. ૧૯૨૦માં કોટરેલ નામના વિજ્ઞાનીએ વૃદ્ધાવસ્થાના સમાજ-મનોવૈજ્ઞાનિક પાસા પર ભાર મૂક્યો.

વિશ્વના મનોવૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રીઓ, તબીબી વિજ્ઞાનીઓ અને જીવ વિજ્ઞાનીઓએ વૃદ્ધત્વના જુદાં જુદાં પાસાં પર અભ્યાસો કર્યા છે. સમાજશાસ્ત્રમાં આ અંગેની એક વિશિષ્ટ શાખા વાર્ધક્યનું સમાજશાસ્ત્ર (Sociology of Aging) ઉદ્‌ભવ વિકાસ થયેલો જોવા મળે છે. (ડૉ. રાવલ ચંદ્રિકા, ૨૦૦૩ : ૧૩૦)

**ભારતમાં વૃદ્ધત્વનો ઈતિહાસ :**

ભારતમાં હિંદુ ધર્મગ્રંથોમાં (લગભગ ઈ.સ. પૂર્વે ૨૦૦૦) મનુષ્યના ૧૦૦ વર્ષના આયુષ્યને ધ્યાનમાં રાખીને તેના જીવનની ચાર પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. ધર્મગ્રંથોમાં માનવી ગૃહસ્થાશ્રમ પૂરો કરી વાનપ્રસ્થાશ્રમી બને તેવો નિર્દેશ છે. માટે પ્રાચીન યુગમાં વાનપ્રસ્થમાં પ્રવેશ કરતાં પહેલાં સંતાનોને જવાબદારી સોંપી વનમાં રહેવા માટે જતો. જૂના કાળની આશ્રમવ્યવસ્થાને એક આદર્શ ગણી શકાય.

'વાનપ્રસ્થ જીવન તાત્ત્વિક રીતે એવું સૂચન કરે છે કે મનુષ્યે પોતાની જીવન-જરૂરિયાતો ઓછી કરી સાંસારિક બાબતોમાંથી ધીરે ધીરે નિવૃત્તિ લઈ આત્મકલ્યાણ માટે તૈયારી કરવી જોઈએ.' (ડૉ. પટેલ તારા, ૧૯૮૨ : ૯૨) પ્રાચીન સમયથી આ પ્રકારની સમાજવ્યવસ્થામાં વૃદ્ધોના પ્રશ્નો ઊભા થવાની શક્યતા ઓછી હતી. પરંતુ સ્વાતંત્ર્ય બાદ એટલે કે ૧૯૫૧ પછી આરોગ્ય-સુધારણાના કાર્યક્રમો, પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છતા, પોષક આહાર, તબીબી સુવિધાઓમાં થયેલો વધારો, શિક્ષણ, બાળકોના જન્મ વચ્ચેના અંતરમાં વધારો વગેરે કારણોસર ભારતમાં સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે. એટલે કે પહેલાંની તુલનામાં આજે વ્યક્તિ વધુ વર્ષો સુધી આયુષ્ય ભોગવે છે. આજે આયુષ્યની ધારણામાં ૧૦૦ ટકાની વૃદ્ધિ થયેલી જોવા મળે છે.

મધ્યકાલીન યુગમાં યુદ્ધો, દુષ્કાળ, અતિવૃષ્ટિ, ભૂકંપ વગેરે જેવી પરિસ્થિતિ અને તંદુરસ્તીની રક્ષા માટે આધુનિક સમય જેવી સુવિધાઓ ન હતી. તેથી મનુષ્ય બહુ લાંબું આયુષ્ય ભોગવતો નહોતો. જેના કારણે વૃદ્ધોનો ખાસ પ્રશ્ન ઊભો થતો નહિ.

પરંતુ આધુનિક યુગમાં આઝાદી બાદ આ પરિસ્થિતિમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ અને આરોગ્ય તેમજ પોષણ અંગેની જાગૃતિને કારણે મનુષ્યની આવરદામાં ખૂબ જ વધારો નોંધાયો છે. જેમ કે ભારતમાં ૧૯૦૧માં મનુષ્યનું સરેરાશ આયુષ્ય ૨૩ વર્ષનું હતું. ૧૯૫૧માં ૩૨ વર્ષનું થયું. ૨૦૧૧માં વધીને ૬૬.૮ વર્ષનું થયું હોવાનો અંદાજ છે. ભારતમાં ૧૯૦૧ થી ૨૦૧૧ સુધીના આયુષ્ય અંગેનું કોષ્ટક નીચે મુજબ છે :

**કોષ્ટક**

**ભારતમાં સરેરાશ આયુષ્ય**

| ક્રમ | સમયગાળો | સરેરાશ આયુષ્ય પુરુષો | સરેરાશ આયુષ્ય સ્ત્રીઓ |
|---|---|---|---|
| ૧. | ૧૯૦૧-૧૯૧૧ | ૨૨.૫૯ | ૨૩.૩૧ |
| ૨. | ૧૯૧૧-૧૯૨૧ | ૧૯.૪૨ | ૨૦.૯૧ |
| ૩. | ૧૯૨૧-૧૯૩૧ | ૨૬.૯૧ | ૨૬.૫૬ |
| ૪. | ૧૯૩૧-૧૯૪૧ | ૩૨.૦૯ | ૩૧.૩૭ |
| ૫. | ૧૯૪૧-૧૯૫૧ | ૩૨.૪૫ | ૩૧.૦૬ |
| ૬. | ૧૯૫૧-૧૯૬૧ | ૪૧.૮૯ | ૪૮.૫૫ |
| ૭. | ૧૯૬૧-૧૯૭૧ | ૪૭.૧૦ | ૪૫.૬૦ |
| ૮. | ૧૯૭૧-૧૯૮૧ | ૫૪.૦૧ | ૫૪.૦૭ |
| ૯. | ૧૯૮૧-૧૯૯૧ | ૬૧.૦૦ | ૬૧.૦૦ |
| ૧૦. | ૧૯૯૧-૨૦૦૧ | ૬૩.૮૭ | ૬૬.૦૯ |
| ૧૧. | ૨૦૦૧-૨૦૧૧ | ૬૫.૭૭ | ૬૭.૯૫ |

સંદર્ભ : (Cencus of India) ૧૯૦૧-૨૦૧૧

**સમાપન :**

ઉપર્યુક્ત બાબતો પરથી આપણને સ્પષ્ટ જણાઈ આવે છે કે ભૂતકાળમાં મનુષ્ય જુદી જુદી વિકટ પરિસ્થિતિઓ જેવી કે ભૂકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, જીવલેણ રોગો, ભૂખમરો, યુદ્ધો અને કામની પરિસ્થિતિથી વૃદ્ધત્વ પહેલાં જ મૃત્યુ પામતો તેથી બહુ જ ઓછા લોકો વૃદ્ધાવસ્થા સુધી પહોંચી શકતા. ઉપનિષદમાં જણાવવામાં આવ્યું છે કે શતં જીવ શરદ. તેનો અર્થ એવો થાય છે કે મનુષ્યને વડીલો આવી વિકટ પરિસ્થિતિમાં પ્રવૃત્તિ કરતાં કરતાં ૧૦૦ વર્ષ જીવવાના આશીર્વાદ આપે છે. આજે વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી માનવજીવન સુરક્ષિત બન્યું છે તેથી વૃદ્ધાવસ્થા દેખાય છે.

❑

## પ્રેમનો અધિકાર

માણસ તેના પડોશીઓને તેમના પ્રત્યેના પોતાના પ્રેમની તથા પોતાની સંગીન નિર્ણયશક્તિની ખાતરી કરાવી આપે તથા પોતાના નિર્ણયનો સ્વીકાર ન થાય અથવા તેનો અમલ ન થાય ત્યારે તે જરાયે અસ્વસ્થ ન થાય એની એને પોતાને ખાતરી હોય તો જ આકરામાં આકરી ટીકા કરવાનો હક તેને પ્રાપ્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, ટીકાનો અધિકાર મેળવવા માટે સ્પષ્ટ દૃષ્ટિ પ્રાપ્ત કરવાને માણસમાં પ્રેમની શક્તિ અને સંપૂર્ણ સહનશીલતા હોવાં જોઈએ.

- ગાંધીજી

# Emerging Social and Cultural Issues of Development in Gujarat and India*

**N. Rajaram**

The focus of this paper is on social and cultural issues of development. Today, development has become the buzz word of contemporary discourse. On hoardings behind buses and bill boards in cities of Gujarat the words 'the only word of Gujarat- Development, Development and Development'[1] is displayed prominently. It has become the catchphrase of contemporary political debate and has caught the imagination of people of not only in Gujarat but the whole country. In a short span of time, Gujarat has become the cynosure of the world, literally. Today, 'development' has come to be considered as "natural and necessary" (Rist, 2008:43); it also refers to the way western society has developed being extended to all other societies (Rist, 2008:44; Latour,1993:97-106)).

Development refers to a desired outcome of change, which is consciously planned and navigated by the state. It refers primarily to economic outcomes; and so nowadays distinction is being made between 'economic' and its 'social' dimensions - by various bodies including the UN, by emphasising 'human development' indicators as way to compare nations and regions of the world. Sociologists, along with others concerned with development, have been emphasising 'social development' as a category and concept through which to analyse the phenomenon. Justice, especially social and individual justice, would be a core concept of development, for economic development often raises the questions - development for whom? This refers to the obvious fact that development has implications for various social and cultural groups affected by it. The processes of development - the how question of how it takes place- also has links to issues of justice.

Development, as mentioned earlier, is a loaded term, which refers to the processes as well as to outcomes of those processes. Thus the concentration is not only on the outcome but the path, the means by which the outcome was reached. In the following sections I examine how development while showing continuity is still grappling with issues of moving from injustice to justice, from inequity to equity, from greed to sustainability, exclusion to inclusion, from alienation to a processes of involvement and

- This is a revised paper of the keynote address titled Social & Cultural Issues of Development - in Panel 1 of 21st Conference of Gujarat Sociological Society held at Department of Sociology, Saurashtra University, Feb 1, 2014

participation of people being affected by development.

I

The 'age of development'began when President of United States of America, Harry S. Truman in his inauguration speech on January 20, 1949 declared the people of 'Southern hemisphere' as 'underdeveloped' (Sachs, 2010:xvi; Esteva, 2010:1; Escobar, 1995:3; Rist, 2008:70-72). Thus began the era whereby former colonies - in the aftermath of Second World War- of Asia and Africa and Latin America, hoped to catch up with the developed west. Globally at that time there were two competing models - the Soviet state dominated model of development and the other that of west - where markets dominated.

India embarked upon mixed path of development; but bulk of major sectors of the economy were state controlled, and the presence the state was everywhere and all visible. It followed a worldview that state knew what is good for the economy and society; and thus needed to control the production and distribution of resources and services. This resulted in centralisation of decision making, and the creation of an elite who used their influence and power to increase their power, status and wealth. It was an era in which the pursuit to 'modernize' - in an attempt to catch up with the developed countries, by following top down path of development; there was a search for one -common -solution to problems which often varied owing to social and cultural differences.

By the beginning of the last decade the twentieth century, globally there was a change- a change brought about by technology. Changes in ICT ushered in what we now call the age of 'globalisation'. This was the era which marked the collapse of eastern Europe in 1989 and ultimately Soviet Union itself in 1991 and along with it, its model of development. The state controlling the levers of economy and society no longer held that appeal; and Marxian ideology got a setback. In India the age of globalization, more or less coincided with the opening of Indian economy to forces of privatization and making the market take centre stage, marking the end of approach to development termed Nehruvian, but inspired by Soviet ideas. It was the beginning of neo-liberal era.

The age of globalisation marked easier movement of finance and capital - but not of labour. Now manufacturing shifted to countries of the south; and with the liberalising of economies, "goods, money, information, images and people" now started flowing across frontiers and gave "rise to a transnational space in which interactions occur freely, as if national spaces did not exist" (Sachs, 2010:vii). This resulted in the expansion and growth of middle class, who now were consuming goods and leading a style

of life which their parents could not think of. Globally there was a geographical shift to the 'south; and this has been now taken note of bodies like UNDP (2013) which titles its latest human development report as "The Rise of South: Human progress in a diverse world". This report notes the emergence of countries of the South, and states that

*"by 2020, according to projections developed for this Report, the combined economic output of three leading developing countries alone—Brazil, China and India—will surpass the aggregate production of Canada, France, Germany, Italy, the United Kingdom and the United States. Much of this expansion is being driven by new trade and technology partnerships within the South itself (UNDP, 2013:iv)*

Globally and in India, now development has come to refer to 'market' driven growth and development. Berthoud (2010: 75) says "undeniably, our time is characterized by a deep belief in the powers of the market to solve the world's development problems". He goes on to say that " in the west, there is a broad consensus that market capitalism...(is) the best possible system for the whole of humanity". In India this shift in thinking began in the late 80s. In India, over the last two-three decades, the state actively has encouraged more and more sectors of the economy to be controlled by the market. Gujarat for long has been an area has been known as a place of trade and commerce. Given its long coast line, people residing in what is today's Gujarat have had trade relations with the middle-east and Africa. Gujarat is known as a developed state (Hirway & Mahadevia, 2007:1); in fact it has a history of doing well economically. The people of the state are known for their entrepreneurial spirit and cities and towns are known as industrial hubs. Besides this, it was a region where alternative economic institutions - like cooperatives, with Amul being the most famous - and SEWA - the largest union of women workers in the informal sector - have emerged and flourished for a long period.

So with the changing of gears in Indian economy, owing to forces of neo-liberalism, and the economy opening up to forces of globalisation, Gujarat only accelerated in its economic development. But now, market and private capital, became the engines of economic development. Some of the institutions which were doing well in the Gujarat and which were under state control - called a 'navratnas' (nine gems) like IPCL (Indian Petrochemical Corporation)- were privatised! This has been carried to giving licenses to companies to mine in areas which were restricted and the most recent instance of this is reflected in the cancellation of licenses of nearly 50 percent of leases in Vadodara and

Chhotaudepur districts[2]. Further, this process of privatisation was carried to other arenas as well - which would otherwise be considered to be the concern of state like education and health. India's growing middle classes have embraced this market driven model of development (Rajaram, 2013, 2012) in a big way. But this shift to market control has resulted in continuance of issues of social and cultural concern, while at the same time creating a new ones. The shift to market to expedite the development path has been iatrogenic!

## II

Scholars like Comeliau (2002:80) point out "The operation of the market ... is intrinsically a mechanism for the cumulative strengthening of inequalities, especially once it becomes the dominant mechanism of social regulation". So Rist (2008:230) points out that there is "something absurd when the international agencies bewail poverty and claim to be engaged in a struggle against it, while at the same time they stress the need to make markets work better for the poor". Sachs (2000:13) quotes from Human Development Reports of 1998 that "in 1996, the 20 percent of the world population living in affluent countries had an income at their disposal 82 times higher than the poorest 20 percent of the world population; in 1960, it was just 30 times higher". Global inequality is only increasing.

So what is happening to the economy in India is thus not surprising. It is now increasingly accepted, that in the era of globalisation and liberalisation, the informal sector in Indian economy, has only expanded. The Arjun Sengupta Committee Report -officially known as *National Commission for Enterprises in the Unorganised Sector* - in its report of 2007 (NCEUS, 2007:i) states that there was "a higher growth rate of employment during 1999-00 to 2004-05. But the additional employment created during this period was entirely informal, whether in the unorganised or organised sector". The same report goes on to state that " informal workers now constitutes 92 percent of the total workforce". Perhaps this can be best illustrated in Gujarat where the organised private textile mills have declined; and correspondingly there has been a growth in the informal sector power-looms especially in cities like Surat. Even by 2004-05, a large proportion of population in India was poor; and that "77 percent of the population had a per capita daily consumption of upto Rs. 20/- (in 2004-05)"(NCEUS, 2007:i). The social consequences of increasing informalisation of economy has resulted that the benefits of growth has gone to a small section; and that the inequality between well off and the poorer sections had increased. Thus this borne out indirectly, as the number

of persons who filed income tax returns in 2012, was "only 3.5 crore people, or 2.89 percent of the country's total population of more than 121 crore, file income tax return in India" according to Finance Minister P. Chidambaram[3]. This strengthens the exclusionary process of those who are lower in the class ladder. Besides these exclusionary processes, the language of market - which is measured only by money - itself changes social relations into monetary relations. Human relations are reified in market relations and thus strengthen the process of alienation, which was well explained by Karl Marx in Economic & Philosophical Manuscripts of 1844[4].

Thus we see old and new forms of exclusionary processes at work.

**III**

The second set of issues is to do with development in the age of globalisation. Changes in ICT technology has changed the way we conduct our social relations in the public and private spheres. While new technology has helped to overcome traditional barriers to market relations, by making transfer of funds through the click of a mouse on the computer, it also has brought changes to the way we keep in touch with each other. Thus the cell phone -which has made the traditional land line phone passe- has become ubiquitous. While access has become easier, it also has become intrusive, with people calling and disturbing on holidays and after office hours. Further, it rings so often that conversations between two persons are rarely smooth and free of the ring of the mobile.

It has also made changes in the way we conduct our relations in the private sphere, viz. the family and others with whom we are close. ICT has enabled spouses to be in touch and yet work either in separate places, either within the same country or even across transnational space. Thus the notion of family and family bonds in sociology has undergone a change; it no longer refers to a group living in close geographical space (that is proximity) as one could still have close bonds across physical space, as regular and frequent communication enables bonds to be strengthened and reinforced. Marital ties, sibling relations and family ties have taken a new meaning.

The new developments in technology of communication has also blurred the private-public distinction. Communication is now through face book and such other social media sites, where in people put a lot of intimate and private information. But once uploaded, and even if eliminated from your account, they do not get eliminated from the cyber world. So some times the private information for consumption of personal family members - can become public. Thus many of you might have had this

experience of when you switch your computer, a greeting awaits you by greeting you 'happy birthday'.

Now your purchases, eating habits, leisure time activities and all such transactions; done through credit card/ debit card are all used by various agencies to keep a tab on you. Much more this technology is such, that since you carry your phone with you, you can be traced and tracked. There is no private sphere for a person; every aspect of a person's life is public.

Thus at one level it has enabled human beings to feel safe and seek help, but at the same time It has also made them more vulnerable as the information put up on social media sites are used by companies to target them for selling their goods and products.

Social processes are affected by this emphasis on market dominated development. At the societal level, the processes of inter-relations are based on materialism. Materialism and the pursuit of it is the hall mark of 'success'; and all other pursuits or achievements, if not translated into material terms, is 'meaningless' in social terms. Thus it affects family, community, social and cultural bonds. Material consumption is a pursuit in which people search for a never attainable happiness and meaning.

Further, in this market driven culture, all achievers are valorized; but if they are from marginal section, their achievement is all the more for the have arrived in spite of odds. Their success - be it in sports like that of Mary Kom, a tribal from Manipur or the success of a dalit writer or others in other professions are often received as success of the individual; but the social discrimination of which they are a victim, tends to get side lined and not become part of the discourse. Thus in today's discourse, there is less talk of the social structure and more of the individual! So In the contemporary discourse, social aspects of relations become opaque and every achievement is a celebration of the individual.

**IV**

At the cultural level, the present path of development has resulted in certain issues emerging. Post-modernists have referred to this emerging' culture as pastiche art (Jameson, 1991: 16-18;) - that which is imitative of others, while Baudrillard (1998; 110-111) refers to as 'kitsch', the common art objects of a consumerist society. All this is seen in India of today, in terms of dress, gadgets and food that is consumed; a common life style is emerging globally, where the middle and aspiring middle wish to shop in malls and go to see movies in multiplexes. Thus whether it is Delhi or Vadodara or Anand, the mall culture has become ubiquitous. But there are other areas where its influence and impact is seen in more dramatic ways.

Experts on language point out that the language of market dominates in communication, be it English or Hindi

in India. Thus other languages are losing out. In our multi-lingual situation, the nature of language spoken seems to be going the way of material culture. There is a lot of code switching and code mixing in the media, films and in daily use[5].

Thus in this context, it is not surprising to note that in a recent survey - 'People's Linguistic Survey of India' project -the director of the project, Ganesh Devy, recently announced that they have found "780" languages spoken in India; and during the last 50 years, 220 languages have been lost[6]. Ganesh Devy further states that "languages live if people who speak the languages continue to live. So we need to look after the well- being of the people who use those languages, which means we need a micro-level planning of development where language is taken as one factor". Thus the model of development has to be different from that which is at being followed.

**V**

To conclude, the reaction to the above by scholars working on development is that the present model of development - be it state driven or market driven - will only perpetuate injustice, inequity, alienation, exclusion and deprivation of resources. What is needed is to abandon this 'west' based model; reformulate social relations with ecology, and change the existing model of development, by including social justice and improve in living conditions (Rist, 2008; Sachs, 2000, 2010; Latouche:2009). These issues confront us in India and the state as the present path of capitalism perpetuates a lifestyle based on 'waste' and pollution; and the need for sustainable development has become problematic. The issues which emerge from present path is to look for alternatives which focuses on 'social' development (Ooomen, 2013), ensures social justice, increases inclusion and is participatory, decentralised and sustaining.

**References**


- Baudrillard, Jean: 1998: ***The Consumer Society: Myths and Structure.*** Sage, London.
- Berthoud, Gerald:2010: "Market" in ***The Development Dictionary*** edited by Wolfgang Sachs. Zed Books, London and New York, pp.75-94
- Comeliau, Christian:2002: ***The Impasse of Modernity,*** Zed Books, London.
- Escobar, Arturo: 1995: ***Encountering Development - The Making and Unmaking of Third World.*** Princeton University Press, New Jersey.
- Esteva, Gustavo: 2010: "Development" in ***The Development Dictionary*** edited by Wolfgang Sachs. Zed Books, London and New York.pp. 1 -22
- Hirway, Indira & Darshini Mahadevia:2007?: ***Gujarat Human Development Report -2004.*** Mahatma Gandhi Labour Institute, Ahmedabad. (source: http://data.undp.org.in/shdr/gujarat/report.pdf-April 2 2007)
- Jameson, Frederic: 1991: ***Postmodernism or the Cultural Logic of Late Capitalism.*** Duke University Press, Durham.
- Latouche, Serge: 2009: ***Farewell to Growth.*** Polity press. Cambridge.

- Latour, Bruno: 1993: ***We Have Never Been Modern.*** Harvard University Press, Cambridge, Mass.
- Marx, Karl: 1959: ***Economic and Philosophical Manuscripts of 1844.*** Progress Publishers, Moscow. Source: http://www.libcom.org/library/1844-manuscripts-karl-marx
- NCEUS (National Commission for Enterprises in the Unorganised Sector): *2007:Report* ***on Conditions of Work and Promotion of Livelihoods in the Unorganised Sector.*** New Delhi.
- Oommen, T.K.:2013: ***Understanding Social Development.*** Central University of Gujarat, Gandhinagar (Keynote address at 20th Conference of Gujarat Sociological Conference - Social Development in Gujarat and India: Retrospect & Prospect, Jan 19)
- Rajaram, N: 2012: "The Indian middle class in the era of globalization and liberalization" in ***Modernization, Globalization and Social Transformation*** edited by I.P. Modi. Rawat. 2012. pp. 297-313
- ____, N: 2013: "The Indian Middle Class and Consumption Culture: Change and Continuity" in ***Culture and Economic Transformation*** edited by Surjit Singh and Surinder S. Jodka. Rawat Publications, Jaipur. 2013. pp. 149-171
- Rist, Gilbert: 2008: ***The History of Development- From Western Origins to Global Faith.*** Zed Books, London & New York.3rd edition.
- Sachs, Wolfgang: 2000: ***Development -The Rise and Decline of an Ideal.*** Wupperthal papers.(Source: http://epub.wupperinst.org/frontdoor/deliver/index/docld/1078/.../WP108.pdf %E2%80%8E)
- ____: 2010: "Introduction" in ***The Development Dictionary*** edited by Wolfgang Sachs. Zed Books, London and New York. pp. xv-xx
- _____: 2010: "Environment" in ***The Development Dictionary*** edited by Wolfgang Sachs. Zed Books, London and New York.pp. 24-37
- UNDP (United Nations Development Programme): 2013: ***Human Development Report 2013 - The Rise of the South: Human Progress in a Diverse World.*** New York.


**Notes**

1. This was and is seen on the billboards displayed during the months (January to April 2014) leading to the general elections of 20114.
2. See Divyabhaskar, Vadodara, February 15, 2014, p.2. According to the news item in the paper, of 584 leases in vadodara-Chhotaudepur districts, 50 percent would be affected by the High Court order of cancellation of leases for not getting prior permission of central government.
3. This information was given by Finance Minister P Chidambaram, while addressing the 5th meeting of the parliamentary consultative committee attached to his ministry on Wednesday, December 19, 2012 in New Delhi. He also went on to say that "Only 14.6 lakh people have declared their income of Rs.10 lakh and above for tax purposes, which is not realistic" . Source: http://www.deccanherald.com/content/299566/less-3-percent-File-income.html: (accessed Jan 14, 2014)
4. See Karl Marx: Economic & Philosophical Manuscripts of 1844, pp. 29-35. Source: -http://www.libcom.org/library/1844-manuscripts-karl-marx (accessed Jan 13, 2014)
5. Code switching and code mixing refers to using two languages while speaking. Examples bound - like a Bollywood film was titled *"jab* we met", where *jab* refers in Hindi to 'when' and the subsequent two words are from English. In speech, Indians switch from English to Hindi or Gujarati (in Gujarat) or other languages depending upon the context.
6. See the blog written by David Lalmalsawma; source: http://blogs.reuters.com/india/2013/09/07/india-speaks-780-languages-220-lost-in-last-50-years-survev/ (accessed: December 10, 2013)

# લગ્ન માટે વરકન્યાની ઉંમરની લાયકાત તથા અયોગ્ય લગ્નથી થતી હાનિ

અનુવાદક :
-ડૉ. વસંતરાય લક્ષ્મીશંકર ઓઝા

**નિવેદન :** અત્રે રજૂ કરવામાં આવેલો લેખ : 'લગ્ન માટે વરકન્યાની ઉંમરની લાયકાત તથા અયોગ્ય લગ્નથી થતી હાનિ.' જુલાઈ ૧૯૩૦માં 'વૈદ્યકલ્પતરુ' નામના આયુર્વેદ પર આધારિત માસિકમાં પ્રકાશિત થયેલો છે. તેમાં કોઈ એક લેખકનું નામ દર્શાવવામાં આવ્યું નથી અને અનુવાદક એક હોમીયોપેથીક ડૉક્ટર છે. ૧૯૨૯ના શારદા એક્ટમાં સૂચિત કરેલી છોકરા અને છોકરીના લગ્નની વયને અનુલક્ષીને ૨૦મી સદીના ત્રીજા દાયકાના અંતિમ વર્ષે વૈદ્યો અને ડૉક્ટરોએ શાસ્ત્રોના સંદર્ભો ટાંકીને કરેલું સ્પષ્ટ સમર્થન જણાય છે. અલબત્ત તેના અમલ અંગેની શંકા પણ રજૂ થઈ છે. અને વૃદ્ધલગ્ન પરના અંકુશ માટે પણ ગર્ભિત સૂચન કરવામાં આવ્યું છે. વળી એ સમયની રૂઢિચુસ્ત, ધર્મભીરુ અને કંઈક અંશે દંભી પ્રજા માટે આ શિક્ષિત વૈદ્યો નોંધે છે કે, '...પણ બાળલગ્નની શોખીન પ્રજા તેને માટે નિર્માણ કરેલ દંડ ભરીને પણ લાભ લીધા વિના ચૂકશે નહિ.' આ ઉપરાંત લેખમાં સ્પષ્ટ આલેખ્યું છે કે બાળલગ્ન અને વૃદ્ધલગ્ન એ બંને કુલગ્ન-પ્રથાને લીધે વિધવાઓની સામાજિક અને માનસિક સમસ્યા વધારે દુષ્કર બને છે. એટલું જ નહિ પ્રસ્તુત લેખમાં દીકરીનાં માતા-પિતાની દ્રવ્ય-લાલસા અને કન્યાવિક્રય જેવા સામાજિક પ્રશ્નો પરત્વે પણ વાચકનું ધ્યાન દોર્યું છે. ટૂંકમાં આ લેખ દ્વારા એ સમયના સાક્ષર વર્ગમાં સ્થાન ધરાવતા વૈદ્યરાજોએ સ્ત્રીઓની મૂળ સમસ્યા અને તેમાંથી જન્મતી અન્ય સામાજિક સમસ્યાઓની ચર્ચા કરી છે. પ્રસ્તુત લેખમાં શુદ્ધ તબીબી મુદ્દા તો ચર્ચાયા છે એ ઉપરાંત ઉપરનિર્દિષ્ટ ચર્ચાને અનુલક્ષીને આ લેખ સામાજિક વિજ્ઞાનોની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ જણાય છે.

અત્રે પ્રગટ કરેલો લેખ કોઈપણ પ્રકારના શબ્દોના ફેરફાર વગર છાપ્યો છે. જેથી સાડા આઠ દાયકા પહેલાંના સમાજનું ચિત્ર યથાતથ જળવાઈ રહે, જોકે તેમાંની જોડણીગત અશુદ્ધિ દૂર કરી છે. **-સંપાદક**

---

આરોગ્યશાસ્ત્રના નિયમ પ્રમાણે વિવાહસંબંધ નક્કી કરવામાં વરકન્યાની લાયક ઉમ્મર શોધવી અત્યંત આવશ્યક છે. સામાજિક સુખ-દુઃખ, વિવાહનો ઉદ્દેશ, જિંદગીની સફળતા તથા નિષ્ફળતા તથા પ્રજાનું સારા-નરસાપણું અથવા રોગી-નીરોગિતા વગેરે અગત્યના વિષયો ઉમ્મરના નિયમ ઉપર ખાસ આધાર રાખે છે.

હાલની પ્રજાની શારીરિક તથા માનસિક દુર્બળતા દૂર કરવામાં વરકન્યાની ઉમ્મર નક્કી નહિ કરતાં, અન્ય અનેક પ્રયત્નો કરવાથી પણ ફતેહ મળવાની આશા વ્યર્થ છે. અને જેને પરિણામે પ્રજા પણ સારી વીર્યવાન થવી અસંભવિત છે.

જો લગ્નનો મુખ્ય ઉદ્દેશ પ્રજોત્પત્તિ એટલે કે પ્રજા ઉત્પન્ન કરવાનો હોય અને તે પ્રજા પણ વીર્યવાન, બળવાન, કાંતિવાન, બુદ્ધિમાન, દીર્ઘાયુષી તથા તંદુરસ્ત (નીરોગી) થાય એ પણ જ્યારે આ ઉદ્દેશમાં સમાયેલું હોય ત્યારે વરકન્યાના જે વયમાં વિવાહસંબંધ નક્કી થવાથી ઉપરના બંને ઉદ્દેશો સર્વ પ્રકારે સંપૂર્ણ જળવાય તે વયમાં વિવાહસંબંધ કરવો યોગ્ય છે તેમાં લેશ પણ સંદેહ નથી.

ભગવાન ધન્વન્તરિના મત પ્રમાણે :-

'લગ્નસમયે વરની ઉમ્મર ૨૦ થી ૨૫ વર્ષની તથા કન્યાની વય ૧૪ થી ૧૬ વર્ષની હોવી આવશ્યક છે, કારણ તે સમયે તેઓ બંનેમાં સમાન વીર્ય તથા રજની ઉત્પત્તિ થયેલ હોય છે.'

સુશ્રુતકાર કહે છે : ૨૫ વર્ષની વયના પુરુષે ૧૨ વર્ષની કન્યા સાથે વિવાહસંબંધ કરવો યોગ્ય છે પરંતુ તેણી જ્યાં સુધી ૧૬ વર્ષની થાય નહિ ત્યાં સુધી ગર્ભાધાન થવું ઈષ્ટ નહિ.

આ પ્રમાણે વર્તન કરવાથી ધર્મ, અર્થ, કામ તથા પ્રજા યોગ્ય ઉમ્મરે પ્રાપ્ત થાય છે. ઉપર જણાવેલ વયના

પ્રમાણથી કમતી વયમાં જો કદાચ ગર્ભ ધારણ થઈ જાય તો ગર્ભ નષ્ટ થાય છે અગર ગર્ભ-પતન થાય છે. કદાચ ઈશ્વરકૃપાએ પૂરે મહિને બાળકનો જન્મ થયો તો તેનું અકાલિક મૃત્યુ થાય છે અગર જો જીવંત રહ્યું તો તે બાળક અતિશય દુર્બળ, અનેક રોગોનું ઘર તથા જન્મારા સુધી રોગિષ્ટ રહે છે, તેટલા જ માટે સ્ત્રીઓને માટે ૧૬ વર્ષની વયની અંદર ગર્ભધારણ હાનિકારક છે તથા પુરુષને ૨૫ વર્ષની અંદર સ્ત્રીસમાગમ હાનિકારક છે. (હિતકારક નથી). ઉપર પ્રમાણેનો પ્રતિબંધ ભારતવર્ષમાં સુમારે ચાર હજાર વર્ષો પહેલાં પ્રચલિત હતો. ત્યારબાદ આયુષ્યમર્યાદા કમતી કમતી થવાને લીધે તથા બીજાં અનેક કારણવશાત્ વરકન્યાની વચ્ચે ઉમ્મરનો આટલો બધો તફાવત યોગ્ય નથી એમ લાગવાથી વાગ્ભટ્ટાકારે નીચે બતાવેલ નિયમ મુજબ લગ્નસંબંધ કરવાથી કોઈ જાતનું અનિષ્ટ પરિણામ નીપજવા સંભવ નથી.

વાગ્ભટ્ટાકાર કહે છે :-

पूर्णषोडशवर्षा स्त्री पूर्णविंशेन संगता ।<br>
शुद्धे गर्भाशये मार्गे रक्ते शुक्रेऽनिळेहृदि ॥१॥<br>
वीर्यवंतं सूतं सूते ततो न्यूना द्वयोः पुनः ।<br>
रोग्यल्पायुरद्धन्यो वा गर्भो भवति नैव वा ॥२॥

ભાવાર્થ : ૧૬ વર્ષ જેણે સંપૂર્ણ કર્યાં છે એવી કન્યા તથા ૨૦ વર્ષની ઉમ્મરનો પુરુષ, એ બંનેના સંયોગથી ઉત્પન્ન થનારી પ્રજા બળવાન, પરાક્રમી, નીરોગી, પૂર્ણાયુ તથા વીર્યવાન થાય છે, ફક્ત તેઓ બંનેને કોઈ જાતનો વિકાર નહિ હોવો જોઈએ એટલે કે સ્ત્રીને કોઈપણ પ્રકારનો જનનેંદ્રિયનો રોગ (યોનિરોગ, ગર્ભાશયનો રોગ) તથા પુરુષને ઉપદંશ, પ્રમેહ વગેરે રોગ થયેલ નહિ હોવા જોઈએ. તાત્પર્ય કે સ્ત્રીનું આર્તવ તથા પુરુષનું વીર્ય નિર્દોષ એટલે કે ગર્ભધારણને યોગ્ય હોવું જોઈએ.

જો આ નિયમમાં ગોટાળો થયો તો તેનાથી ઉત્પન્ન થનારી પ્રજા દુર્બળ, રોગિષ્ટ, અલ્પ બુદ્ધિવાળી તથા અલ્પ આયુષ્યવાળી થાય અગર કેટલાએકમાં ગર્ભ ધારણા જ અસંભવિત હોય છે.

ઉપરના બંને શાસ્ત્રકારોના મત ઉપરથી એમ નક્કી કરવામાં આવ્યું છે કે લગ્નસમયે કન્યાની ઉમ્મર ૧૪ થી ૧૬ વર્ષની તથા વરની ઉમ્મર ૧૮ થી ૨૦ વર્ષની હોવી જોઈએ કે જે સમયે બંનેની અંદર સમાન વીર્યની તથા રજની ઉત્પત્તિ થયેલ હોય છે. એ જ નિયમ હાલના શારદાબીલે પણ પ્રચલિત કરવા કાયદો ઘડેલ છે, જે કોઈ પણ રીતે અયોગ્ય નથી પરંતુ ઊલટો વખાણવા લાયક છે જેનું દરેક મનુષ્યે પાલન કરવું અત્યાવશ્યક છે.

આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિથી તથા વ્યાવહારિક દૃષ્ટિથી પણ ઉપરોક્ત નિયમ ઘણો જ વખાણવા યોગ્ય છે. છતાં પણ જમાનાને અંગે તથા રૂઢિના પ્રાબલ્યને લીધે તથા ભારતના એક ખાસ ગુણને લીધે અનેકવાર આવા ઉત્તમ નિયમને પણ તિલાંજલિ અપાતી દૃષ્ટિગોચર થાય છે જેનું અનિષ્ટ પરિણામ આપણે જ ભોગવી રહ્યા છીએ.

વીસમી સદીના સુધરેલા જમાનાના પ્રાબલ્યને લીધે હાલના શારદાબીલે કન્યાની ઉંમર ૧૪ વર્ષની તથા વરની ઉંમર ૧૮ વર્ષની રાખેલ છે એવી મર્યાદાના બારામાં આ બીલ કોઈ પણ રીતે વખોડવા યોગ્ય નથી.

સાધારણ રીતે મનુષ્ય-જિંદગીની ત્રણ અવસ્થા વૈદકશાસ્ત્રકારોએ માનેલી છે, તેમાં પણ લગ્નને માટે નીચે જણાવેલો નિયમ નક્કી કર્યો છે.

૧ થી ૧૩ વર્ષની વય સુધી બાલ્યાવસ્થા.

૧૪ કે ૧૬ થી ૪૦ વર્ષ સુધી યુવાવસ્થા.

૪૦ થી ૬૦ વર્ષની વય સુધી અને તેની ઉપર વૃદ્ધાવસ્થા.

તદ્દન નાની ઉંમરમાં તથા વૃદ્ધ ઉંમરમાં સંતતિ પ્રાપ્ત થવાથી પ્રજા દીર્ઘાયુ તથા બળવાન થતી નથી જેથી પૂર્ણ યુવાવસ્થાથી તે વૃદ્ધાવસ્થાની શરૂઆત સુધીનો કાળ પ્રજોત્પત્તિને માટે અત્યંત યોગ્ય છે.

આપણો દેશ સમશીતોષ્ણ કટિબંધનો હોવાથી સ્ત્રીઓ ૧૪ થી ૧૬ વર્ષની વયે ઋતુમતી થાય છે. અને પુરુષો ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરે સંપૂર્ણ યૌવનમાં આવે છે અને તેઓની વૃદ્ધાવસ્થાનો પ્રારંભ ૪૦ થી ૪૫ વર્ષની વયે થાય છે. પશ્ચિમનો પ્રદેશ શીતકટિબંધનો હોવાથી ત્યાંની પ્રજામાં યૌવન મોડું આવે છે અને તેને અંગે સ્ત્રીઓ ઋતુમતી મોડી થાય છે એટલે લગભગ ૧૮ વર્ષની ઉંમર બાદ ઋતુ પ્રાપ્ત થાય છે, તેમજ બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં વયનું પ્રમાણ

પણ આપણા કરતાં વિશેષ હોય છે. આપણે ત્યાં ૪૦ થી ૬૦ વર્ષની વય વૃદ્ધાવસ્થાની ગણાય છે બલકે ૬૦ વર્ષની ઉંમર ભોગવનારનું પ્રમાણ પણ ઘણું જ જૂજ હોય છે એટલે કે તેટલી ઉંમર સુધી કોઈ ભાગ્યશાળી જ પહોંચે છે, જ્યારે ઇંગ્લાંડમાં ૬૦ વર્ષની ઉંમરનો માણસ (પુરુષ તથા સ્ત્રી) લાકડીના ટેકા સિવાય ધમધમ ચાલતો હોય છે, ત્યાં આગળ ૫૫ થી ૬૦ વર્ષની વયે લગ્ન કરનારનું પ્રમાણ પણ ઘણું હોય છે.

વર તથા કન્યા બંનેની ઉંમર વચ્ચે ઉપર મુજબનું અંતર હોવું આવશ્યક છે તેમજ તંદુરસ્ત મનુષ્યે ૨૦ થી ૨૫ વર્ષની વય બાદ પોતાની સ્થિતિ સ્ત્રીનું તથા એકાદ બચ્ચાનું પાલન કરવાને યોગ્ય હોય તો જ લગ્નસંબંધ કરવો એટલે કે પુરુષનો વિવાહસંબંધનો સમય પણ તેટલો જ હોવો જોઈએ. સ્ત્રી ઋતુમતી થયા પહેલાં વિવાહ ભલે થાય પણ પુરુષ-સંસર્ગ તો ઋતુ પ્રાપ્ત થયા બાદ જ થવો જોઈએ નહિતર તેથી તેમની સુખાકારીનો ભંગ થાય છે અને સ્ત્રીને ગર્ભાવસ્થાસમયે પીડા તથા પ્રસવસમયે બહુ જ કષ્ટાવું પડે છે તથા પ્રજાને અનેક પ્રકારનાં દર્દો થાય છે.

કેટલીક જ્ઞાતિઓમાં છોકરીઓના વિવાહ ૯ થી ૧૦ વર્ષની વયે થાય છે તથા અપવાદરૂપ કડવા કણબી વગેરે કોમોમાં બચ્ચાંના ઘોડિયામાં લગ્ન થાય છે. વળી તેથી પણ આગળ વધીને ગર્ભાવસ્થામાં પણ છોકરા છોકરીનાં લગ્ન થાય છે તેમ જ નાતરીયા વર્ણમાં પણ બહુ જ બાલ્યાવસ્થામાં લગ્ન થાય છે તે અત્યંત શોચનીય છે, જો કે આ બાબતમાં સરકાર તરફથી **શારદાબીલ** નામનો ચોક્કસ કાયદો મૂકવામાં આવ્યો છે જેથી કરીને બાળલગ્ન ઉપર કાંઈક અંકુશ રહેશે પરંતુ તેથી વૃદ્ધલગ્ન ઉપર અંકુશ રહે તો સારું. છતાં પણ બાળલગ્નનો શોખીન પ્રજા તેને માટે નિર્માણ કરેલ દંડ ભરીને પણ લાભ લીધા વિના ચૂકશે નહિ.

બાળલગ્નથી બાળવિધવાનું પ્રમાણ વધે છે જેને માટે ઊંચ વર્ણના હિંદુઓએ ખાસ લક્ષ રાખવાનું છે.

જે છોકરીના ૯ થી ૧૦ વર્ષની વયે લગ્નસંબંધ થાય છે તે ૧૧ થી ૧૨ વર્ષની વયે ઋતુમતી થાય છે અને ૧૩ થી ૧૪ વર્ષની કુમળી વયે સંતાન પ્રાપ્ત કરે છે એટલે એક છોકરાની મા થાય છે, જે સમયે તેણીને છોકરાં સાચવવાનું જરા પણ જ્ઞાન હોતું નથી, આટલી નાની વયમાં ઉત્પન્ન થયેલ પ્રજા નિર્વીર્ય, નિસ્તેજ, રોગિષ્ટ અને અલ્પાયુષ ધરાવનારી હોય છે. બાળકનું મરણપ્રમાણ ૧ થી ૫ વર્ષની અંદર વિશેષ હોય છે તેનું કારણ પણ બાળલગ્ન જ માની શકાય.

નાની ઉંમરના માબાપનાં છોકરાં ઘણીખરી રીતે તેજહીન હોય છે.

૧. ગ્રીસના કેટલાએક ભાગમાં બાળલગ્નની ખરાબ રૂઢિ ચાલુ હોવાથી ત્યાંની પ્રજા શરીરે બહુ જ દુર્બળ રહેતી.

૨. ફ્રાંસમાં પણ એક વખત લશ્કરમાં ભરતી કરવાને સબબે બાળલગ્નનો પવન ચાલ્યો જેથી કીડાની જેમ જલદીથી વંશવૃદ્ધિ થવાથી પ્રજામાં એક જાતનો જીવલેણ રોગ ફેલાયો.

વળી વધારામાં બાળલગ્નથી ઉત્પન્ન થયેલ છોકરાં, આંધળાં, લૂલાં, લંગડાં, મૂંગાં, બહેરાં, કુબડાં વગેરે ખોડખાંપણવાળાં હોય છે, અને પ્રસૂતાને પણ અત્યંત વિપત્તિ વેઠવી પડે છે જેમકે ગર્ભનષ્ટ, જોડિયાં સંતાન, મૃતસંતાન, કષ્ટપ્રસવ વગેરે. આ સર્વ બાબતમાં પણ બાળલગ્નનું જ મ્હોટામાં મ્હોટું કારણ છે, અને તેને અંગે ઘણાં બચ્ચાંઓ તથા માતાઓ અકાળમૃત્યુના પંજામાં સપડાઈ જાય છે.

આપણા દેશમાં સ્ત્રીઓ વહેલી ઋતુમતી થતી હોવાને લીધે ધાર્મિક તથા વ્યાવહારિક દૃષ્ટિએ પણ ૧૪ વર્ષની વયથી વહેલાં લગ્ન કરવાં બિલકુલ ઇષ્ટ નથી ત્યારે બાળલગ્નનો રિવાજ તો ક્યાંથી જ સ્તુતિપાત્ર હોઈ શકે.

જેમ બાળલગ્નથી બાળવિધવાનું પ્રમાણ વધે છે તે જ પ્રમાણે વૃદ્ધલગ્નથી પણ એ જ પરિણામ આવે છે છતાં પણ કન્યાવિક્રયના શોખીન માબાપો દ્રવ્યની લાલસાથી બીજવર, ત્રીજવર, ચોથવર બલકે ગમે તેટલા વયોવૃદ્ધ મુરતિયા સાથે કન્યાને પરણાવતાં જરાપણ મનમાં આંચકો ખાતા નથી જેનું પરિણામ વરસ છ મહિનામાં દીકરી વિધવા થઈને બાપના ઘરનો ખૂણો શોભાવે છે.

બાળલગ્ન સાથે વૃદ્ધલગ્ન પણ તેટલા જ પ્રમાણમાં હાનિકારક છે. सुज्ञेषु किं बहुना ।

સંકલન : **નલિની કિશોર ત્રિવેદી**

# સમકાલીન ગુજરાતી સમાજ : એક પુસ્તક પરિચય

-પુનિતા અરુણ હર્ણે

ભાષાકેન્દ્રી રાજ્યરચનાના પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું નથી. ૧૯૬૦માં તેને રાજકીય અસ્તિત્વ મળ્યું ત્યારથી માંડીને આજદિન સુધી ગુજરાત રાજ્યે જે રીતનો સામાજિક, આર્થિક, રાજકીય, ઐચ્છિક, અનૈચ્છિક, આયોજિત, આડેધડ, અણછાજતો, વાજતો, ગાજતો જે કંઈ વિકાસ કર્યો છે અથવા નથી કર્યો અથવા જેવો અને જેટલો કર્યો છે તેનો 'તત્કાલીન ગુજરાત' થી 'સમકાલીન ગુજરાત' સુધીની પરિસ્થિતિનો ચિતાર આપે તેવો ગુજરાતી ભાષામાં કોઈ સંદર્ભસંચય હોય તેની અત્યંત આવશ્યકતા હતી. તેની આપૂર્તિ કરી શકે તેવાં પુસ્તકોની શ્રેણીમાં તે ગરજથી આ પુસ્તક 'સમકાલીન ગુજરાતી સમાજ'ને જોવામાં, જાણવામાં આવ્યું છે. સમાજશાસ્ત્રની વિધામાં શાસ્ત્રીય ઢબે તૈયાર થયેલું આ પુસ્તક અભ્યાસ અને અનુભવની પૃષ્ઠભૂમિમાંથી નિષ્પન્ન થયેલા લેખોનો સંગ્રહ છે.

ગુજરાત સામાજિક સેવામંડળ વતી ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિગ્રંથનિમિત્તે પ્રગટ થયેલ આ પુસ્તક વર્ષ ૨૦૧૧માં યોજાયેલ પરિસંવાદ 'ગુજરાતનાં પચાસ વર્ષ'ના શોધલેખોને આધારે તૈયાર થયું છે. ૨૨૮ પાનામાં ગુજરાતના ૧૭ વિષયનિષ્ણાતોએ આપેલા પોતાના અભ્યાસનાં તારણો આ પુસ્તકમાં છે. પુસ્તકની પ્રસ્તાવનામાં સંપાદક વિદ્યુત જોષી આ અભ્યાસને પચાસ વર્ષના ગુજરાતના સમયનું ખંડ દસ્તાવેજીકરણ અને સમજૂતી છે એમ જણાવે છે. ડૉ. વિમળ પી. શાહના ડૉ. તારાબહેન પટેલ અંગેના લેખથી ગુજરાતમાં સમાજશાસ્ત્રનું શિક્ષણ, માહોલ, અભ્યાસક્રમ અને નવતર પ્રયોગો કેવા હતા તેની માહિતી મળે છે.

ગ્રંથનો ઉઘાડ 'મૂલ્ય' અંગેની તાત્ત્વિક ચર્ચાથી થાય છે. મૂલ્ય જેવા સાપેક્ષ અને અતિ પરિવર્તનીય ચલ અંગે લખાયેલ વિદ્યુત જોષીના લેખ 'ગુજરાતની મૂલ્યસૃષ્ટિ'માં ગુજરાતની મૂલ્યસૃષ્ટિની વ્યાખ્યા, ગુજરાતની પ્રજાનાં જેવાં છે તેવાં મૂલ્યો, તે બંધાવાનાં પ્રાદેશિક, સામાજિક, આર્થિક કારણો, 'ફાયદા'ણી વૃત્તિની પૃષ્ઠભૂમિ, વિવિધ શાસકીય વ્યવસ્થાઓ વચ્ચે ટકી રહેલી મહાજન-સંસ્કૃતિ, ધર્મ-આધારિત અનુદાન-સંસ્કાર, વિકાસની બદલાતી ચલના, લવાદની જોગવાઈ, જન્મજાત ઊંચનીચક્રમ, સાધુસંતોની દોરવણી, અહિંસા અને જીવદયા, હિંસા-માંસાહારનું જ્ઞાતિ-આધારિત મહિમામંડન, વિજ્ઞાનનું શિક્ષણ ખરું પણ વૈજ્ઞાનિક અભિગમનો અભાવ, દાર્શનિક સમાજ વિકસાવવા માટેની અશક્તિ, ફાયદાકેન્દ્રી વ્યવહારવૃત્તિ, જેવી અનેક બાબતોને સમાવી લેવામાં આવી છે. લેખ ગુજરાતીઓનો ધર્મ એટલે વ્યવહારુવૃત્તિ અને સંઘર્ષને બદલે સમાધાનવૃત્તિ એવું તારવે છે.

'ગુજરાતના વિકાસનો સામાજિક સંદર્ભ' નામના લેખમાં વિકાસનો અંતિમ હેતુ વ્યક્તિ પોતે જ છે એ વાતને કેન્દ્રમાં લઈને વિકાસસંબંધી વિચારણાને ચકાસવામાં આવી છે, જેને સ્પષ્ટ કરતાં જોષી વિકાસનો કે અભાવનો સામાજિક સંદર્ભ સમજવાની હિમાયત કરે છે. ગુજરાત પ્રદેશની ત્રણ પેટા સંસ્કૃતિઓ, વિશેષમાં પૂર્વનો આદિવાસી વિસ્તાર, વિવિધ આદિવાસી જાતિઓ, ગાંધીજનોને કારણે થયેલો સામાજિક, શૈક્ષણિક વિકાસ જેવા વિષયને સમજવા તથા ગુજરાતમાં રોકાણક્ષમ મજૂર વિસ્તારો અને તેનાં કારણો સમજાવતો આ લેખ બિન-આદિવાસી આયોજકો દ્વારા આદિવાસી વિસ્તારમાં વિકાસનાં જે કાર્યો થાય છે તે અને તેનાં પરિણામોનાં વિવિધ પરિમાણની ચર્ચા કરે છે.

'ગુજરાતની બદલાતી રાજકીય સંસ્કૃતિ'માં યોગેન્દ્ર માંકડ રાજકારણ, રાજકીયપ્રથા અને રાજકીય સંસ્કૃતિનો સહસંબંધ, આંતરિક અવલંબન અને આ ત્રણેયનો જેના પર આધાર છે તેવા સંવેદનશીલ-અકળ ચલ (critical variables)ની વાતને સમાજશાસ્ત્રીય લેખનની માળખાગત શૈલીમાં રજૂ કરે છે. વિષયની પૂર્વભૂમિકાની માંડણી કરીને લેખક રાજકીય ગતીકી, ભારતની બહુસાંસ્કૃતિકતા, ગુજરાતનો જન્મ, તેનો અસ્તિત્વદ્વંદ્વ અને ગુજરાતની ઓળખ એવી મહાજન-સંસ્કૃતિનો રાજ્યવ્યવસ્થાના

ટેકારૂપ પરિબળ તરીકેનો ઉપયોગ સમજાવે છે. ગુજરાતના સાંસ્કૃતિક પરિવર્તન માટેના ધ્યાનમાં રાખવા જેવાં ૬ પરિબળોને જણાવીને લેખક તેનો વિચારવિસ્તાર કરે છે. ગુજરાતમાં ત્રીજા રાજકીયપક્ષ કે સ્થાનિક/પ્રાદેશિક રાજકીય પક્ષની ગેરહાજરી અને વર્તમાન મુખ્યમંત્રીના ઉદય અને વિકાસની ઘટનાનાં કારણોને સમજાવે છે. સામાજિક મૂડી, સમાજમાંથી કોરાણે મુકાવું, અથવા તેવી લાગણી થવી (હિન્દીમાં તેને માટે નિષ્કાસિત જેવો શબ્દ છે, (exclusion) વ્યાવર્તન, રાષ્ટ્રીય સલામતી રાજ્ય, સત્તા અને કાર્યવહન માટે રચેલું તંત્ર (Penepticon, બધું જ જોઈ શકનાર) અને પછી બધું જ કરી શકનારમાં તબદીલ થઈ જતું તંત્ર-નિરંકુશતાને તાર્કિક રીતે સમજાવતો આ ભાગ રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એમ બંને વિધાઓના અભ્યાસમાં જોડતી કડીરૂપ છે.

'ગુજરાતમાં જ્ઞાતિ અને જ્ઞાતિજનો' લેખમાં ગૌરાંગ જાનીએ ગુજરાતમાં જ્ઞાતિ અને તેની પૃષ્ઠભૂમિ, તેના અધ્યેતાનાં ઉદાહરણો, સંદર્ભો અને શોધકાર્યોની નોંધથી ગુજરાતમાં જ્ઞાતિપ્રથાની તરેહ સ્પષ્ટ કરી છે. વ્યક્તિની જન્મજાત ઓળખને છતી કરતી આ બાબત ગુજરાતમાં સ્થૂળ અને સૂક્ષ્મ સ્તરે કેવી રીતે વિદ્યમાન છે તેની ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે.

ઓગણીસમી અને વીસમી સદીના ગુજરાતમાં જ્ઞાતિ, તેનાં મંડળો, તેની સત્તા, તેનું મહત્ત્વ, તેની કામગીરી, તેનો સામાજિક અર્થ, હસ્તક્ષેપ અને સામાપ્રવાહે ગાંધીજીના નેજા હેઠળનું આઝાદી આંદોલન-જેમાં અસ્પૃશ્યતાનિવારણ એ તેમની પાયાની શરત. આ તમામની વચ્ચે ગુજરાતની જ્ઞાતિ, વર્ગીકરણ, સૌરાષ્ટ્રની અન્ય પછાત કોમ, જ્ઞાતિઓનો કોટીક્રમ, જ્ઞાતિ અને રાજકારણ, જ્ઞાતિ અને શિક્ષણ અનામત વ્યવસ્થા અને આંતર-પેઢી ગતિશીલતા, સવર્ણવાદમાંથી હિંદુત્વવાદ તથા ગુજરાતની સામાજિક-આર્થિક ગતિશીલતામાં પાટીદારોની મહત્તા તથા તે માટેનાં પરિબળોને તારવીને આપ્યાં છે.

એ જ પરંપરામાં 'સૌરાષ્ટ્રના અન્ય પછાત વર્ગોમાં બદલાવ' લેખમાં હરેશ એસ. ઝાલાએ અગાઉના લેખના અનુસંધાને હોય તેમ છતાં વિસ્તાર અને વિશ્લેષણથી આલેખ રજૂ કર્યો છે. સૌરાષ્ટ્રમાં ઓબીસી જ્ઞાતિસમૂહ, તેનું ઐતિહાસિક અવલોકન, તેઓમાં શિક્ષણ અને સ્થળાંતરનાં કારણો આપીને તેમના વિકાસનાં કારણોની સ્પષ્ટતા વિસ્તારથી કરી છે.

'દરેક જ્ઞાતિ પોતાનું એક રોલ મોડલ રાખે છે.' લેખકનું આ વિધાન સામુદાયિક સ્તરે પરિવર્તન માટેનું કેટલું મહત્ત્વનું કારણ બની રહે છે તે આ લેખમાં સ્પષ્ટ કર્યું છે.

'ગુજરાતમાં આદિવાસી વિકાસદર્શન'માં વિદ્યુત જોષી ગુજરાતના ત્રણ સાંસ્કૃતિક વિભાગોમાંથી પૂર્વપટ્ટી અને તેના નિવાસી આદિવાસીઓ, તેમના વિસ્તારો, તેમની તુલનાત્મક ઓળખ, વિશેષતાઓ, વસ્તી, સામાજિક ધાર્મિક તહેવારો, માન્યતાઓ, આદિવાસીઓમાં ઊંચ-નીચ ક્રમ, મધ્ય અને દક્ષિણના આદિવાસીઓની ભિન્નતા, વિશેષતા, તેની ઐતિહાસિક વિગતોને વણી લઈને તત્કાલીનથી સમકાલીન સ્થિતિનો ચિતાર આપ્યો છે. વિકાસદર્શનની સંભવિત દિશા કઈ હોઈ શકે તે સમજાવીને તેઓ અંતે નહેરુના પંચશીલના સિદ્ધાંતોની હિમાયત કરે છે.

'ઉચ્ચ શિક્ષણમાં દલિતોનો સમાવેશી વિકાસ'માં મંજુલા લક્ષ્મણ ગુજરાતમાં છેલ્લાં ૫૦ વર્ષમાં દલિતોના ઉચ્ચ શિક્ષણમાં આવેલાં પરિવર્તનો સમજાવવા માટે તુલનાત્મક શિક્ષણ-દર, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્યતા, સહભાગિતાની વિગતો સમજાવીને તેની દલિતેતર વર્ગ સાથે સાપેક્ષતા પણ ચકાસી છે. નીચી સહભાગિતાનાં કારણો પણ તેમણે તારવ્યાં છે અને ઉચ્ચ શિક્ષણમાં સમાવેશી વિકાસ કેવી રીતે હાંસલ કરી શકાય તેનાં સૂચનો પણ આપ્યાં છે.

'દલિતો અને દલિત સાહિત્ય' એક વિસ્તૃત અભ્યાસ લેખ તરીકે તાર્કિક માંડણી અને વિસ્તાર સાથે વિષયની ગહન સમજ આપે છે. લેખમાં જોષી દલિતની વ્યાખ્યાથી માંડીને દલિત સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ, દલિતોનું પ્રદાન, બિનદલિતોનું પ્રદાન, તેની પૃષ્ઠભૂમિમાં રહેલાં કારણો, આંદોલનો, સમાંતર સામાજિક કારણોને સમજાવી

આપે છે. દલિત સાહિત્યનું સ્વરૂપ, કથાનક, સર્જનાત્મકતા, તે માટેના શબ્દો, કલ્પનો, ઉપમાઓ, તેનાં કારણો વગેરેને વિસ્તારથી સમજાવે છે. લેખના અંતે દલિત સાહિત્યના દિશાદોર અને વર્તમાન તરેહ અંગે નિરીક્ષણ પણ આપ્યાં છે.

'ગુજરાતમાં કોમી અથવા સાંપ્રદાયિક સંબંધો' અંગેના લેખમાં દિનેશ શુકલે બહોળા સામાન્યીકરણનો આધાર લઈને અમદાવાદ પૂરતા મર્યાદિત રહીને આત્મલક્ષી અવલોકનો આપ્યાં છે. કોમી હુલ્લડોની વિગતો, તેની સામાજિક ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, પારસ્પરિક પરિચય ઓછો થતો હોવાનાં કારણો, 'ઘેટોઆઈઝેશન'ની પ્રક્રિયા, શિક્ષણનું વધતું કે ઘટતું પ્રમાણ, જાહેરજીવનમાં સામેલગીરી, શહેરીકરણ તથા વૉટબૅન્કનું રાજકારણ જેવા મુદ્દા સ્પષ્ટ કર્યા છે. લેખના અંતે તેમણે સદ્‌ભાવનાનું વાતાવરણ ઊભું કરવા માટેનાં સૂચનો કર્યાં છે.

'સમકાલીન ગુજરાતમાં સ્ત્રીઓનું સ્થાન' લેખમાં ઈલા પાઠકે 'સ્ત્રીઓ એટલે વ્યક્તિ નહિ' એમ કહીને સ્ત્રીના અર્થોપાર્જન, તેની મૂડી પરનો તેનો હક, તેના આરોગ્યની સ્થિતિ, ભ્રૂણહત્યા, કૌટુંબિક હિંસા, વહીવટી તંત્રની ઉદાસીનતા, સ્ત્રીઓના અપમૃત્યુ, ન્યાયનો અભાવ, કે વિલંબ જેવી બાબતોને દૃષ્ટાંતો સાથે સ્પષ્ટ કરી છે.

'ગુજરાતમાં સ્ત્રીઓનો આરોગ્યવિષયક દરજ્જો' નામક લેખકમાં બિનોદ સી. અગરવાલ માતા અને બાળકોના આરોગ્યસંદર્ભે કરાયેલા અહેવાલોને તપાસીને ગુજરાતમાં આરોગ્યસંભાળની સુધારણા માટેના રાજ્ય સરકારના હસ્તક્ષેપથી ઊભી થતી વિષમતાઓને અલગ તારવી આપે છે.

'ગૌરવ સાથે વિકાસ : આર્થિક પરિપ્રેક્ષ્યમાં' ઇન્દિરા હિરવેએ માનવજાત માટે ગૌરવની અનિવાર્યતા, તેના આધારિત કે તેની સાથે વિકાસ, આવર્તિત વૃદ્ધિ જેવા પરંપરાગત રીતે અર્થશાસ્ત્રના ગણાતા પ્રશ્નોને સમાજશાસ્ત્રની પૃષ્ઠભૂમિમાં સમજાવી આપ્યા છે.

'ગુજરાતના વિકાસના પાંચ દાયકા'માં રમેશ બી. શાહ ગુજરાતમાં જે વિકાસ સધાયો છે તેનું શ્રેય પ્રાદેશિક ખાસિયતોને આપે છે. ૧૯૫૧-વીસમી સદીના ઉત્તરાર્ધથી વિકાસ-ઉન્મુખ દેશોમાં કયાં કયાં પરિવર્તનો આવ્યાં અને ગુજરાતમાં આ પરિવર્તનો કેટલી ઝડપથી (અન્ય રાજ્યોની તુલનાએ) આવ્યાં એ પણ તેમણે સ્પષ્ટ કર્યું છે. માનવવિકાસ, કૃષિવિકાસ, ઔદ્યોગિક વિકાસને વિસ્તૃત ચર્ચીને, ઐતિહાસિક વિગતોના સંદર્ભે સમકાલીન વિગતોને આવરીને મૂલ્યાંકન કરતો આ લેખ એક દસ્તાવેજી લેખ બની રહે છે.

'ગુજરાતની આર્થિક વૃદ્ધિનાં વલણો'ને હેમંતકુમાર શાહે અન્ય ઘરેલું ઉત્પાદન, અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રોનો ફાળો, ખેતી, ઉદ્યોગો અને સેવાઓનો તુલનાત્મક ફાળો, જે તે મુખ્યમંત્રીના સેવાકાળ દરમિયાન નોંધાયેલ સરેરાશ વાર્ષિક વૃદ્ધિ-દર, અને ગુજરાતના અર્થતંત્રમાં જે માળખાગત પરિવર્તન આવ્યું તેને સમજાવ્યું છે.

એન. રાજારામે 'સહકારી મંડળીનાં પચાસ વર્ષ' લેખમાં ગુજરાતની સહકારી મંડળીનો ઇતિહાસ, તેનો વિકાસક્રમ, ખાનગીકરણની તેના પર અસર, ટેકનોલોજીને કારણે તેની સામે ઊભા થયેલા પડકારો, રૂ-કપાસ ક્ષેત્ર, દૂધ ક્ષેત્ર, ગુજરાતમાં સહકારી મંડળીઓનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ, ઉદારીકરણની અસર, અનુદારીકરણનો તબક્કો સમજાવીને ગુજરાત રાજ્યની સ્થાપના અગાઉથી અસ્તિત્વ ધરાવતા આ ક્ષેત્રમાં નવરચિત ગુજરાત રાજ્યનાં ૫૦ વર્ષ દરમિયાન જે ઉત્સાહ અને પ્રગતિના ઉતારચડાવ અનુભવ્યા છે તેની વિગતો વિસ્તારથી આપી છે.

એડવીન મસીહીએ 'ઔદ્યોગિક કામદારોની સ્થિતિ' અંગેના તેમના લેખમાં કામદારોની ઉત્પત્તિનું મૂળ, કારણો, પ્રશ્નો, મૂલ્યો, અસંતોષ, નિર્માણ/ઉત્પાદનની પ્રક્રિયા અંગે વિગતો આપીને, ગુજરાતના કામદારોની તાસીર સમજાવી છે. મિલ કામદારો અને ઔદ્યોગિક કામદારોની ઘરેડ, જ્ઞાતિ-જાતિ સાંસ્કૃતિક પરિવેશ, ભૂ-ભૌગોલિક પરિસ્થિતિ, માનસિકતા અને સમસ્યાઓનો સહસંબંધ સમજાવ્યો છે.

'આપણી સંસ્કૃતિમાં શહેરો પ્રભાવક તત્ત્વ છે.' એમ કહીને સી. એન. રે પોતાના લેખ 'ગુજરાતના

શહેરીકરણના સામાજિક મુદ્દાઓ સમજાવવા માટે આંતરરાષ્ટ્રીય અનુભવો, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણનું ભાવિ, શહેરી સમાજશાસ્ત્ર, શહેરીકરણનાં પરિબળ, ગુજરાતમાં શહેરીકરણ, શહેરી પાડોશી વિસ્તાર, સ્લમ વિસ્તારો, સ્લમ નેટવર્કીંગ પ્રાયોજના, શેરીના ફેરિયા, ગુજરાતમાં મુદ્દાઓ અને પડકારો, શહેરોનું વિશિષ્ટ મહત્ત્વ વગેરેની વિશદ ચર્ચા કરે છે.

લોકકલ્યાણનાં કામોની જવાબદારી શા માટે અને કેવી રીતે સ્વૈચ્છિક સંસ્થાઓ પર આવી પડી તેની પશ્ચાદ્ભૂ સ્પષ્ટ કરીને ગુજરાતમાં 'વિકાસની પ્રક્રિયામાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા' નામના લેખમાં સુદર્શન આયંગર અને નિમિષા શુકલે ચર્ચા કરી છે. લેખમાં આ પ્રવૃત્તિનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય, નેટવર્કીંગ કરનારી બિનસરકારી સંસ્થાઓની સમીક્ષા અને તે દ્વારા તેમનું પ્રદાન સમજાવવાનો પ્રયાસ થયો છે. તેમની કામ કરવાની શૈલીમાં કયાં કયાં પરિવર્તનો આવ્યાં, કયાં કારણોસર આવ્યાં, પ્રભાવક પરિબળ કયું હતું અને આવનારા સમયમાં કયા પડકારોનો સામનો કરવો પડશે તેની પણ ચર્ચા કરાઈ છે.

ગુજરાત ગ્રામ વિકાસ સંઘ, જનપથ, દિશા અને અન્ય સાથી લોકસંગઠન, જનવિકાસ અને સમર્થિત સંસ્થાઓ અને સંગઠન, ગુજરાત સર્વોદય મંડળ, ગુજરાત સ્વૈચ્છિક આરોગ્યમંડળ, સંગઠન ક્ષમતા મંચ, પ્રવાહ, મહિલા સ્વરાજ અભિયાન, સેવા, અવાજ, બાળમજૂરી વિરોધી અભિયાન, કચ્છ નવનિર્માણ અભિયાન જેવી સંસ્થાઓની વિગત અને કામગીરીની સમજણ આપતી માહિતી બાદ બિનસરકારી સંસ્થાઓની સમાજમાં ભૂમિકા સમજાવતા લેખકો સ્વૈચ્છિક કામગીરીની અનિવાર્યતા, તેની સફળતા, અસરકારકતા, ઔપચારિકતા, સક્ષમતા, રાજ્ય-સંસ્થા પારસ્પરિક સંબંધ, વિકાસનું દર્શન અને તે અંગેની રાજ્યની સમજ અને નિસબત જેવા મુદ્દાને ક્રમાનુસાર સાંકળે છે. સાધનશુદ્ધિની હિમાયત કરી સદા પણ સ્વમાની ભૌતિક જીવન અને સામાજિક નિસબત ધરાવતા આધ્યાત્મિક વિકાસને ગાંધીવિચારદર્શનના માળખામાં સંરક્ષિત માને છે. ૨૧મી સદીમાં બિનસરકારી સંસ્થાઓની કાર્યસૂચિ આ ક્ષેત્રે આવનારા, આ અંગે વાંચતા વિચારનારા માને અને સાચો વિકાસ કોને કહેવો એ અંગેની સ્વસ્થ ચર્ચા કરનાર માટે સહાયક બની રહે તેમ છે.

અંતે 'ગુજરાતની બદલાતી અસ્મિતા અને જીવનશૈલી' નામના લેખમાં વિદ્યુત જોષીએ 'અસ્મિતા'ના ખ્યાલને વ્યાખ્યાયિત કરી તેના સંદર્ભો, મૂલ્યો, આર્થિક-સામાજિક પરિપ્રેક્ષ્ય, પ્રજાકીય પહેલ, પ્રજાની આદતો, વિશિષ્ટ વ્યક્તિઓનું પ્રદાન જેવી લાક્ષણિકતાઓને સંયોજીને 'અસ્મિતા'નાં સાતેક જેટલાં લક્ષણો તારવ્યાં છે. જૂની જ્ઞાતિ, ઓળખ અને કામના પ્રકારો બદલાતાં નવી ઓળખ અને તેના અર્થ પ્રસ્થાપિત થાય છે. ઓળખના ઐતિહાસિક અને સાહિત્યિક સંદર્ભો પણ અહીં ચકાસવામાં આવ્યા છે. શિક્ષણ અને વિકાસથી આવેલા બદલાવને અને આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને સમાજનો/પ્રદેશનો જ્ઞાતિવાદી ચહેરો બદલવાની જે તે રાજકીય પક્ષની કામગીરીને પણ જોષી સ્પષ્ટ કરે છે. ગુજરાતના જૂના વ્યાપારી વર્ગ અને નવા વ્યાપારી વર્ગની ટેવો-મૂલ્યોની આજના યુવાનો સાથેની તુલના સાથે ગુજરાતનો વ્યાપક સમાજ ૧૯૯૦ પછી જે ઝડપથી બદલાયો છે તેની નોંધ વિશેષરૂપે કરાઈ છે.

પુસ્તકમાં લેખોના અંતે મુકાયેલી ગુજરાત અંગેની અધિકૃત માહિતી અભ્યાસુઓને ઉપયોગી થઈ શકે તેમ છે. સમૂહ-માધ્યમોના અને વિશેષ તો સમાજશાસ્ત્રના શિક્ષણમાં પોતાના પ્રદેશને સમજવો અનિવાર્ય છે. એ જોતાં આ પુસ્તકનું ગુજરાતી ભાષામાં આવી મળવું એ અનેક વિદ્યાર્થીઓની જરૂરિયાતને સંતોષી શકે. આ પુસ્તકના લેખોનો સંક્ષિપ્ત સાર-પરિચય આપવાની આ કવાયત દરમિયાન સમાજશાસ્ત્રની સૈદ્ધાંતિક શૈલી અને માળખાગત લખાણોની શાસ્ત્રીય શૈલી જાણવા મળે છે, જે સમજવી શીખવી અઘરી છે, પણ એનું અઘરાપણું જ એની શાસ્ત્રીયતાની ઓળખ છે.

❑

## • કેળવણી •

હું વ્યાવહારિક જીવનને કેળવણીનો ઉદ્દેશ માનતો નથી, પણ કેળવણીની એક ભૂમિકા માનું છું. વ્યાવહારિક-જીવન એ કેળવણી વધારવાનું એક સાધન છે, માત્ર મેળવેલી કેળવણીનો ઉપયોગ કરવાનું જ સાધન નથી. જીવન એ એક શાળા છે, મહાશાળા છે, ઘોડાઓએ પરસ્પર હરીફાઈથી દોડવાનું શર્તનું મેદાન નથી કે આજ સુધી મેળવેલી કેળવણીરૂપ એકઠો કરેલો માલ બીજા દુકાનદારોની હરીફાઈમાં વેચવાની દુકાન નથી. હું આ ભેદ પર ભાર મૂકું છું તેનું કારણ કે કેળવણી એ જાણે જીવનના વ્યવહારની હરીફાઈમાં આગળ પડવાનું સાધન જ હોય એવી સમજણ ચાલે છે, અને એ સમજણની કેળવણીના કામ ઉપર બહુ અસર થાય છે. વ્યાવહારિક જીવનમાં કેમ ફતેહ મેળવવી અને વ્યાવહારિક જીવન એટલે ધન મેળવવું, સત્તા મેળવવી, સમાજમાં પહેલી ખુરશી મેળવવી-એ જ; એવી સમજણથી કેળવણીનો ઉદ્દેશ નીચો ઉતારી પાડવામાં આવે છે. કેળવણીનો ઉદ્દેશ જીવનનું સુખ, જીવનની મોજમજા, જીવનમાં ભોગ-વિલાસ એ નથી. જીવનને વધારે જ્ઞાની, વધારે ઊંચું, ખરી સમૃદ્ધિથી વધારે સમૃદ્ધ કરવું એ જ એનો ઉદ્દેશ છે અને એ ઉદ્દેશ સફળ કરવામાં વ્યાવહારિક જીવન સાધન બને છે. તેથી તેને હું કેળવણીની અંતિમ ભૂમિકા માનુ છું. કેળવણીનો આ Idealistic યાને Spiritual Conception ઉચ્ચ આધ્યાત્મિક ભાવના ભૂલી જવાથી, કેળવણી જમીનમાં રગદોળાય છે, રાણી મટી દાસી થાય છે.

**- આનંદશંકર ધ્રુવ**

## • ભારતની અહિંસાની સાધના •

સક્રિય અહિંસા એટલે જ્ઞાનપૂર્વક સહન કરવું તે. એનો અર્થ દુષ્ટ માણસની મરજીને ચૂપચાપ તાબે થવું એવો નથી; પણ જાલીમની ઇચ્છાનો પોતાની તમામ શક્તિથી મુકાબલો કરવો એવો છે. મનુષ્યજાતિના આ કાયદા પ્રમાણે વર્તતાં એકલો માણસ પણ પોતાના સ્વમાન, ધર્મ અને આત્માના રક્ષણ માટે અન્યાયી સામ્રાજ્યના સમગ્ર બળનો સામનો કરી શકે, અને સામ્રાજ્યના પતન કે પુનર્જીવનનો પાયો નાખી શકે. તેથી હિંદને હું અહિંસાનું પાલન કરવા કહું છું તે હિંદ નબળું છે તે કારણે નહિ, પણ તે પોતાની શક્તિ અને સત્તાના ભાન સાથે અહિંસાનું પાલન કરે એમ હું ઇચ્છું છું તેથી કહું છું. એને એની શક્તિનું ભાન કરાવવા માટે શસ્ત્રો વાપરવાની તાલીમની જરૂર નથી. આપણને એની જરૂર લાગે છે કારણ આપણે માનીએ છીએ કે આપણે કેવળ માંસના લોચા છીએ. હું હિંદને એ વાતનું ભાન કરાવવા માંગુ છું કે તેને આત્મા છે જે અમર છે અને દરેક પ્રકારની શારીરિક નબળાઈઓથી પર થઈ શકે છે તેમ જ આખી દુનિયાની સંયુક્ત શારીરિક શક્તિનો સામનો કરી શકે છે.

**- ગાંધીજી**

## • સંપાદકીય •

'સમાજકારણ' સમાજ-સેવક ગટુભાઈ ધ્રુવે સ્થાપેલી સંસ્થા : સામાજિક સેવામંડળનું મુખપત્ર છે. તેમાં બધાં જ સામાજિક વિજ્ઞાનો પર આધારિત સંશોધન-લેખોને સમાવવામાં આવે છે. આ સામયિક સામાજિક પરિવર્તન અને સમાજના પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રયત્નશીલ છે. 'સમાજકારણ' ISSN No. ધરાવે છે અને સંશોધન-લેખોને પરામર્શકો દ્વારા પ્રમાણિત થયા બાદ જે-તે અંકમાં સમાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. દરેક અંકના મુખ્ય પાના નં.-૨ પર પરામર્શકોનાં નામ આપવામાં આવે છે. વિદ્વાન પરામર્શકોએ સંપાદકોનું કાર્ય હળવું કર્યું છે. ૨૦૧૪ના વર્ષનો આ બીજો અંક સમયસર જુલાઈ માસમાં પ્રકાશિત થઈ રહ્યો છે એ વાતે સંતોષ છે.

પ્રસ્તુત અંકમાં સંશોધન-લેખો ઉપરાંત ૧૯૩૦માં પ્રકાશિત થયેલો એક લેખ તેમજ ફરી એક વખત 'સમકાલીન ગુજરાતી સમાજ' પુસ્તકના પરિચયને સામેલ કરવામાં આવ્યા છે.

આજના બદલાયેલા સમય-સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની અપેક્ષા અને જરૂરિયાત મુજબ કૉલેજના અધ્યાપકો માટે લેખન અને પ્રકાશનની પ્રવૃત્તિ અનિવાર્ય બની છે. તેથી અમે અધ્યાપકોને આ સામયિકમાં પ્રકાશિત કરવા સારુ લેખો મોકલવા આમંત્રીએ છીએ. સમાજકારણમાં સંશોધન અને અભ્યાસ-લેખો ઉપરાંત પુસ્તક-સમીક્ષા, પુસ્તક-પરિચય અને સામાજિક શાસ્ત્રોને અનુલક્ષીને થયેલી પરિષદ, પરિસંવાદ કે સેમિનારના અહેવાલોને પણ સમાવવામાં આવે છે. પ્રસ્તુત અંકમાં કોઈ અહેવાલો મળ્યા નથી, પરંતુ સામાજિક વિજ્ઞાનોની પ્રવૃત્તિઓ અંગેના અહેવાલો મોકલવામાં આવશે તો સમાજકારણમાં છાપવામાં-પ્રકાશિત કરવામાં આવશે.

પ્રસ્તુત અંક પણ અગાઉના અંકોની જેમ વાચકોનો આવકાર મેળવશે. વિદ્વાનો અને વાચકોનાં જરૂરી સૂચનો લેખકો માટે અને સંપાદનકાર્યમાં સામેલ સૌને માટે આવકારદાયક બની રહેશે. આ અંકમાં એક બાબત ઉમેરવી છે કે સમાજકારણમાં પ્રકાશિત થતા સંશોધન-લેખોની કોઈ બાબતે વાચકોને પ્રશ્ન હોય કે કોઈ સ્પષ્ટતાની જરૂર લાગતી હોય તો વાચક પૂરો સંદર્ભ આપી, પોતાની રજૂઆત લખીને મોકલશે તો સામાજિક સેવામંડળના પ્રમુખ અને પરામર્શકોની સાદર સંમતિ સાથે ત્યાર પછીના તુરત જ પ્રકાશિત થનારા અંકમાં એ પ્રશ્ન કે સ્પષ્ટતાને જે-તે લેખના લેખકની સ્પષ્ટતા સાથે પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. વાચકો આ રીતે સક્રિય બનશે તો આ પ્રકાશન વધારે જીવંત બનશે.

સુજ્ઞ વાચકોને ખાસ જાણ કરવાની કે આગામી કેટલાક અંકોના પ્રકાશન માટે પ્રા. ડૉ. વિમલભાઈ શાહે, ડૉ. તારાબહેન પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ વતી પુનઃ સહયોગ કર્યો છે. સામાજિક વિજ્ઞાનની પ્રવૃત્તિને વિકસાવવામાં તેઓના આ સહયોગની સામાજિક સેવામંડળ નોંધ લે છે અને ઋણસ્વીકાર કરે છે.

**સમાજકારણ**

વર્ષ : ૮ જુલાઈ-૨૦૧૪ અંક : ૨

**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.

ISSN No. 2319-3522